સૌરાષ્ટ્ર આવૃત્તિ
શુક્રવાર, ૬ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦
MUMBAI SAMACHAR www.bombaysamachar.com
6 September 2024, Friday REGD.No. MCS/058/2018-20

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તકઃ ૨૦૩ ▪ Volume 67 ▪ Issue 213 ▪ વિક્રમ સંવત ૨૦૮૦ ▪ ભાદ્રપદ સુદ-૩ ▪ મુંબઈ

૨૦૩ વર્ષ



આદરણીય કેન્દ્રીય ગૃહ પ્રધાન

**શ્રી અમિતભાઈ શાહને**

**અત્યંત આદરપૂર્વક વંદન...**

મુંબઈ સમાચારની ૨૦૦ વર્ષની યાત્રાની સાક્ષીરૂપ ડૉક્યુમેન્ટરી **'મુંબઈ સમાચાર ૨૦૦ નોટઆઉટ'**ના વિમોચન સમારોહમાં ઉપસ્થિત રહેવાની સહમતી દર્શાવવા બદલ **આપનો ખૂબ ખૂબ આભાર.**




ભારતનું સૌથી પુરાણું વર્તમાનપત્ર
મુંબઈ સમાચાર
પ્રથમ અંકનું પહેલું પાનું
શ્રી
મુમબઈનાં શમાચાર

એશિયાના સૌથી જૂના અખબારે ૨૦૦ વર્ષ પૂરાં કરવાનો ઈતિહાસ ઘડ્યો છે. આ પ્રસંગે દેશના આદરણીય ગૃહ પ્રધાન

**શ્રી અમિતભાઈ શાહના હસ્તે**

**'મુંબઈ સમાચાર ૨૦૦ નોટઆઉટ'**

**ડૉક્યુમેન્ટરીનું વિમોચન**

રવિવાર, તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪. સાંજે ૫.૩૦ વાગ્યે.
હોટલ સહારા સ્ટાર, સફાયર બોલરૂમ,
સાંતાક્રુઝ એરપોર્ટ, વિલેપાર્લે, મુંબઈ.



આટલું જ નહીં, આ ક્ષણોને યાદગાર બનાવવા માટે
હાસ્યનો પ્રલય સર્જવા આવી રહ્યા છે,

જાણીતા હાસ્ય સુપર સ્ટાર
**સાઈરામ દવે**
હાસ્યનો હાહાકાર લઈને.

સાથે હશે
મસ્તીખોર
**મિલન ત્રિવેદી.**



## 'ખડખડાટ હાસ્ય દરબાર' હાસ્ય, લોકગીત અને સંગીત સાથેનો 'મોજનો મેળો'

### સુરક્ષાના કારણોસરઃ

★ પાસ ફક્ત આધાર કાર્ડની સામે જ આપવામાં આવશે.
★ જે વ્યક્તિના નામે પાસ આપવામાં આવ્યો હશે તેમને જ ફક્ત ફોટો ઓળખપત્ર (આધાર કાર્ડ/પાસપોર્ટ/ડ્રાઈવિંગ લાઇસન્સ) સાથે જ પ્રવેશ આપવામાં આવશે
★ ચહાની વ્યવસ્થા સાંજે ૫.૦૦થી ૫.૩૦ દરમિયાન કરવામાં આવી છે
★ કાર્યક્રમ સાંજે ૫.૩૦ વાગ્યે ચાલુ થઈ જશે અને ૬.૦૦ વાગ્યા પછી કોઈને પ્રવેશ મળશે નહીં.
★ પાણીની બાટલી સહિત કોઈપણ બેગ/સામાન લઈ જવાની પરવાનગી નથી (પાણીની વ્યવસ્થા કરાઈ છે)
★ **મર્યાદિત પ્રવેશઃ** વહેલો તે પહેલોના ધોરણે
★ **વધુ માહિતી માટે સંપર્કઃ ૯૩૨૬૧૫૨૯૪૨** (બપોરે ૧૨થી સાંજે ૬)

### આમંત્રણ પત્રિકા આજે નીચેના સ્થળેથી મળશે

**મુંબઈ સમાચાર કાર્યાલય,**
રેડ હાઉસ, એસ. એ. બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ-૧.
સમયઃ બપોરે ૧૨થી સાંજે ૬.

**એમપીજે એડવર્ટાઈઝીંગ,**
જી-૨, પ્રાગજી સુંદરજી એપાર્ટમેન્ટ, (ન્યુ મોચી બીલ્ડીંગ), નેતાજી સુભાષ રોડ, મુલુંડ પોલીસ સ્ટેશન પાસે, મુલુંડ (વેસ્ટ). સમયઃ સવારે ૧૧થી સાંજે ૫.

**ફૂડસ્પોટ,**
તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ). સમયઃ બપોરે ૧૨થી સાંજે ૫.

**ટેન્ડર એડવર્ટાઈઝર,**
ડી-૬, ગોરાગાંધી શોપિંગ સેન્ટર, સ્ટેશન સામે, બોરીવલી (વેસ્ટ).
સમયઃ સવારે ૧૧થી સાંજે ૫.

દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 213 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ સુદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 September 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૬ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## રાજાના પ્રથમ દર્શન

**સુખકર્તા દુઃખહર્તા**

સૌનાં દુઃખ હરનારા અને સુખ આપનારા બાપ્પાને વધાવવા માટે ગણેશભક્તો ગણેશજીના આગમનની તૈયારી કરી રહ્યા છે ત્યારે વિશ્વવિખ્યાત એવા મુંબઈના લાલબાગના રાજાની પહેલી ઝલક સામે આવી હતી. બાપ્પાનાં મુખદર્શન કરવા માટે ભક્તોની ભારે પ્રમાણમાં ભીડ ઊમટી હતી. (તસવીર: અમય ખરાડે)



# દેશમાં અક્ષયઊર્જા ક્ષેત્રે ક્રાંતિ આવશે: મોદી

### ૫૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જીના લક્ષ્યને ઝડપથી હાંસલ કરાશે

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે દેશમાં અક્ષયઊર્જા ક્ષેત્રે ક્રાંતિ આવશે. ઝડપ અને માપદંડ સાથે કરવામાં આવેલા કામથી ભારતને છેલ્લાં ૧૦ વર્ષમાં તેની સૌર ઊર્જા ક્ષમતા ૩૨ ગણી વધારવામાં મદદ મળી છે. આ સાથે દેશ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી (અક્ષયઊર્જા) ક્ષમતાના લક્ષ્યાંકને હાંસલ કરવા તરફ આગળ વધી રહ્યો છે. ઈન્ટરનેશનલ સોલાર ફેસ્ટિવલમાં પોતાના વીડિયો સંદેશમાં વડા પ્રધાને કહ્યું કે, દેશે છેલ્લા કેટલાક વર્ષોમાં ગ્રીન એનર્જી ક્ષેત્રે ઘણા મોટા પગલા લીધા છે. અમે જી-૨૦ માં પહેલા દેશ છીએ જેણે રિન્યુએબલ એનર્જીમાં પેરિસની પ્રતિબદ્ધતાઓ હાંસલ કરી છે. આ સૌર ઉર્જા ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિને કારણે શક્ય બન્યું છે.

વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે છેલ્લા દસ વર્ષમાં આપણી સૌર ઊર્જા ક્ષમતા ૩૨ ગણી વધી છે. આ સ્પીડ અને સ્કેલ આપણને ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટની ગ્રીન એનર્જી ક્ષમતા (એક ગીગાવોટ બરાબર ૧,૦૦૦ મેગાવોટ) હાંસલ કરવામાં પણ મદદ કરશે. તેમણે કહ્યું હતું કે વિકાસશીલ દેશોને મદદ કરવા માટે ઉત્પાદન અને ટેક્નોલોજીનું લોકતાંત્રિક બનાવવાની જરૂર છે. ઓછા વિકસિત દેશો અને નાના ટાપુ વિકાસશીલ દેશોને સશક્ત બનાવવાની

(જુઓ પાનું ૨) ▶▶




**દ્વિપક્ષી વ્યાપાર:** સિંગાપોરમાં ગુરુવારે યોજાયેલી બિઝનેસ લીડર અને સીઈઓ સાથેની બેઠક દરમિયાન સિંગાપોરના નાયબ વડા પ્રધાન જૅન કિમ જૉન્ગ, ભારતના વિદેશ ખાતાના પ્રધાન એસ. જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલ સાથે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

# સહારા ગ્રૂપને ₹ ૧,૦૦૦ કરોડ જમા કરાવવા આદેશ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ગુરુવારે સહારા ગ્રૂપને ૧૫ દિવસની અંદર અલગ એસ્ક્રો એકાઉન્ટમાં ૧૦૦૦ કરોડ રૂપિયા જમા કરવાનો આદેશ આપ્યો હતો અને એને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા મેળવવા મુંબઈના વર્સોવામાં તેની ભૂમિને વિકસિત કરવા સંયુકત સાહસ કરવાની છૂટ આપી હતી.

સુપ્રીમ કોર્ટના ૨૦૧૨ના હુકમ પ્રમાણે રોકાણકારોનાં નાણાં પાછા આપવા સેબી-સહારા રીફન્ડ એકાઉન્ટમાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયા જમા કરવા પડશે.

જસ્ટિસ સંજીવ ખન્ના, એમ. એમ. સુંદરેશ અને બેલા એમ. ત્રિવેદીની ખંડપીઠે કહ્યું હતું કે જો પંદર દિવસની અંદર અદાલતમાં સંયુકત સાહસ કે ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ નહીં નોંધાવે તો અદાલત વર્સોવાની તેની ૧૨.૧૫ મિલિયન સ્કવેર ફીટની જમીન 'જે હાલતમાં છે એ હાલતમાં' વેચી નાખશે.

ખંડપીઠે કહ્યું હતું કે અમે સહારા ગ્રૂપની બે કંપનીઓ એસઆઈઆરસીએલ અને એસએચઆઈસીએલએ અદાલતમાં ગુરુવારે કરેલા નિવેદનનો અમલ કરવા ૧૫ દિવસનો સમય આપીએ છીએ. જો જોઈન્ટ વેન્ચર કે ડેવલપમેન્ટ અગ્રીમેન્ટ ૧૫ દિવસની અંદર નહીં

(જુઓ પાનું ૨) ▶▶

# ભારત સિંગાપોર વચ્ચે સેમિકન્ડક્ટર ક્ષેત્રે કરાર

સિંગાપોર: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વોંગ સાથે મુલાકાત કરી હતી અને બંને રાષ્ટ્ર વચ્ચે સહકાર વધારવા અંગે ચર્ચા કરી હતી. વોંગના આમંત્રણ પર મોદી બે દિવસીય સિંગાપોરની મુલાકાતે છે.

સિંગાપોર અને ભારતે આજે વેપાર સંબંધોને વિસ્તૃત કરવા માટે સંમત થતા એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ દરમિયાન બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે આની આપ-લે થઈ હતી. સિંગાપોરની સત્તાવાર મુલાકાતે ગયેલા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાના એક્સ હેન્ડલ પર આ માહિતી શેર કરતી વખતે લખ્યું હતું કે મારા મિત્ર વડા પ્રધાન લોરેન્સ

(જુઓ પાનું ૨) ▶▶

# મુંબઈ અને અમદાવાદમાં સસ્તા ભાવે કાંદા મળશે

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે પ્રથમ તબક્કામાં ગુરુવારે મુંબઈના મલાડ અને પરેલ ખાતેથી કિલોદીઠ રૂ. ૩૫ના ભાવે કાંદા વેચવાનું શરૂ કર્યું હતું અને અમદાવાદમાં આવતા અઠવાડિયાથી સસ્તા ભાવે ડુંગળી વેચાશે.

આવતા અઠવાડિયાથી શરૂ થનારા બીજા તબક્કામાં અમદાવાદ, કોલકાતા, ગુવહાટી, હૈદરાબાદ, ચેન્નઈ, બેંગલુરુ સહિત દેશનાં મુખ્ય શહેરોને પણ આવરી લેવામાં આવશે. સપ્ટેમ્બરના ત્રીજા અઠવાડિયાથી સમગ્ર ભારતમાં રાહતના દરે કાંદાનું વેચાણ કરવામાં આવશે, એમ અન્ન અને ગ્રાહક બાબતોના પ્રધાન પ્રહ્લાદ જોશીએ ગુરુવારે કહ્યું હતું. દિલ્હી-એનસીઆર અને મુંબઈના

(જુઓ પાનું ૨) ▶▶

# તેલંગણામાં છ માઓવાદી ઠાર

હૈદરાબાદ : તેલંગણાના ભદ્રાદ્રી કોથાગુડેમ જિલ્લામાં ગુરુવારે માઓવાદી અને પોલીસ વચ્ચે ગોળીબાર બાદ બે મહિલા સહિત પ્રતિબંધિત સીપીઆઇ (માઓવાદી)ના છ ઉગ્રવાદી માર્યા ગયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

તેલંગાણા પોલીસના નક્સલ વિરોધી દળ ગ્રેહાઉન્ડ્સના બે ચુનંદા કમાન્ડો પણ ગોળીબારમાં ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા તથા તેમની હાલત

(જુઓ પાનું ૨) ▶▶

# હરવિન્દરનો તીરંદાજીમાં ઐતિહાસિક ગોલ્ડ, પરમબીરનો એશિયન રેકૉર્ડ સાથે સુવર્ણ

### પૅરાલિમ્પિક્સમાં પુરુષ ઍથ્લીટોએ ભારતનું નામ રોશન કર્યું

પૅરિસ: દિવ્યાંગ ઍથ્લીટ્સ-પ્લેયર્સ માટેની પૅરિસ પૅરાલિમ્પિક્સમાં ભારતે બુધવારે કુલ ૨૪ મેડલ સાથે ૨૦૨૧ની ટોક્યો ઑલિમ્પિક્સના કુલ ૧૯ ચંદ્રકો જીતવાનો રેકૉર્ડ તો પાર કરી જ લીધો છે, મહિલા ઍથ્લીટ્સ પછી હવે પુરુષ સ્પર્ધકો દેશને ગૌરવ અપાવવા લાગ્યા છે. હરવિન્દર સિંહ બુધવારે મોડી રાત્રે પૅરાલિમ્પિક્સની તીરંદાજીની હરીફાઈમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતનો પ્રથમ પૅરા-આર્ચર બન્યો હતો. બીજી તરફ, ધરમબીર નામનો ભારતીય ઍથ્લીટ એશિયન રેકૉર્ડ સાથે ક્લબ-થ્રોની ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. બન્ને મેડલ વિજેતાને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ

(જુઓ પાનું ૨) ▶▶

# વર્ષનું છેલ્લું ચંદ્રગ્રહણ ૧૮ સપ્ટેમ્બરે, ભારતમાં નહીં દેખાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : સાલ ૨૦૨૪નું બીજું અને અંતિમ ચંદ્રગ્રહણ ૧૮ સપ્ટેમ્બરે દેખાશે. આ આંશિક ચંદ્રગ્રહણ હશે. વિજ્ઞાન પ્રમાણે જ્યારે સૂર્ય અને ચંદ્રમા વચ્ચે પૃથ્વી આવી જાય ત્યારે ચંદ્રગ્રહણ થાય છે. પુરાણો પ્રમાણે રાહુ અને કેતુ સૂર્ય અને ચંદ્રને ગ્રસી જાય છે એટલે ગ્રહણ થાય છે. આ ગ્રહણ ભારતમાં દેખાવાનું નથી. આ ગ્રહણ યુરોપ, આફ્રિકા, ઉત્તર-દક્ષિણ અમેરિકાના

(જુઓ પાનું ૨) ▶▶

# સીબીએસઇ ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા માટે રજિસ્ટ્રેશન શરૂ

નવી દિલ્હી: સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઇ) તરફથી ૨૦૨૪-૨૫ના સત્રમાં ૧૦ અને ૧૨મા ધોરણની બોર્ડની પરીક્ષાઓ આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓ અને શાળાઓ માટે એક મહત્ત્વપૂર્ણ અપડેટ આપવામાં આવ્યું છે. સીબીએસઇ એ પાંચમી સપ્ટેમ્બર ૨૦૨૪ થી બંને ધોરણની બોર્ડ પરીક્ષામાં બેસવા જઈ રહેલા વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. બોર્ડની પરીક્ષામાં

(જુઓ પાનું ૨) ▶▶

# બિલિંગ કૌભાંડ કરતાં બોગસ વેપારીઓ ઉપર તવાઈ: આજથી રાજયવ્યાપી ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય જીએસટી તંત્ર દ્વારા આવતી કાલથી સતત બે માસ સુધી રાજકોટ સહિત રાજ્યભરમાં ખોટી પેઢીઓ ઊભી કરી બિલિંગ કૌભાંડ કરતાં બોગસ વેપારીઓ ઉપર તવાઈ આવી છે. રાજયભરમાં આવા બોગસ વેપારીઓને શોધવા માટે આવતી કાલથી સ્ટેટ જીએસટીના સંખ્યાબંધ અધિકારીઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

આ ટીમો રાજયભરમાં નકકી કરાયેલા શંકાસ્પદ વેપારી સ્થળો સુધી રૂબરૂ તપાસ માટે જશે અને વેપારી બોગસ છે કે કેમ? વેપારીએ કેટલા બોગસ વ્યવહારો કર્યા છે? વિગેરે બાબતની સઘન ચકાસણી હાથ ધરશે અને કૌભાંડ આચરનાર બોગસ વેપારી સામે ફોજદારી અને કાનૂની રાહે તુરંત જ પગલા લેશે.

આ અંગે જીએસટી વિભાગનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, બોગસ વેપારીઓને પકડી પાડવાની આ ઝુંબેશ દેશવ્યાપી છે, પરંતુ ગુજરાતમાં આ ઝુંબેશ આવતીકાલથી શરૂ થશે. રાજકોટ વિભાગ સહિત જુદા જુદા જીએસટી વિભાગમાં તાજેતરમાં કરાયેલા ગુપ્ત સર્વેનાં આધારે નક્કી કરાયેલા શંકાસ્પદ સ્થળો ઉપર અધિકારીઓની ટીમો અચાનક ત્રાટકશે અને બોગસ વેપારીને પકડી પાડી ફોજદારી રાહે પગલાં લેવામાં આવશે.

આ સ્પે. ડ્રાઈવ રાજયભરમાં સતત બે દિવસ સુધી ચાલશે અને અધિકારીઓ સતત રાજ્યભરમાં દોડતા રહેશે. વધુમાં જીએસટી વિભાગનાં સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ એકલા રાજકોટ વિભાગમાં જ ૪૦૦ થી ૫૦૦ જેટલા શંકાસ્પદ વેપારી સ્થળોએ જીએસટીના અધિકારીઓની ૫૦ જેટલી ટીમો તપાસ કરશે અને વેપારી તેના નંબર નાણાકીય વ્યવહારો વિગેરેની સઘન તપાસણી હાથ ધરશે. ■





**શિક્ષક દિન:** દિલ્હીમાં શિક્ષક દિન નિમિત્તે ગુરુવારે દિલ્હી મ્યુનિસિપલ કર્પોરેશન દ્વારા યોજવામાં આવેલા સન્માન સમારોહ તેમ જ અન્ય એક અવૉર્ડ ફંક્શન દરમિયાન અભિનય કરી રહેલા કલાકારો અને શાળાના વિદ્યાર્થીઓ. (એજન્સી)

# સટ્ટાકિંગ દીપક ઠક્કર ૧૦૦ કરોડનો આસામી: અમદાવાદ, ડીસા અને ભાભરમાં મિલકતો

અમદાવાદ: શહેરના માધુપુરામાં નોંધાયેલા રૂપિયા ૨૩૦૦ કરોડના ક્રિકેટ સટ્ટા અને ડબ્બા ટ્રેડિંગના કેસમાં દુબઇથી ઝડપાયેલા દીપક ઠક્કરની પૂછપરછમાં અનેક મોટા ખુલાસા થયા હતા. જેમાં તેણે અમદાવાદ, ડીસા અને ભાભરમાં રૂપિયા ૧૦૦ કરોડની કિંમતની મિલકતો તેના તેમજ પરિવારજનોના નામે વસાવી હોવાની વિગતો બહાર આવી છે. આ મિલકતોની વિગતો એકઠી કરવા માટે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લાની રજિસ્ટ્રાર ઓફિસમાં તપાસ શરૂ કરવામાં આવી છે.

ડબ્બા ટ્રેડિંગના સૂત્રધાર દીપક સો કરોડથી વધુની મિલકતનો આસામી હોવાનો મોટો ઘટસ્ફોટ સ્ટેટ મોનિટરિંગ સેલની તપાસમાં થયો હતો, અમદાવાદમાં ડિલક્ષનો બેબીલોન કલબ પાછળ ૩૦૦ વારનો પ્લોટ, આનંદનગર અને પકવાન ચાર રસ્તા પાસે બે દુકાન અને બે ઓફિસ હોવાની વિગતો મળી હતી.આ ઉપરાંત ડીસા-ભાભર એપીએમસીમાં આરોપીની બે દુકાન, સીએનજી પંપ, ચાર પ્લોટ, એક મકાન, ૨૨ વીઘા જમીન આરોપીની હોવાનો ખુલાસો થયો હતો. આ ઉપરાંત આરોપીની વૈભવી કાર, બેંક એકાઉન્ટ અને લોકર પણ પોલીસે જપ્ત કર્યા હતા. દીપક ઠક્કરે મિલકતોમાં આશરે ૧૦૦ કરોડથી વધારે રોકાણ કર્યાનું સામે આવ્યું છે. આ અંગે સ્ટેટ મોનિટરિંગ સેલના ડીવાયએસપીએ જણાવ્યું હતું કે, તેણે આ તમામ મિલકતો કોના નામે ખરીદી? કોની પાસેથી ખરીદી? ક્યારે ખરીદી કરી હતી? તે અંગે માહિતી એકઠી કરવા જિલ્લા રજિસ્ટ્રારને જાણ કરવામાં આવી છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સીબીઆઈ રેપ-મર્ડરની તપાસ કરે છે કે ઘોષના ભ્રષ્ટાચારની?

**કેન્દ્ર** સરકારના તાબા હેઠળ કામ કરતી સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI)ની કેમ વિશ્વસનિયતા રહી નથી એ કોલકાત્તા રેપ-મર્ડર કેસે સાબિત કરી દીધું છે. કોલકાતાની આર.જી. કાર હૉસ્પિટલમાં ૩૧ વર્ષની રેસિડેન્ટ મહિલા ડોક્ટરના રેપ અને મર્ડરની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી ત્યારે એવી અપેક્ષા હતી કે, ડૉક્ટર પર થયેલા પાશવી બળાત્કાર અને પછી હત્યાના કેસમાં છુપાયેલાં રહસ્યોને સીબીઆઈ બહાર લાવશે અને બળાત્કારીઓ તથા તેમને મદદ કરનારાંને લોકો સામે ખુલ્લા પાડશે.

આ આશા બિલકુલ ઠગારી નિવડી છે અને સીબીઆઈ અત્યાર લગી ના તો ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં એવું કોઈ નવું તથ્ય બહાર લાવી શકી છે કે જે કોલકાત્તા પોલીસે ના શોધ્યું હોય ને ના તો કોલકાત્તા પોલીસે પકડેલા સંજય ઘોષ સિવાયના બીજા કોઈ આરોપીને પકડી શકી છે. સીબીઆઈની આ ઘોર નિષ્ફળતા છે પણ વધારે આઘાતજનક વાત એ છે કે, ડૉક્ટર પર રેપ-મર્ડરનો કેસ બાજુ પર રહી ગયો છે ને સીબીઆઈ એ રીતે વર્તી રહી છે કે જાણે તેને ડોક્ટર પર રેપ-હત્યાની તપાસ માટે નહીં પણ આર.જી કાર મેડિકલ કોલેજ અને હૉસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષના ભ્રષ્ટાચારની તપાસ કરવાનું કામ સોંપાયું છે.

ડોક્ટરની હત્યાના મુદ્દે હજુય દેશભરમાં રોષ છે, લોકો આરોપીઓને ફાંસીની સજાની માગ સાથે હજુય ઠેર ઠેર દેખાવો કરી રહ્યા છે અને કોલકાત્તામાં ૨૬ દિવસથી ડૉક્ટરો હડતાળ પાડીને દેખાવો કરી રહ્યા છે ત્યારે સીબીઆઈ ડોક્ટરની હત્યાની ઘટનાના સત્ય સુધી પહોંચવાના બદલે હાથ ધોઈને સંદીપ ઘોષની પાછળ પડી ગઈ છે. સીબીઆઈએ સોમવારે રાત્રે સંદીપ ઘોષની હૉસ્પિટલ અને મેડિકલ કોલેજમાં નાણાકીય ગેરરીતિઓ આચરવા બદલ ધરપકડ કરી પછી બીજા ત્રણને પણ અંદર કરી દીધા છે. સીબીઆઈએ ઘોષના સિક્યોરિટી ગાર્ડ ઓફિસર અલી ઉપરાંત હૉસ્પિટલ વેન્ડર્સ બિપ્લવ સિંઘા અને સુમના હજારાની ધરપકડ કરીને જેલભેગા કરી દેવાયા છે.

આર.જી. કાર હૉસ્પિટલના સેમિનાર હોલમાં ડૉક્ટર પર થયેલા બળાત્કાર અને હત્યાની ઘટનાની તપાસ સીબીઆઈને સોંપાઈ એ વાતને લગભગ ત્રણ અઠવાડિયા થઈ ગયાં અને ત્રણ અઠવાડિયાં પછી સીબીઆઈ દ્વારા આ પહેલી કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહીને ડૉક્ટર પર રેપ-મર્ડર સાથે શું લેવાદેવા છે એ ખબર નથી. ડૉક્ટરની હત્યાના કેસમાં સંખ્યાબંધ સવાલો છે પણ એ સવાલોના જવાબ સીબીઆઈ પાસે નથી. તેના બદલે સીબીઆઈ સંદીપ ઘોષે કરેલા ભ્રષ્ટાચારમાં વધારે રસ લઈ રહી છે.

સીબીઆઈ સંદીપ ઘોષ કે તેના મળતિયાઓને ઉઠાવીને જેલમા નાખે, તેમની સામે ગમે તેટલા કેસ કરે ને ઈચ્છા થાય તો તેમનાં ઘરો પર બુલડોઝર પણ ફેરવી દે તો પણ આપણને કંઈ વાંધો નથી પણ મુદ્દો એ છે કે, સીબીઆઈ ડૉક્ટરના રેપ-મર્ડર કેસમાં કશું કેમ શોધી શકતી નથી ? સીબીઆઈનું કામ તો ડૉક્ટરની હત્યાનું સત્ય શોધવાનું હતું પણ તેના બદલે તપાસ ડોક્ટર સંદીપ ઘોષ પર કેન્દ્રિત કેમ થઈ ગઈ છે ?

સીબીઆઈએ ડૉક્ટરના બળાત્કાર અને હત્યાના મુખ્ય આરોપી સંજય રોયને પહેલાં જ પોતાના સકંજામાં લઇ લીધો છે પણ તેની પાસેથી સીબીઆઈ કશું ઓકાવી શકી નથી. બલ્કે અત્યાર લગી તો સંજય ઘોષે જ બળાત્કાર કરેલો કે હત્યા કરી હતી એવા પુરાવા પણ સીબીઆઈ મૂકી શકી નથી. ડોક્ટર સેમિનાર હોલમાં સૂતી હતી ત્યારે સંજય ઘોષ સવારે ૪.૦૩ વાગ્યે સેમિનાર હોલમાં પ્રવેશતો દેખાયો હતો ને તેના આધારે તેને પકડી લેવાયો છે.

મહિલા ડોક્ટરની ઓટોપ્સીમાં ખુલાસો થયો છે કે, બળાત્કાર કરવામાં આવ્યો હતો, તેને માર મારવામાં આવ્યો હતો અને ગળું દબાવવામાં આવ્યું હતું પણ સંજય રોય એકલાએ જ બધું કર્યું કે બીજા હેવાનો પણ આ જઘન્ય અપરાધમાં સામેલ હતા એ સવાલનો જવાબ સીબીઆઈ ત્રણ અઠવાડિયાં પછી પણ શોધી શકી નથી. સંજય રોયે દાવો કર્યો છે કે, પોતે નિર્દોષ છે અને જ્યારે પોતે સેમિનાર હોલમાં પ્રવેશ્યો ત્યારે મહિલા ડૉક્ટર પહેલાથી જ બેભાન હતી. આ વાત સાચી છે કે ખોટી છે એ મુદ્દે પણ સીબીઆઈ મૌન છે પણ સંદીપ ઘોષના ભ્રષ્ટાચારના કેસમાં સીબીઆઈ અતિ ઉત્સાહ બતાવી રહી છે.

સંદીપ ઘોષ મહિલા ડૉક્ટરની હત્યાના કેસમાં પણ શંકાના દાયરામાં છે. પીડિતાના પરિવારજનોએ સંદીપ ઘોષ પર ડોક્ટરની હત્યાને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ કરવાનો આક્ષેપ મૂક્યો હતો. ડૉક્ટરની હત્યાને લગતા પુરાવાનો નાશ કરાયો હોવાનો પણ આક્ષેપ છે ને તેમા સંદીપ ઘોષની ભૂમિકા શંકાસ્પદ છે. સીબીઆઈ એ દિશામાં કશું કરી રહી નથી ને સંદીપ ઘોષના કહેવાતા ભ્રષ્ટાચારનાં મડદાં ઉખેળી રહી છે.

આ મડદાં પણ સંદીપ ઘોષ સાથે કામ કરી ચૂકેલા ભૂતપૂર્વ ડેપ્યુટી ડિરેક્ટક ડો. અખ્તર અલીની અરજીના આધારે ઉખેળવામાં આવી રહ્યાં છે. ડો. અખ્તર અલીએ કરેલા નાણાકીય ગોટાળાના આક્ષેપના કેસમાં સંદીપ ઘોષ સામે તપાસ શરૂ કરવામાં આવી છે. હાઈ કોર્ટ સમક્ષ કરેલી અરજીમાં અખ્તર અલીએ સંદીપ ઘોષ પર ક્લેમ ન કરાયેલી લાશોનું ગેરકાયદેસર વેચાણ, બાયોમેડિકલ વેસ્ટની હેરાફેરી અને દવા અને મેડિકલ સાધનોના સપ્લાયર્સ પાસેથી કમિશન લઈને ટેન્ડર પાસ કરવાનો આક્ષેપ કર્યો હતો. ડો. અલીએ એવો પણ દાવો કર્યો હતો કે, ઘોષ વિદ્યાર્થીઓને પરીક્ષામાં પાસ કરાવવા માટે ૫થી ૮ લાખ રૂપિયા આપવા કહેતો હતો.

આ આક્ષોપો ગંભીર છે ને તેની તપાસ થવી જોઈએ તેની ના નથી પણ મુખ્ય તપાસ ડોક્ટરના રેપ-મર્ડરની છે. આ કેસમાં સંદીપ ઘોષની શું ભૂમિકા કે બીજા કોણ કોણ સામેલ છે એ સીબીઆઈ શોધી શકતી નથી તેથી સંદીપ ઘોષને પકડીને પોતાની નિષ્ફળતા છુપાવવા મથી રહી છે એવું લાગે છે.

સંદીપ ઘોષ દેવનો દીકરો નથી કે સંત નથી તેથી તેને અંદર કરાયો તેનો અફસોસ કરવા જેવો નથી. છાપેલા કાટલા જેવા સંદીપ ઘોષે ફેબ્રુઆરી ૨૦૨૧થી સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી આરજી કાર મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ તરીકે ભ્રષ્ટાચાર કર્યો હોય ને તેના ભ્રષ્ટાચારને છાવરવામાં આવ્યો હોય તો તેમને પણ ઉઘાડા પાડવા જોઈએ પણ ડોક્ટરના રેપ-મર્ડરને લગતા સવાલોના જવાબો પણ મળવા જોઈએ.

સીબીઆઈ એ જ નથી કરી રહી તેથી તેની વિશ્વસનિયતા સામે ફરી શંકા ઊભી થઈ છે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), શુક્રવાર, તા. ૬-૯-૨૦૨૪, કેવડા ત્રીજ, ગૌરી તૃતીયા,

- ભારતીય દિનાંક ૧૫, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૨જો અર્દીબહેસ્ત, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૩જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર હસ્ત સવારે ક. ૦૯-૨૪ સુધી, પછી ચિત્રા.
- ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૨૩.૦૦ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૩, સ્ટા. ટા.
- : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :ઙ્ઘ
- ભરતી : બપોરે ક. ૧૩-૩૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૮ (તા. ૭)
- ઓટઃ સવારે ક. ૦૭-૦૧, રાત્રે ક. ૧૯-૩૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - તૃતીયા. કેવડા ત્રીજ, ગૌરી તૃતીયા, હરિતાલિકા વ્રત, મન્વાદિ, વરાહ જયંતી. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૯ (તા. ૭)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ દત્તાત્રેય પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરગામ પ્રયાણ મધ્યમ, સંધ્યા સમયે નીકળવું નહિ. વિદ્યારંભ, હજામત, વસ્ત્ર, આભૂષણ, મહેંદી લગાવવી, નવા વાસણ, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, ચંત્રારંભ. બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ સફળતા મેળવે, બુધ-હર્ષલ ચતુષ્કોણ કટાક્ષપ્રિય, ચંદ્ર-ચિત્રા યુતિ. મંગળ આર્દ્રા નક્ષત્ર પ્રવેશ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, બુધ-હર્ષલ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# કેજરીવાલની જામીન અરજીનો ચુકાદો મોકૂફ

નવી દિલ્હીઃ એક્સાઈઝ પૉલીસી કૌભાંડને મામલે કરેલી ધરપકડને પડકારતી અને જામીનની માગણી કરતી કેજરીવાલની જામીનની અરજી અંગેનો ચુકાદો સુપ્રીમ કોર્ટે ગુરુવારે મોકૂફ રાખ્યો હતો. ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ઉજાલ ભૂયાનની ખંડપીઠે સીબીઆઈનું પ્રતિનિધિત્વ કરી રહેલા વધારાના સોલિસિટર જનરલ એસ. વી. રાજુ અને કેજરીવાલ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીની દલીલો સાંભળી હતી.

ધરપકડને પડકારતી અને જામીનની માગણી કરતી કેજરીવાલની અરજીની યોગ્યતા સામે સવાલ ઉઠાવતા સીબીઆઈએ કોર્ટને જણાવ્યું હતું કે કથિત એક્સાઈઝ પૉલીસી કૌભાંડ સંબંધિત કેસને મામલે જામીન મેળવવા કેજરીવાલે પહેલા ટ્રાયલ કોર્ટમાં જવું જોઈતું હતું. સીબીઆઈ વતી કોર્ટમાં હાજર રહેલા વધારાના સોલિસિટર જનરલ એસ. વી. રાજુએ કેસને મામલે ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ઉજાલ ભૂયાનની ખંડપીઠ સમક્ષ રજૂઆત કરતા કહ્યું હતું કે મની લૉન્ડરિંગ કેસમાં પણ ઈડી દ્વારા કરવામાં આવેલી ધરપકડને પડકારનાર કેજરીવાલને સુપ્રીમ કોર્ટે ટ્રાયલ કોર્ટનો સંપર્ક કરવા જણાવ્યું હતું. સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસને મામલે જામીન નકારવાને પડકારતી જુદી જુદી બે અરજી કેજરીવાલે દાખલ કરી હતી.

સેસન્સ કોર્ટનો સંપર્ક સાધ્યા વિના જ કેજરીવાલ સીધા હાઈ કોર્ટમાં ગયા હતા. કોડ ઑફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી)ની કલમ ૪૩૯ અંતર્ગત બંને કોર્ટના અધિકાર ક્ષેત્ર અલગ અલગ છે. અમારો પ્રાથમિક વાંધો એ જ છે કે કેજરીવાલે પહેલા ટ્રાયલ કોર્ટમાં જવું જોઈએ, એમ રાજુએ કહ્યું હતું.

કેજરીવાલ જ્યૂડિશિયલ કસ્ટડીમાં હોવાને કારણે સીબીઆઈએ સીઆરપીસીની કલમ ૪૧એ અંતર્ગત કેજરીવાલને નૉટિસ નહોતી મોકલી, એમ કાયદા અધિકારીએ જણાવ્યું હતું. સીબીઆઈએ ૨૬ જૂને કેજરીવાલની ધરપકડ કરી હતી. (એજન્સી)

# ઈલેક્ટ્રિક વાહનો પર હવે સરકાર સબસિડી બંધ કરવાનો ગડકરીનો ઈશારો

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ ગુરુવારે જણાવ્યું હતું કે ગ્રાહકો હવે ઇલેક્ટ્રિક વાહનો અથવા સીએનજી વાહનોને પોતાની રીતે પસંદ કરી રહ્યા છે માટે ઇલેક્ટ્રિક વાહનોનાં માર્કેટ માટે સબસિડી આપવાની કોઈ જરૂર નથી.

બીએનઇએફ સમિટને સંબોધતા ગડકરીએ જણાવ્યું હતું કે શરૂઆતમાં ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનનો ખર્ચ વધુ હતો, પરંતુ માંગ વધી હોવાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો છે, જેના કારણે વધુ સબસિડી બિનજરૂરી છે. ''ગ્રાહકો હવે ઈલેક્ટ્રિક અને કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસથી ચાલતાં વાહનો જાતે જ પસંદ કરી રહ્યા છે અને મને નથી લાગતું કે આપણે ઈલેક્ટ્રિક વાહનો માટે વધુ સબસિડી આપવાની જરૂર છે,'' તેવું રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે પ્રધાન ગડકરીએ જણાવ્યું હતું. એમણે ધ્યાન દોર્યું હતું કે પેટ્રોલ અને ડીઝલનાં વાહનો કરતાં ઇલેક્ટ્રિક વાહન પરનો જીએસટી ઓછો છે. સબસિડીની માગણી હવે વાજબી નથી.''

હાલમાં, હાઇબ્રિડ સહિત આંતરિક કમ્બશન એન્જિન દ્વારા સંચાલિત વાહનો પર ૨૮ ટકા અને ઇલેક્ટ્રિક વાહનો પર ૫ ટકા જીએસટી વસૂલવામાં આવે છે. બુધવારે, કેન્દ્રીય ભારે ઉદ્યોગ પ્રધાન એચડી કુમારસ્વામીએ કહ્યું હતું કે સરકાર તેની ફ્લેગશિપ ઇલેક્ટ્રિક મોબિલિટી એડોપ્શન સ્કીમ ફેમના ત્રીજા તબક્કાને એક કે બે મહિનામાં અંતિમ સ્વરૂપ આપે તેવી અપેક્ષા છે.

તેમણે કહ્યું કે આ યોજના માટે મળેલા ઈનપુટ્સ પર એક આંતર-મંત્રાલય જૂથ કામ કરી રહ્યું છે, અને (હાઈબ્રિડ અને) ઈલેક્ટ્રિક વ્હીકલ (ફેમ) યોજનાના ઝડપી ઉત્પાદનના પ્રથમ બે તબક્કાનાં મુદ્દાઓને ઉકેલવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ફેમ ૩ કામચલાઉ ઇલેક્ટ્રિક મોબિલિટી પ્રમોશન સ્કીમ ૨૦૨૪નું સ્થાન લેશે.

## પહેલા પાનાનું ચાલુ

### ભારત સિંગાપોર

વોંગ સાથે આજે પણ ચર્ચા ચાલુ રહી. અમારી વાતચીત કૌશલ્ય, ટેક્નોલોજી, હેલ્થકેર, એ આઇ અને અન્ય ક્ષેત્રોમાં સહકાર વધારવા પર કેન્દ્રિત હતી. અમે બંને વેપાર સંબંધો વધારવાની જરૂરિયાત પર સહમત થયા છીએ.

તેમણે બીજી પોસ્ટમાં લખ્યું કે, હું ઉષ્માભર્યા સ્વાગત માટે તમારો આભાર વ્યક્ત કરું છું. વડા પ્રધાનપદ સંભાળ્યા પછી આ અમારી પ્રથમ મુલાકાત છે. હું તમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મને વિશ્વાસ છે કે ૪જીનાં નેતૃત્વમાં સિંગાપોર પણ આગળ વધશે. સિંગાપોર દરેક વિકાસશીલ દેશ માટે એક પ્રેરણા છે.

દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વોંગની હાજરીમાં ભારત અને સિંગાપોર વચ્ચે એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. વડા પ્રધાન મોદીએ સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વોંગ સાથે એ ઇ એમ હોલ્ડિંગ્સ લિમિટેડની સેમિકન્ડક્ટર સુવિધાની માહિતી પ્રાપ્ત કરી હતી.

તેમની સત્તાવાર વાટાઘાટો પહેલા પીએમ મોદીનું સિંગાપોરનાં સંસદ ભવનમાં ભવ્ય સ્વાગત કરાયું હતું અને એમણે વિઝિટર બુક પર હસ્તાક્ષર કર્યા હતા.

આ બેઠક મહત્વ ધરાવે છે કારણ કે વોંગે સિંગાપોરના વડા પ્રધાન તરીકે પદ સંભાળ્યા પછી અને મોદીએ ભારતના વડા પ્રધાન તરીકે ત્રીજા કાર્યકાળની શરૂઆત કરી ત્યારથી તે બંને નેતાઓ વચ્ચેની આ પ્રથમ મુલાકાત છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે બેઠક બાદ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, '' બંને દેશના વડા પ્રધાને આજે સિંગાપોરમાં એક ઉત્પાદક બેઠક યોજી હતી. આ સાથે બંને દેશના સંબંધોમાં એક નવો અધ્યાય; વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સ્થાપિત થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ''બંને નેતા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી માટેના સંબંધોને વધારવા માટે સંમત થયા હતા. તેઓએ એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, કનેક્ટિવિટી, ડિજિટલાઇઝેશન, હેલ્થકેર અને મેડિસિન, કૌશલ્ય વિકાસ અને સ્થિરતાના ક્ષેત્રોને આવરી લેતા દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓની વિસ્તૃત સમીક્ષા કરી હતી.''

બાદમાં પીએમ મોદી રાષ્ટ્રપતિ થર્મન ષણમુગરત્નમને મળશે.

ભારત અને સિંગાપોર વચ્ચે ડિજિટલ ટેક્નોલોજી, હેલ્થકેર, શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સેમિકન્ડક્ટર સહયોગ જેવાં ક્ષેત્રોને આવરી લેતા અનેક કરારો પર હસ્તાક્ષર કર્યાં હતાં.

### વર્ષનું છેલ્લું ચંદ્રગ્રહણ

ક્ષેત્રોમાં દેખાશે. ભારતમાં ચંદ્રગ્રહણના સમયે ચંદ્ર અસ્ત થઈ ગયો હોવાથી એ ભારતમાં દેખાવાનું નથી. આ ચંદ્રગ્રહણ ભાદ્રપદ મહિનાની પૂર્ણિમા એટલે કે ૧૮ સપ્ટેમ્બરે થવાનું છે. વહેલી સવારે ૬-૧૧ કલાકે શરૂ થશે અને સવારે ૧૦-૧૭ કલાકે સમાપ્ત થશે. કુલ સમયગાળો ચાર કલાક છ મિનિટનો છે

જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે આનો સુતક કાળ નવ કલાક પહેલાં શરૂ થઈ જાશે. આથી એનો સુતક કાળ ૧૭ સપ્ટેમ્બરે રાત્રે લાગી જશે. ભારતમાં દેખાવાનું ન હોવાથી ભારતીયોને આ સુતક કાળ લાગૂ પડશે નહીં. આ ગ્રહણની અસર બધી રાશિ પર પડશે. મેષ, મિથુન, કર્ક, કન્યા, વૃશ્ચિક, કુંભ અને મીન રાશિ માટે આ નકારાત્મક છે, જ્યારે વૃષભ, સિંહ, ધનુ અને મકર રાશિ માટે આ સકારાત્મક હશે.

### મુંબઈ અને અમદાવાદમાં

વપરાશકર્તાઓને રાહત આપવા કેન્દ્ર સરકારે ગુરુવારે દિલ્હી-એનસીઆર અને મુંબઈમાં રાહતના દરે એટલે કે અનુક્રમે રૂ. ૩૮ અને રૂ. ૩૫ પ્રતિકિલોના ભાવે કાંદાનું વેચાણ શરૂ કર્યું હતું.

નેશનલ કો-ઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા 'એનસીસીએફ' અને નેશનલ એગ્રિકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા 'નાફેડ'એ બફર સ્ટોક માટે રૂ. ૨૮ પ્રતિકિલોના ભાવે કાંદાની ખરીદી કરી હતી. સરકાર વતી કાંદાનો બફર સ્ટોક જાળવતા 'એનસીસીએફ' અને 'નાફેડ' તેમના સ્ટૉર અને મોબાઈલ વૅન મારફતે કાંદાનું છૂટક વેચાણ કરશે.

મોટાભાગના વિસ્તારમાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ તેમ જ કેન્દ્રીય ભંડારના આઉટલૅટ્સ અને મધર ડેરીના 'સફલ' મારફતે પણ કાંદા રાહતના દરે વેચવામાં આવશે. હાલ બજારમાં કાંદા રૂ. ૬૦ પ્રતિકિલોના ભાવે વેચાઈ રહ્યા છે.

દેશભરમાં કાંદાના ભાવ નીચા લાવવા આ એજન્સીઓ દેશની અનેક કો-ઓપરેટિવ સંસ્થાઓ અને રિટેલ ચેઈન સાથે જોડાણ કરી રહી છે, એમ ગ્રાહકોની બાબતોના સચિવ નિધિ ખારેએ કહ્યું હતું.

ગયા વરસના ૧.૯૫ લાખ હેક્ટરની સરખામણીએ આ વરસના ઑગસ્ટના અંત સુધીમાં ૨.૯ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું હોવાને કારણે આવનારા દિવસોમાં કાંદા વિપુલ માત્રામાં ઉપલબ્ધ બનશે જેને કારણે આગામી દિવસોમાં કાંદાના ભાવ સ્થિર રહેશે, એમ તેમણે કહ્યું હતું.

આ ઉપરાંત ખેડૂતો અને વેપારીઓ પાસે હજુ ૩૮ લાખ ટન કાંદાનો સ્ટૉક ઉપલબ્ધ છે, એમ તેમણે કહ્યું હતું.

અન્ન અને ગ્રાહક બાબતોના પ્રધાન પ્રહ્લાદ જોશીએ કહ્યું હતું કે કાંદાના ભાવને આધારે તેના જથ્થા અને તેને પહોંચાડવાના માધ્યમને વધુ ગતિશીલ બનાવવામાં આવશે.

ફુગાવાને અંકુશમાં રાખવો સરકારની પ્રાથમિકતા હશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે સરકાર દ્વારા લેવામાં આવેલાં પગલાંઓએ ભાવને સ્થિર રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

### તેલંગણામાં

ખતરાની બહાર છે, એમ તેઓએ જણાવ્યું હતું. કારાકાગુડેમ પોલીસ સ્ટેશનની હદ હેઠળના મોથે ગામના જંગલ વિસ્તારમાં સવારે લગભગ ૬.૪૫ વાગ્યે ગોળીબાર થયો હતો. સશસ્ત્ર માઓવાદીએ પેટ્રોલિંગ કરી રહેલી પોલીસ પાર્ટી પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, તેવું પોલીસ તરફથી એક નિવેદનમાં જણાવાયું છે. માઓવાદી કાર્યકરોને ગોળીબાર રોકવાની ચેતવણી આપ્યા પછી અને માઓવાદીઓ તરફથી ગોળીબાર બંધ ન થતાં, પોલીસ પાર્ટીએ સ્વબચાવમાં વળતો ગોળીબાર કર્યો હતો.

સીપીઆઈ (માઓવાદી) સશસ્ત્ર કાર્યકર્તાઓ તરફથી ગોળીબાર બંધ થયા પછી, પોલીસ પાર્ટીએ વિસ્તારની શોધખોળ કરી ત્યારે એમને લીલા કપડા પહેરેલા છ મૃતદેહ મળી આવ્યા હતા.

છ મૃતકો ભદ્રાદ્રી કોથાગુડેમ-અલ્લુરી સીતારામરાજુ ડિવિઝનલ કમિટીના સીપીઆઈ (માઓવાદી) કેડરનાં હતા. મૃતકોની ઓળખ હજુ સુધી થઈ નથી. મૃતકોમાં માઓવાદીઓનો એક વરિષ્ઠ કેડરનો સમાવેશ થાય છે, એમ તેમણે પ્રાથમિક તપાસના આધારે જણાવ્યું હતું.

પોલીસે સ્થળ પરથી બે એકે ૪૭, .૩૦૩ રાઈફલ, એક પિસ્તોલ અને મેગેઝિન, જીવંત રાઉન્ડ, કીટ બેગ અને અન્ય સામગ્રી સહિત હથિયારો જપ્ત કર્યાં છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ અંગે વધુ તપાસ ચાલુ હોવાનું પોલીસે ઉમેર્યું હતું.

### દેશમાં અક્ષયઊર્જા

ટોચની પ્રાથમિકતા હોવી જોઈએ. મોદીએ કહ્યું કે સૌર ઇકોસિસ્ટમના વિકાસ માટે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો અને યુવાનોને સામેલ કરવા મહત્ત્વપૂર્ણ છે.

સૌર ઊર્જાનું મહત્વ સમજાવવા માટે વેદોનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, ''વેદોની રચના હજારો વર્ષ પહેલા થઈ હતી. વેદોના સૌથી લોકપ્રિય મંત્રોમાંનો એક સૂર્ય વિશે છે. આજે પણ લાખો ભારતીયો દરરોજ તેનો જપ કરે છે. વિશ્વભરની ઘણી સંસ્કૃતિઓ પોતપોતાની રીતે સૂર્યની પૂજા કરે છે. મોટાભાગના પ્રદેશોમાં સૂર્ય સંબંધિત તહેવારો પણ ઉજવવામાં આવે છે.'' તેમણે કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય સૌર ઉત્સવ સમગ્ર વિશ્વને સૂર્યના પ્રભાવની ઉજવણી કરવા માટે એકસાથે લાવે છે. આ એક એવો તહેવાર છે જે આપણી પૃથ્વીને વધુ સારો ગ્રહ બનાવવામાં મદદ કરશે. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (આઇએસએ)નો બે દિવસીય ઈન્ટરનેશનલ સોલર ફેસ્ટિવલ ગુરુવારે અહીં શરૂ થયો હતો. મોદીએ કહ્યું હતું કે , ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (આઇએસએ) ૨૦૧૫માં નાના સ્વરૂપમાં શરૂ થયું હતું. તે આશા અને આકાંક્ષાની ક્ષણ હતી. આજે, તે એક વિશાળ વૃક્ષ બની રહ્યું છે જે નીતિ અને કાર્યને પ્રેરિત કરે છે. આટલા ઓછા સમયમાં આઇએસએના સભ્યોની સંખ્યા ૧૦૦ દેશો સુધી પહોંચી ગઇ છે.

તેમણે કહ્યું કે 'વન વર્લ્ડ, વન સન, વન ગ્રીડ'ના વિચારને સાકાર કરવા માટે આ સંસ્થાનો વિકાસ મહત્ત્વપૂર્ણ છે. આ પ્રસંગે કેન્દ્રીય રિન્યુએબલ ઊર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે, અમે હજારો વર્ષ પહેલા મહાભારત અને રામાયણ કાળ દરમિયાન સૂર્યની પૂજા કરતા હતા. જોશી આઇએસએ એસેમ્બલીના પ્રમુખની જવાબદારી પણ નિભાવી રહ્યા છે. તેમણે કહ્યું કે આજે પણ કરોડો ભારતીયો તેમના દિવસની શરૂઆત સૂર્યનમસ્કારથી કરે છે. અમે સૌર ઊર્જામાં તકનીકી અને નીતિગત પ્રગતિ દ્વારા અમારા પ્રાચીન જ્ઞાનનો ઉપયોગ કરી રહ્યા છીએ. ભારતનું માથાદીઠ કાર્બન ઉત્સર્જન વિશ્વમાં સૌથી ઓછું છે. આ હોવા છતાં અમે અમારા કાર્બન ઉત્સર્જનને ઘટાડવા માટે દરેક સંભવિત પગલાં લઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે આજે પણ, વિશ્વભરમાં ૬૭૫ મિલિયનથી વધુ લોકો વીજળી વિના રહે છે. તેમણે માહિતી આપી હતી કે દેશમાં સ્થાપિત સૌર ઊર્જા ક્ષમતા ૮૭.૨ ગીગાવોટથી વધુ છે. તેમાંથી ગ્રીડ કનેક્ટેડ પ્રોજેક્ટ્સનો હિસ્સો ૮૭ ટકા અને રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ્સનો હિસ્સો ૧૩ ટકાથી વધુ છે.

### સહારા ગ્રૂપને

નોંધાવામાં આવે તો અદાલત વર્સોવાની જમીન 'જે હાલતમાં છે એ હાલતમાં' વેચી નાખશે. ખંડપીઠે કહ્યું હતું કે જો થર્ડ પાર્ટી એસ્ક્રો એકાઉન્ટમાં જે ૧,૦૦૦ કરોડ રૂપિયા જમા કરાવશે એ અદાલત બહાલી કે પરવાનગી નહીં આપે તો એ નાણાં થર્ડ પાર્ટીને પરત કરાશે. આ બાબતની આગામી સુનાવણી એક મહિના પછી કરાશે. (એજન્સી)

### હરવિન્દરનો તીરંદાજીમાં

મીડિયામાં અભિનંદન પાઠવ્યા હતા. હરવિન્દર સિંહનો આર્ચરીમાં આ બીજો પૅરાલિમ્પિક્સ મેડલ છે. તે ૨૦૨૧ની ટોક્યો ઑલિમ્પિક્સમાં બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો. બુધવારે તે મેન્સ રિકર્વ ઇન્ડિવિજ્યુઅલ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. તેણે સેમિ ફાઇનલમાં ઇરાનના મોહમ્મદ રઝા આરબ અમેરીને અને ફાઇનલમાં પોલૅન્ડના લુકાઝ સિઝેકને હરાવી દીધો હતો. ખાસ કરીને પૉલેન્ડના હરીફ સામે તે તમામ ત્રણ સેટ જીત્યો હતો અને ૬-૦નો સ્કોર નોંધાવ્યો હતો. એ પહેલાં, સેમિમાં ઇરાનના હરીફ સામે હરવિન્દરે ૧-૨થી પાછળ રહ્યા પછી જોરદાર કમબૅક કરીને ૭-૩થી તેને હરાવ્યો હતો.

હરવિન્દર ૨૦૨૪ની પૅરાલિમ્પિક્સમાં શીતલ દેવી પછીનો બીજો મેડલ વિજેતા તીરંદાજ છે. શીતલ અને રાકેશ કુમારની જોડીએ મિક્સ્ડ કમ્પાઉન્ડ ઇવેન્ટમાં બ્રૉન્ઝ મેડલ મેળવ્યો હતો. ખરેખર તો હરવિન્દર સિંહ પૅરાલિમ્પિક્સની આર્ચરીની સ્પર્ધાની ફાઇનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય ઍથ્લીટ બન્યો હતો. હવે તે મિક્સ્ડ-ઇવેન્ટમાં પણ મેડલ જીતી શકે.

અગાઉ એશિયન ગેમ્સમાં પણ હરવિન્દર સિંહ કમાલ બતાવી ચૂક્યો છે. ૨૦૧૮માં જકાર્તાની એશિયન ગેમ્સમાં તે ગોલ્ડ મેડલ અને ગયા વર્ષની હાંગઝો એશિયન ગેમ્સમાં બ્રૉન્ઝ જીત્યો હતો.

ધરમબીરે બુધવારે ક્લબ-થ્રોની એફ-૫૧ કૅટેગરીની હરીફાઈમાં વ્હીલચેર પર બેઠાં-બેઠાં લગભગ ૪૦૦ ગ્રામ વજનનું ક્લબ ૩૪.૯૨ મીટર દૂર ફેંક્યું હતું અને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. એ સાથે, તેણે એશિયન રેકૉર્ડ તોડી નાખ્યો હતો. આ જ ઇવેન્ટમાં ભારતનો પ્રણવ સૂરમા (૩૪.૫૯ મીટર) બીજા નંબરે આવીને સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે સર્બિયાનો ફિલિપ ગ્રેઑવેચ (૩૪.૧૮ મીટર) બ્રૉન્ઝ જીત્યો હતો.

થોડાં વર્ષ પહેલાં ધરમબીરે ખોટા સાહસમાં નહેરમાં ડાઇવ મારી હતી, પણ તેને અકસ્માત નડ્યો હતો જેમાં તેના કમરથી નીચેના ભાગમાં લકવો થઈ ગયો હતો. ૩૫ વર્ષના ધરમબીરે બુધવારનો ગોલ્ડ મેડલ ટીમના સાથી ઍથ્લીટ અને કોચ અમિત કુમાર સરોહાને અર્પણ કર્યો હતો.

બુધવાર સુધીમાં ભારત જે ૨૪ મેડલ જીત્યું એમાં પાંચ ગોલ્ડ, નવ સિલ્વર અને દસ બ્રૉન્ઝ મેડલનો સમાવેશ હતો.

### સીબીએસઇ

બેસવા જઈ રહેલા વિદ્યાર્થીઓની મદદથી શાળાઓ ઓનલાઈન માધ્યમથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે. ઓનલાઈન રજિસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ ૪ ઓક્ટોબર ૨૦૨૪ નક્કી કરવામાં આવી છે.

સીબીએસઇ તરફથી જાહેર કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ, રજિસ્ટ્રેશન માટે સૌ પ્રથમ સીબીએસઇની સત્તાવાર વેબસાઇટ cbse.gov.in પર જવું પડશે. આ પછી તમારે પરીક્ષા સંગમ પોર્ટલ પર ક્લિક કરવાનું રહેશે. હવે અહીંથી શાળાઓ વિદ્યાર્થીઓની વિગતો આપીને રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી શકશે.

આ પરીક્ષામાં બેસવા માટે ભારતીય વિદ્યાર્થીઓએ ૫ વિષયો માટે ૧૫૦૦ રૂપિયા ફી જમા કરાવવાની રહેશે. જો વધારાનો વિષય પસંદ કર્યો હોય તો વધુ ૩૦૦ રૂપિયા જમા કરાવવાના રહેશે. જો લેટ ફી સાથે અરજી કરે છે તો દરેક વિદ્યાર્થીએ ૨,૦૦૦ રૂપિયાની વધારાની ફી જમા કરવાની રહેશે. લેટ ફી સાથે રજિસ્ટ્રેશન ૫ ઓક્ટોબરથી ૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી કરી શકાશે. વિદેશી વિદ્યાર્થીઓએ ૫ વિષય દીઠ ૧૦૦૦૦ રૂપિયા ફી તરીકે જમા કરાવવાના રહેશે. આ સિવાય ઉમેદવારોએ પ્રેક્ટિકલ ફી પણ જમા કરાવવાની રહેશે. ભારત અને નેપાળના વિદ્યાર્થીઓએ વિષય દીઠ ૧૫૦ રૂપિયા ચૂકવવા પડશે. આ સિવાય અન્ય દેશોના વિદ્યાર્થીઓએ વિષય દીઠ ૩૫૦ રૂપિયા ફી ચૂકવવા પડશે. રજિસ્ટ્રેશન સંબંધિત અન્ય વિગતો માટે ઉમેદવારોએ વેબસાઇટની મુલાકાત લેવી જોઇએ અને સત્તાવાર નોટિફિકેશન વાંચવાની સલાહ આપવામાં આવે છે.

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માટે ૧૧ નદીઓ પર પુલ નિર્માણનું કાર્ય પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ મુંબઇ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ પૂરપાટ ઝડપે આગળ વધી રહ્યું છે. ગુજરાતમાં આકાર પામનારા ૨૦ બ્રિજમાંથી ૧૧ નદીઓ પરના બ્રિજનું કામ પૂર્ણ થયું છે. ગુજરાત અને મહારાષ્ટ્ર પ્રોજેક્ટનું કામ બન્ને રાજ્યોમાં પૂરજોશથી ચાલી રહ્યું છે. દરમિયાન નવસારી જિલ્લામાં આવેલી કાવેરી નદી પર બ્રિજનું કામ ગત ૨૫ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ પૂર્ણ થયું હતું. આ બ્રિજની અન્ય વિગતો અંગે જાણીએ તો બ્રિજની લંબાઇ ૧૨૦ મીટર છે જેમાં ૩ ફુલ સ્પાન ગર્ડર (દરેક ૪૦ મીટર)નો સમાવેશ થાય છે. બ્રિજના થાંભલાઓની ઊંચાઇ ૧૩થી ૨૧ મીટર જેટલી છે, જેમાં ૪ મીટર વ્યાસનો એક થાંભલો અને ૫ મીટર વ્યાસના ત્રણ થાંભલા છે.

આ પુલ વાપી અને બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે છે. આ બંને સ્ટેશનો વચ્ચે કોલક, પાર અને ઔરંગા નદીઓ પર પુલનું નિર્માણ પણ પૂર્ણ થઈ ગયું છે. આ નદી અંબિકા નદીની ઉપનદીઓમાંની એક છે, જે મહારાષ્ટ્ર રાજ્ય સાથે ગુજરાત રાજ્યના સરહદી વિસ્તારમાં વાંસદા તાલુકાના ટેકરીઓમાં ઉદ્ભવે છે. કાવેરી નદી, વાપી બુલેટ ટ્રેન સ્ટેશનથી ૪૬ કિ.મી. અને બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશનથી ૦૪ કિ.મી.ના અંતરે છે. નદીના અન્ય પુલોનાં બાંધકામ પર નજર નાખીએ તો પાર (વલસાડ જિલ્લો), પૂર્ણા (નવસારી જિલ્લો), મીંઢોલા (નવસારી જિલ્લો), અંબિકા (નવસારી જિલ્લો), ઔરંગા (વલસાડ જિલ્લો), વેંગાનિયા (નવસારી જિલ્લો), મોહર (ખેડા જિલ્લો), ધાધર (નવસારી જિલ્લો), પર બ્રિજ નિર્માણ કરવામાં આવ્યા છે. ■

# સુરતમાં આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જળસંચય યોજનાનો શુભારંભ કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રિય જલશક્તિ મંત્રાલય અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ૬ઠ્ઠી સપ્ટેમ્બરે સુરતથી જલસંચય જનભાગીદારી યોજનાનો શુભારંભ થશે. આ પ્રસંગે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે.

કેન્દ્રિય જલશક્તિ મંત્રાલય દ્વારા દેશના રાજ્યોમાં જળસંચય સંબંધિત કામગીરી માટે ‘કેચ ધ રેઈન, વ્હેર ઈટ ફોલ્સ-વ્હેઈન ઈટ ફોલ્સ...’ થીમ સાથે ૨૦૨૧થી જળશક્તિ અભિયાન હાથ ધરાય છે. ૨૦૨૪ના આ વર્ષમાં નારીશક્તિ સે જલશક્તિ’ થીમ સાથે ૯ની માર્ચ ૨૦૨૪થી ૩૦ નવેમ્બર ૨૦૨૪ સુધી જળશક્તિ અભિયાન યોજાઈ રહ્યું છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લા કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સ બેઠક યોજીને અભિયાનને વ્યાપક સફળ બનાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું. કેન્દ્રિય જલશક્તિ પ્રધાને સી. આર. પાટીલ તથા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સુરતથી કાર્યક્રમમાં જોડાશે

વડા પ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે ગુજરાતના સુરતમાં ‘‘જલ સંચય જન ભાગીદારી’’ પહેલ શરૂ કરશે. જેનો હેતુ જળ સંરક્ષણમાં સમુદાયની સામલેગીરીને મજબૂત કરવાનો છે.

આ પહેલ ગુજરાતમાં નાગરિકો, સ્થાનિક સંસ્થાઓ, ઉદ્યોગો અને હિસ્સેદારોને વરસાદી પાણીના સંગ્રહના માળખાને અમલમાં મૂકવાનો છે. જળ-વ્યવસ્થાપન પ્રથાઓને પ્રોત્સાહન આપશે અને સમગ્ર દેશમાં જળ સુરક્ષામાં વધારો કરશે તેવી અપેક્ષા છે.

આ પહેલ હેઠળ બાંધવામાં આવેલ સ્ટ્રક્ચર્સ રેઈન વોટર હાર્વેસ્ટિંગમાં મહત્વની ભૂમિકા ભજવશે, જે સમુદાય સંચાલિત જળ સંરક્ષણમાં ગુજરાતની સફળતા દર્શાવે છે અને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીની ભાગીદારીને પ્રોત્સાહિત કરશે.

વડા પ્રધાને ઘણી વખત જળ સંરક્ષણને રાષ્ટ્રીય મિશન તરીકે પ્રકાશિત કર્યું છે, જે ટકાઉ જળ વ્યવસ્થાપન માટે તેમની લાંબા સમયથી ચાલતી હિમાયતને પ્રતિબિંબિત કરે છે. આ પ્રક્ષેપણમાં દેશભરના રાજ્ય નોડલ અધિકારીઓની સંડોવણી સાથે, આ ઇવેન્ટ આવનારી પેઢીઓ માટે ટકાઉ, જળ-સુરક્ષિત ભાવિ બનાવવાના રાષ્ટ્રીય મહત્વને દર્શાવે છે. ■

# વલસાડમાં ડેન્ગ્યૂથી યુવતીનું મોતઃ વરસાદ વચ્ચે રોગચાળાનો કેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લામાં છેલ્લા એક મહિનાથી હળવાથી ભારે વરસાદી વાતાવારણ વચ્ચે હવે ચોમાસુ રોગચાળાએ પણ કહેર મચાવ્યો છે. શહેરની ખાનગી હૉસ્પિટલમાં ડેંગ્યૂમાં સારવાર દરમ્યાન ૨૩ વર્ષીય યુવતીનું મોત થયું હતુ. વલસાડ જિલ્લામાં ડેન્ગ્યૂના કેસો સામે આવતા આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દોડતું થયું છે. વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. ડેન્ગ્યૂને લઈને મચ્છરનો ઉપદ્રવ ઘટાડવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વલસાડ જિલ્લામાં ધીમે-ધીમે ડેન્ગ્યૂના કેસોએ માથું ઊંચકયું છે, યુવતીનું ડેન્ગ્યૂના કારણે વલસાડની ખાનગી હૉસ્પિટલમાં મોત નિપજતાં વલસાડની આરોગ્ય વિભાગની કામગીરી સામે સવાલો ઊઠી રહ્યા છે. વલસાડની હૉસ્પિટલના તબીબ ડેન્ગ્યૂના કારણે યુવતીનું મોત થયુ હોવાનું જણાવી રહ્યા છે.

ડેન્ગ્યૂના લક્ષણો જણાતા તેને વધુ સારવાર માટે વલસાડની ખાનગી હૉસ્પિટલમાં ખસેડાયા હતા, પરંતુ ડેન્ગ્યૂના કારણે તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. યુવતી ડેન્ગ્યૂનો શિકાર બનવા છતાં પણ વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગે ગંભીરતા દાખવી નહીં હોવાના આક્ષેપો થઇ રહ્યાં છે. ■

# શિક્ષક દિને જ ભાવિ શિક્ષકો રસ્તા પરઃ ગાંધીનગરમાં આંદોલન શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી રાજ્ય સરકાર દ્વારા કાયમી શિક્ષકોની ભરતી કરવાને બદલે કરાર આધારિત જ્ઞાનસહાયકોની ભરતી કરવામાં આવી રહી છે. જેને કારણે ઉમેદવારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગુરુવારે શિક્ષક દિને જ ભાવિ શિક્ષકો રસ્તા પર ઊતર્યા હતા, ગાંધીનગરમાં ફરી એકવાર ટેટ-ટાટ પાસ ઉમેદવારોનું આંદોલન શરૂ થયું છે, શિક્ષકોની ભરતી તાત્કાલિક શરૂ કરવાની માંગણી સાથે મોટી સંખ્યામાં ભાવિ શિક્ષકો ગાંધીનગરમાં ઉમટી પડ્યા હતા.

ટેટ-ટાટ પાસ ઉમેદવારોએ આંદોલન અંગે જણાવ્યું હતું કે, મુખ્ય પ્રધાને જાહેરાત કર્યા પછી પણ કાયમી ભરતી કરાતી નથી. શિક્ષક દિને જ શિક્ષકો આંદોલનના મૂડમાં જણાતાં પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી, સચિવાલય બહાર વિરોધ કરી રહેલા ઉમેદવારોને ડિટેઈન કરાતાં અન્ય ઉમેદવારો ચ-૩ અને ઘ-૩ સર્કલ પર પહોંચ્યા હતા અને ત્યાં પણ ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

રાજ્ય સરકારે અગાઉ શિક્ષકોની ભરતીની જાહેરાત કરી હતી, જેમાં ટાટ એચએસની ૪ હજાર જગ્યાની ભરતી માટે ૧ સપ્ટેમ્બરે નોટિફિકેશન જાહેર થશે એવું કહેવામાં આવ્યું હતું. નોટિફિકેશન જાહેર ન થતાં ઉમેદવારોએ આંદોલનની જાહેરાત કરી હતી. રાજ્યમાં ખાલી પડેલી ઉમેદવારોની જગ્યા પર ભરતી અંગે ગુરુવારે ગાંધીનગરમાં ઉમેદવારો ધરણાં પ્રદર્શન કરવા માટે પહોંચ્યા હતા. ધરણાંને કારણે એક તરફનો રોડ બંધ થઈ જતાં ટ્રાફિકજામનાં દૃશ્યો સર્જાયાં હતાં.

શિક્ષકોને રસ્તા પર જોઈને ગાંધીનગરમાં ચુસ્ત પોલીસ બંદોબત ગોઠવવામાં આવ્યો હતો, પોલીસે એક રસ્તો બંધ કરાવ્યો હતો, ઉમેદવારોએ શિક્ષણ પ્રધાન અને મુખ્ય પ્રધાન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ■

# રાજ્યના ૨૧ જિલ્લાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃપુસ્તક વાંચનના મહત્ત્વને ધ્યાનમાં રાખીને ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના નાગરિકો માટે ‘વાંચે ગુજરાત’ અભિયાનની શરૂઆત કરાવી હતી. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન ગુજરાતના તમામ પુસ્તકાલયોને ગ્રંથથી સમૃદ્ધ બનાવવાનું આયોજન કર્યું હતું. આ જ દિશામાં આગળ વધવા માટે રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

દર વર્ષે ૬ સપ્ટેમ્બરનો દિવસ ‘નેશનલ રીડ અ બુક ડે’ એટલે કે ‘રાષ્ટ્રીય પુસ્તક વાંચન દિવસ’ તરીકે મનાવવામાં આવે છે. આ દિવસનો ઉદ્દેશ વાંચનના આનંદની ઉજવણી કરવાનો છે, તેમજ વાંચનની પ્રવૃત્તિમાં લોકો રસ લેતા થાય તે માટે તેમને પ્રોત્સાહિત કરવાનો છે.

રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રહેતા આદિવાસી સમુદાયોના લોકોમાં વાંચન પ્રત્યે રસ જાગૃત થાય અને તેઓ વાંચન માટે પ્રેરાય તેવા ઉદ્દેશ્યથી રાજ્યના તમામ આદિવાસી તાલુકાઓમાં પણ પુસ્તકાલયો કાર્યરત કરવાનું આયોજન છે. આ અંતર્ગત, રાજ્યના ૭ આદિજાતિ જિલ્લાઓના ૧૪ તાલુકાઓમાં પુસ્તકાલયો શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં પુસ્તકાલયો શરૂ કરવા અંગે પણ રાજ્ય સરકારે વિચાર કર્યો છે. સરકારે સમાજના વાંચન રસિક નાગરિકોને જાહેર ગ્રંથાલયની સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત થાય તે માટે ચાલુ વર્ષે રાજ્યમાં વધુને વધુ અનુદાનિત ગ્રંથાલયો શરૂ કરવાનું આયોજન કરાયેલ છે. સરકારી તાલુકા ગ્રંથાલય શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ■

# મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનામાં ૨૧ અનાથ બાળકોના શિક્ષણની જવાબદારી જયસુખ પટેલના શિરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનામાં અનાથ થયેલા બાળકોના હિતમાં હાઇ કોર્ટે મહત્ત્વનો આદેશ આપ્યો હતો, આ ઘટનામાં કુલ ૨૧ બાળકો અનાથ થયાં હતાં, ઓરેવા કંપનીના માલિક જયસુખ પટેલને, તમામ અનાથ છોકરીઓના લગ્ન વિષયક, બાળકોના શિક્ષણ ખર્ચ તથા પ્રોફેશનલ કોર્સ માટે તમામ ખર્ચ ભોગવવાનો હુકમ કર્યો હતો. બાળકોને સારુ શિક્ષણ મળે તે અંગેની તમામ જવાબદારી હાઈકોર્ટે જયસુખ પટેલને શિરે નાખી હતી.

કોર્ટ અધિકારી ઐશ્વર્યા ગુપ્તાએ ૨ ભાગમાં અહેવાલ કોર્ટમાં રજૂ કર્યો હતો, જેમાં મોરબી દુર્ઘટનામાં પીડિત બાળકોના ભવિષ્યને લઈને કોર્ટે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ દુર્ઘટનામાં કુલ ૨૧ બાળકો અનાથ થયાં હતાં ૧૪ બાળકો એવા છે જેમણે માતા અથવા પિતા ગુમાવ્યા છે. તેમ જ ૭-૮ છોકરીઓ છે જેમાં કેટલીક છોકરીઓની ઉંમર ખૂબ નાની છે. ■

# કર્મચારીઓ માટે કર્મયોગી ઍપમાં રજિસ્ટ્રેશન ફરજિયાતઃ પગાર રોકવાની સરકારની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા અત્યાધુનિક રીતે ઓનલાઇન મહત્તમ કામગીરી થાય તે માટે કર્મયોગી એપ્લિકેશન ૨.૦ લોન્ચ કરવામાં આવી હતી. માનવ સંસાધન વ્યવસ્થાપન પ્રણાલીના ભાગરૂપે તૈયાર કરાયેલી આ કર્મયોગી એપ્લિકેશનનો ઉપયોગ તમામ કર્મચારી-અધિકારીઓ કરે તે માટે વખતોવખત સૂચનાઓ પણ જાહેર કરવામાં આવી છે, ત્યારે જુલાઈના અંતમાં એપ્લિકેશનના યુઝર રજિસ્ટ્રેશન સંદર્ભે વધુ એક ઠરાવ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે, જેમાં કર્મયોગી ઍપમાં યુઝર રજિસ્ટ્રેશન નહીં હોય તેનો પગાર અટકાવવાનો નિર્ણય કર્યો હતો.

આ સુધારા ઠરાવ અંતર્ગત જે તે કચેરીના મંજૂર કર્મચારી મહેકમ મુજબની જગ્યા કર્મયોગી એપ્લિકેશનમાં ઊભી થયા બાદ તથા કચેરી ખાતે એડમિન રાઈટ મેળવ્યા બાદ જે તે કચેરી દ્વારા એડમિન લોગ ઈનમાંથી યુઝર રજિસ્ટ્રેશનની કામગીરી પૂરી કરવાની રહેશે.

જો આ કામગીરી નહીં કરવામાં આવે તો સંબંધિત કચેરીના વડાનો સપ્ટેમ્બરનો પગાર રોકવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત સંબંધિત કચેરીના વડા દ્વારા જે તે મહિનાના પગાર બિલ સાથે કચેરીના તમામ કર્મચારીનું રજિસ્ટ્રેશન કર્મયોગી એપ્લિકેશનમાં થઈ ગયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. તિજોરી અધિકારી દ્વારા પ્રમાણપત્રની ખાતરી કર્યા બાદ જ પગાર બિલ અંગે કાર્યવાહી કરવામાં આવશે તેમ પરિપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કર્મયોગી એપ્લિકેશન ૨.૦ લોન્ચ કરવામાં આવી હતી, જેમાં તબક્કાવાર લીવ, એલટીસી, વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ, કર્મચારીની નોંધણી, સર્વિસ બુક વિગેરે મોડ્યુલ્સને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલ સાથી એપ્લિકેશન પરથી છેલ્લા ત્રણ વર્ષનો કામગીરી મૂલ્યાંકન અહેવાલ કર્મયોગી ઉપર તબદીલ કરાયો છે. ■

# રાપરના સુજાવાંઢમાં પુત્રીને અપહરણકારોથી બચાવવા જંગે ચઢેલી માતાની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સીમાવર્તી રાપર તાલુકાના ફતેગઢ નજીકના સુજાવાંઢમાં પોતાની સગીર વયની પુત્રીને અપહરણકારના ચુંગાલમાંથી છોડાવવા માટે વચ્ચે પડેલી માતાની અપહરણકારોએ છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેતાં પંથકમાં ચકચાર ફેલાઈ છે. મૂળ લોદ્રાણીના અને છેલ્લા કેટલાક વર્ષોથી સુજાવાંઢમાં મજૂરીકામ કરનારાં જમણીબેન બાબુ કોલી (પારકરા) (ઉ. વ.૫૦) તેમની સગીર વયની પુત્રી સાથે વાડીએ જતા હતા ત્યારે હુમલાખોરો દ્વારા પુત્રીનો અપહરણ કરવાનો પ્રયાસ કરાયો હતો. વચ્ચે પડેલી તેની માતા જમણીબેન કોલી ઉપર અપહરણકારોએ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી દેતાં તેમનું બનાવસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. હુમલો કર્યા બાદ આરોપીઓ સગીરાનું અપહરણ કરીને નાસી ગયા હતા. ઘટનાની જાણ થતા રાપર પોલીસ દ્વારા મૃતદેહને રાપર સરકારી હૉસ્પિટલ લઈ આવીને પંચનામા અને પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સગીરા સાથે પરણિત આરોપીને પ્રેમ સબંધ હોવાનું કારણ અને હુમલાખોરો પણ (પારકરા) કોલી સમાજનાં અને ફતેગઢ, લોદ્રાણીનાં હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ■

# ધો.૯ અને ૧૧ની પરીક્ષામાં પણ હવે જનરલ વિકલ્પઃ ૭૦ ટકા વર્ણનાત્મક પ્રશ્નો પુછાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની માફક ધોરણ ૯ અને ૧૧ની પરીક્ષાના માળખામાં પણ મોટો ફેરફાર જાહેર કર્યો હતો, નવી બદલાયેલી પદ્ધતિ મુજબ હવેથી ધોરણ ૯ અને ૧૧ની પરીક્ષામાં જનરલ વિકલ્પ આપવામાં આવશે તેમજ હેતુલક્ષી પ્રશ્નો ૩૦ ટકા પુછાશે. જ્યારે વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો ૭૦ ટકા પૂછવામાં આવશે.

અત્યાર સુધીના નિયમ મુજબ ૨૦ ટકા હેતુલક્ષી અને ૮૦ ટકા વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો પુછાતા હતા. આ નિર્ણયથી થોડા માર્કસ માટે નાપાસ થતાં વિદ્યાર્થીઓને પરીક્ષા પાસ કરવામાં મદદરૂપ થશે. બોર્ડના આ નિર્ણયથી ધોરણ ૯ના અંદાજે ૯ લાખ જેટલા અને ધોરણ ૧૧ના ૬ લાખથી વધુ મળી અંદાજે કુલ ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓની પરીક્ષામાં ફેરફાર થશે.

બોર્ડ દ્વારા આંતરિકના બદલે જનરલ વિકલ્પની જોગવાઈ લાગું કરાઈ છે, અત્યાર સુધી જે આંતરિક વિકલ્પની જોગવાઈ હતી એ મુજબ એક પ્રશ્નના અથવામાં એક પ્રશ્ન પૂછવામાં આવતો હતો. જેથી વિદ્યાર્થીએ બેમાંથી કોઈ એક પ્રશ્ન લખવો અનિવાર્ય હતું. આમ વર્ણનાત્મક પ્રકારના તમામ પ્રશ્નો એ મુજબ પુછાતા હતા.

જોકે હવે જનરલ વિકલ્પમાં પાંચ પ્રશ્ન પૂછવામાં આવ્યા હોય અને એમાંથી કોઈપણ ત્રણ કે ચાર પ્રશ્ન લખવાનો થાય. આમ જનરલ ઓપ્શનના લીધે વિદ્યાર્થીએ અમુક પ્રકારની સીમિત તૈયારી કરી હોય તો પણ તે પાસ થઈ શકે એટલો ન્યાય આપી શકે એવો નિષ્ણાતોનો અભિપ્રાય છે. ■

# વડોદરા પાલિકાને એક સપ્તાહમાં પાંચ હજારથી વધુ ફરિયાદો મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં ઐતિહાસીક પૂરનાં પાણી ઓસર્યા બાદ તંત્રને એક સપ્તાહમાં વિવિધ માધ્યમથી ૫ હજારથી વધુ ફરિયાદો પાલિકાને મળી હોવાનું બહાર આવ્યું છે. આ ફરિયાદો પૈકી ડ્રેનેજ-સ્ટોર્મ વોટર, ગાર્બેજ, સ્ટ્રીટ લાઇટ તથા ડોર ટુ ડોર કલેક્શનના વિષયોને લાગતી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. જો કે, તંત્રના દાવા અનુસાર, તમામનું સંકલન કર્યા બાદ મૂળ ફરિયાદની સંખ્યા ૨૪૦૦ જેટલી થવા પામે છે. વડોદરાને પુન બેઠું કરવા માટે તંત્ર દિવસ રાત એક કરી રહ્યું છે, જે પ્રયત્નો પ્રત્યેક વડોદરાવાસી જોઇ શકે છે.

વડોદરાવાસીઓએ ત્રણ-ચાર દિવસ પૂરની પરિસ્થિતિમાં વિતાવ્યા હતા. પૂરના પાણી ઓસર્યા બાદ વિવિધ માધ્યમો દ્વારા લોકો પોતાની સમસ્યા પાલિકાને જણાવી રહ્યા છે. અને તેનું સમાધાન માંગી રહ્યા છે. વડોદરા મનપાને વિતેલા એક સપ્તાહમાં પાલિકાના વિવિધ વિભાગોને ૫ હજારથી વધુ ફરિયાદો મળી હોવાનું સામે આવવા પામ્યું છે. જેમાં ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર અંગે - ૨૦૫૦, ગાર્બેજ - ૧૪૮૩, સ્ટ્રીટ લાઇટ - ૭૯૩ અને ડોર ટુ ડોર વિભાગની ૯૬૧ ફરિયાદો હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે, પાલિકાના વિવિધ વિભાગોની ફરિયાદોનું સંકલન કરતા તેની સંખ્યા ૨૪૦૦ જેટલી થઇ હોવાનો દાવો સત્તાધીશો દ્વારા કરવામાં આવી રહ્યો છે. શહેરને પૂરમાંથી બેઠું કરવા માટે વડોદરા પાલિકા દ્વારા દિવસ રાત મહેનત કરવામાં આવી રહી છે. અને આ વાત પ્રત્યેક વડોદરાવાસી જાણે છે. ■

# ગુજરાતમાં ભારે વરસાદથી જમીન અને પાકને નુકસાનઃ તમામ જિલ્લાઓમાં નુકસાનીનો સર્વે શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધોધમાર વરસાદના કારણે જમીન અને ખેતીના ઊભા પાકને ભારે નુકસાન થયું છે, જેથી રાજ્યમાં ખેડૂતોની હાલત દયનિય બની છે, ખેડૂતોને નુકસાનીનું વળતર મળે તે માટે સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લામાં નુકસાની સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. ઇનપુટ લોસ અને પ્રોડક્શન લોસના સર્વે થશે. ઇનપુટ લોસમાં ખાતર, બિયારણ, મજૂરીનો સર્વે થશે. ઇનપુટ લોસમાં ખાતર, બિયારણ, મજૂરીનો સર્વે થશે.

પ્રોડક્શન લોસમાં સંપૂર્ણ પાક નિષ્ફળનો પણ સર્વે કરવામાં આવશે, પ્રોડક્શન લોસ એટલે બીજી વાર વાવણી ન થાય અને વર્ષ નિષ્ફળ થાય તે સર્વે કરવામાં આવશે. સર્વે પૂર્ણ થયા બાદ નુકસાનીના અંદાજના આધારે રાહત પેકેજ જાહેર કરવામાં આવશે. એસડીઆરએફના ધારા ધોરણ મુજબ સહાય જાહેર કરવામાં આવશે. ભારે વરસાદના કારણે જમીન ધોવાણ સહાયમાં વધારો કરવા બાબતે સરકાર પુનઃ વિચારણા કરી શકે છે.રાજ્યના ૧૬ જિલ્લામાં પાક અને જમીન ધોવાણને લઈને મોટું નુકસાન છે. ઓક્ટોમ્બરના બીજા પખવાડિયામાં સરકાર સહાય જાહેર કરી શકે છે. ■

# ગુજરાતમાં ગુટકા, તમાકુના વેચાણ, સંગ્રહ અને વિતરણ પરનો પ્રતિબંધ એક વર્ષ લંબાવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ પર હાલ પ્રતિબંધ છે. રાજ્ય સરકારે આ પ્રતિબંધ આગામી તા. ૧૩ સપ્ટેમ્બર-૨૦૨૪થી વધુ એક વર્ષ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત ખોરાક અને ઔષધ નિયમન તંત્રના જણાવ્યા અનુસાર ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અન્વયેના નિયમો તથા રેગ્યુલેશન-૨૦૧૧ હેઠળ આ પ્રતિબંધ મૂકાયો છે. જેમાં કોઇપણ ખાદ્યચીજમાં તમાકુ કે નિકોટીન ઉમેરવું એ પ્રતિબંધ છે. ગુટકામાં તમાકુ કે નિકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ નુકસાન થતું હોય છે. જેથી નાગરિકો તથા ભાવિ પેઢીના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે ગુટકા પર પ્રતિબંધ મૂકવો જરૂરી હોઇ, આ નિર્ણય કરાયો છે.

આ નિયમનો ભંગ કરનાર સામે કડક હાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત કોઇપણ વેપારી ગુટકા કે પાનમસાલા કે જેમાં તમાકુ કે નિકોટીનની હાજરી હોય તેના વેચાણ, સંગ્રહ અને વિતરણ કરતા પકડાશે તો, તેને કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે. ■

# અંજારના ખીરસરા ખાતેના સોલાર પ્લાન્ટમાં બે શ્રમિકોને વીજ કરંટ લાગ્યોઃ એકની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રણપ્રદેશ કચ્છમાં ઔદ્યોગિક અકસ્માતોનો વણથંભ્યો સિલસિલો યથાવત્ રહેતો હોય તેમ પૂર્વ તરફના અંજાર પાસેના ખીરસરા ખાતે આવેલા સોલાર પ્લાન્ટમાં બે શ્રમિકોને જોરદાર વીજ આંચકો લાગતાં આ શ્રમિકોને ભુજની ખાનગી હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયાં છે. જેમાંથી એકની હાલત અતિ ગંભીર છે. ગત મંગળ-બુધવારની મધરાત્રે બેથી અઢી વાગ્યાના અરસામાં આ દુર્ઘટના બની હતી જેમાં મીત ગોહિલ (૩૪, રહે. અંજાર) અને અતુલ દુબે (૨૯, રહે. નવાગામ)ને પ્લાન્ટમાં કામ કરતી વેળાએ વીજ કરંટ લાગતાં તેઓ દાઝી ગયાં હતાં. બંનેમાંથી મીત ગોહિલની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.દુધઈ પોલીસે ઘટના અંગે જાણવાજોગ નોંધ કરીને તપાસ હાથ ધરી છે. ■

# શિક્ષક દિને ૨૮ શ્રેષ્ઠ શિક્ષકોનું મુખ્ય પ્રધાનના હસ્તે પારિતોષિકથી સન્માન

અમદાવાદઃ શિક્ષક દિવસ નિમિત્તે ગુરુવારે રાજ્યભરમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી, અમદાવાદના પાલડીના ટાગોર હોલમાં શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો હતો, જેમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શિક્ષણપ્રધાન કુબેર ડિંડોર, પ્રધાન પ્રફુલ પાનસેરિયા અને અમદાવાદના ધારાસભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન રાજ્યના ૨૮ શિક્ષકોની શ્રેષ્ઠ શિક્ષકો તરીકે તેમની કામગીરીમાં આધારે પસંદગી કરવામાં આવી હતી. સરકારી પ્રાથમિક સ્કૂલોના ૧૪ શિક્ષકો, માધ્યમિક સ્કૂલોમાં ૫ શિક્ષકો, ઉચ્ચતર માધ્યમિક સ્કૂલમાં ૧ શિક્ષક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ૪ આચાર્ય, ૪ સી.આર.સી, બી.આર.સી, મદદનીશ શિક્ષણ નિરીક્ષક, એચ. ટાટ મુખ્ય શિક્ષકો થઈને કુલ ૨૮ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. અમદાવાદના બે શિક્ષક જે પોતે ખિસ્સાનાં ખર્ચે પણ વિદ્યાર્થિઓને તમામ પ્રકારની મદદ કરી રહ્યા છે, તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ શિક્ષકોએ પોતાની કામગીરી સિવાય વિદ્યાર્થિનીઓનો ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે પ્રયત્ન કરીને અનેક વિદ્યાર્થિઓને ભણાવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મંત્રી જ્ઞાનસાધના શિષ્યવૃત્તિ તેમજ મુખ્ય મંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ મેળવનારા ૧૦ લાભાર્થી વિદ્યાર્થીઓને પણ પ્રતીકાત્મકરૂપે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. ■

# ગુજરાતમાં ઓગસ્ટમાં જીએસટીની વસૂલાત ૧૦ હજાર કરોડને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રની જેમ ગુજરાતમાં પણ જીએસટીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં વેપાર ઉદ્યોગમાં ધમધમાટ યથાવત્ રહેતા ઓગસ્ટની જીએસટી આવક ૧૦,૦૦૦ કરોડને વટાવી ગઈ હતી. ૨૦૨૩ ના ઓગસ્ટ કરતા ૬ ટકાનો વધારો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા રાજયવાર જીએસટી આવકના ડેટા જાહેર કરવામાં આવ્યા હતા, જે અંતર્ગત ગુજરાતમાં ઓગસ્ટ ૨૦૨૪માં ૧૦૩૪૪ કરોડની આવક થઈ હતી ઓગસ્ટ ૨૦૨૩ માં તે ૯૭૬૫ કરોડ હતી. સૌથી વધુ ૨૬૩૬૭ કરોડની આવક મહારાષ્ટ્રની હતી. ગત વર્ષની સરખામણીએ તેમાં ૧૩ ટકાનો વધારો હતો. કર્ણાટકની ઓગસ્ટની જીએસટી આવક ૧૧ ટકાની વૃદ્ધિથી ૧૨.૪૪ કરોડની હતી.ગોવાની ૪ ટકા વધીને ૫૨૧ કરોડ, કેરળની ૯ ટકા વધીને ૨૫૧૧ કરોડ, તામિલનાડુની ૭ ટકા વધીને ૧૦૧૮૧ કરોડ, તેલંગાણાની ૪ ટકા વધીને ૪૫૬૯ કરોડ હતી. ■

# હવે ચોથા ધોરણ સુધીની સ્કૂલ સવારે આઠ વાગ્યે?

મુંબઈઃ બાળકોની ઊંઘ પૂરી થવી જોઇએ એવા ઉદ્દેશથી રાજ્યની બાળમંદિરથી ચોથા ધોરણ સુધીની શાળા સવારે ૯ વાગ્યા બાદ શરૂ કરવાનો નિર્ણય શિક્ષણ વિભાગ તરફથી ફેબ્રુઆરી મહિનામાં લેવામાં આવ્યો હતો.

એ નિર્ણયને સ્કૂલો તરફથી યોગ્ય પ્રતિસાદ સાંપડી રહ્યો ન હોવાને કારણે આ ધોરણમાં નજીકના સમયમાં જ ફેરફાર કરવામાં આવશે. તે અનુસાર પ્રિપ્રાઈમરીથી ચોથા ધોરણ સુધીની શાળા સવારે ૯ને બદલે ૮ વાગ્યે શરૂ કરવાનો નિર્ણય નજીકના સમયમાં જ જાહેર કરવામાં આવે એવી શક્યતા છે. સવારે ૯ વાગ્યા બાદ શાળા શરૂ કરવાના નિર્ણયને રાજ્યમાં મોટા ભાગના વાલીઓ, શિક્ષક સંગઠને સ્વાગત કર્યું છે. આ જ કારણથી શિક્ષણ વિભાગે સમયમાં ફેરફારની તૈયારી દર્શાવી હતી.

# ગેમિંગ ઍપ્સની ગજબ મૉડસ ઑપરેન્ડીઃ નાના રિટેલરો થકી પૈસા ટ્રાન્સફર કરે છે

મુંબઈઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઈડી) ગેરકાયદે ગેમિંગ અને સટ્ટાબાજીની એપ્સ સાથે જોડાયેલા મની લોન્ડરિંગનો પર્દાફાશ કર્યો છે, જેમાં શંકાસ્પદ રીતે સ્થાનિક દુકાનમાલિકો પણ સામેલ છે. આ દુકાનમાલિકો એવું માને છે કે તેઓ આરબીઆઈના ડોમેસ્ટિક મની ટ્રાન્સફર (ડીએમટી)ની ફ્રેમવર્કમાં છે, જેમણે અજાણતાં જ ગેરકાયદે જુગાર પ્રવૃત્તિઓ માટે ચુકવણીની સુવિધા આપી રહ્યા છે.

ડીએમટી દેશમાં કોઇ પણ બેંકખાતાંમાં ત્વરિત નાણાં ટ્રાન્સફર કરવાની મંજૂરી આપે છે. જેના હેઠળ બેંકો સ્થળાંતર કરનારાઓ પાસેથી રોકડ એકત્રિત કરવા અને તેને તેમના સંબંધીઓને મોકલવા માટે મધ્યસ્થી અને એજન્ટો નિયુક્ત કરી શકે છે. પ્રાપ્તિકર્તાના યુપીઆઈ ખાતામાં ટ્રાન્સફર થતાં પહેલાં એકત્રિત થયેલી રોકડ સામાન્ય ખાતામાં જમા કરવામાં આવે છે.

આ યોજનાનો હેતુ સ્થળાંતર કરનારાઓ માટે સરળ અને સુરક્ષિત મની ટ્રાન્સફર વિકલ્પ પ્રદાન કરવાનો છે, જેઓ ઔપચારિક બેંકિંગ સેવાઓથી એક્સેસ નથી. રોકડના થતા વ્યવહારમાં ઈડીની તપાસ તેમને દહીંસરની ઝૂંપડપટ્ટીમાં રહેતા ૪૦ વર્ષના મોબાઈલ એક્સેસરીઝની દુકાન ધરાવતા માલિક તરફ દોરી ગઇ હતી.

દુકાનમાલિક એવું વિચારતો હતો કે એ ફક્ત નિયમિત રીતે થતા ડીએમટી વ્યવહારનો સંભાળી રહ્યો છે, એ જાણીને ચોંકી ગયો હતો જ્યારે તેણે વ્યવહારો કર્યા હતા, જે ગેમિંગ-સટ્ટાબાજીની એપ્સના વિજેતાઓને ચૂકવવા માટેના હતા. મીરા રોડના નયા નગરમાં પણ રિટેલ શોપના માલિકને તેની જાણ બહાર આવી જ પ્રક્રિયાથી વ્યવહાર થયા હતા.

ગેરકાયદે ગેમિંગ-સટ્ટાબાજીના ઓપરેટરો મુખ્યત્વે વિદેશમાં સ્થિત આવા સટોડિયાઓ કરિયાણા સ્ટોર્સ, નાના રિટેલરો અને નકલી ઈ-કોમર્સ વેબસાઈટ્સનો ઉપયોગ જીતેલા પૈસાનું વિતરણ કરવામાં કરે છે. આવા વ્યવહારો સરકારી એજન્સીઓ માટે ગેરકાયદે ભંડોળને ટ્રેક કરવાનું અઘરું બનાવે છે. ઓપરેટરો વપરાશકર્તાઓને તેમની યોજનાઓમાં આકર્ષિત કરવા માટે વિવિધ તરકીબો અજમાવે છે અને જાણીતી સેલિબ્રિટીઝ અને સોશિયલ મીડિયાનો પણ સહારો લે છે. પ્રમોશનમાં ઘણી વાર બનાવટી વાતોને પણ સમાવવામાં આવે છે. વ્યવહારો સામાન્ય રીતે હવાલા નેટવર્ક, રોકડ ચુકવણી અથવા ક્રિપ્ટો કરન્સી દ્વારા હાથ ધરવામાં આવતા હોય છે. જોકે ઈડીની હવે આવી પ્રક્રિયા પર બાજ નજર હોવાનું અને અનેક કેસમાં કાર્યવાહી કરવામાં સફળતા મળી હોવાનું પણ જાણવા મળે છે.

# ગણેશભક્તો માટે વધારાની બેસ્ટની બસો અને મેટ્રો દોડાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશોત્સવ દરમિયાન ગણપતિબાપ્પાના દર્શન કરવા નીકળતા ભક્તોની સાથે જ વિસર્જન બાદ ભક્તો પોતાના ઘરે પહોંચી શકે તે માટે મોડી રાત સુધી વધારાની બસ દોડાવવાની સાથે મેટ્રો રેલવેની ટ્રેનેની ફેરીમાં વધારો કરવામાં આવ્યો છે. ગણેશોત્સવમાં મહામુંબઈ મેટ્રો ઓપરેશન કૉર્પોરેશન લિમિટેડ (એમએમએમઓસીએલ) દ્વારા મેટ્રો ટ્રેનની સેવામાં વધારો કરવામાં આવવાનો છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ના કમિશનર અને મહામુંબઈ મેટ્રોના અધ્યક્ષ સંજય મુખર્જીએ જણાવ્યું હતું કે તહેવાર દરમિયાન પરિવહન સેવામાં વધારો થાય અને નાગરિકોને હાલાકી થાય નહીં તે માટે મેટ્રો ટ્રેનની ફેરી વધારવામાં આવવાની છે. ગણેશોત્સવ દરમિયાન પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો હોય છે, તેને ધ્યાનમાં રાખીને ૧૧ સપ્ટેમ્બરથી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના સમયગાળામાં અંધેરી (પશ્ચિમ) અને ગુંદવલી આ બંને ટર્મિનલ પરથી છેલ્લી મેટ્રો ટ્રેન રાતના ૧૧ વાગ્યાને બદલે રાતના ૧૧.૩૦ વાગે છૂટશે.

અંધેરી (પશ્ચિમ) અને ગુંદવલી ટર્મિનલ પરથી છેલ્લી ટ્રેનનો સમય ૩૦ મિનિટથી વધારવામાં આવ્યો છે. બંને ટર્મિનલ પરથી વધારાની મેટ્રો ટ્રેન રાતના ૧૧.૧૫ અને ૧૧.૩૦ વાગે છૂટશે. ગુંદવલીથી દહિસર (પૂર્વ) અને અંધેરી (પશ્ચિમ)થી દહિસર (પૂર્વ) આ સ્ટેશન દરમિયાન ચાર વધારાની ફેરી ચાલુ કરવામાં આવશે.

મેટ્રો રેલની સાથે જ દર વર્ષની માફક આ વર્ષે પણ સાત સપ્ટેમ્બરથી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન ગણેશોત્સમાં ગણેશભક્તો માટે બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) દ્વારા મોડી રાત સુધી વધારાની બસ દોડાવવામાં આવવાની છે. મુખ્યત્વે દક્ષિણ મુંબઈ પરિસરથી ઉત્તર-પશ્ચિમ ઉત્તર-પશ્ચિમ મુંબઈ તરફ એટલે કે ગિરગામ, લાલબાગ, પરેલ, ચેંબુર તરફ બસ દોડાવવામાં આવશે. લિમિટેડ બસ નંબર ચાર, લિમિટેડ સાત, લિમિટેડ, આઠ, એ-૨૧, એ-૨૫, એ-૪૨, ૪૪, ૬૬, ૬૯ નંબરની બસની સેવા રાતના મોડે સુધી રહેશે. આ બસની વિશેષ સેવા રાતના ૧૦.૩૦ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે એવું બેસ્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું.

### કોસ્ટલ રોડ આખી રાત ચાલુ રહેશે

ગણેશોત્સવ દરમિયાન થનારી ભીડ અને ટ્રાફિકને ધ્યાનમાં રાખીને સાતથી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન કોસ્ટલ રોડને ૨૪ કલાક માટે વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે. મુંબઈ ટ્રાફિક પોલીસ ડિપાર્ટમેન્ટે પાલિકાને પત્ર લખીને ગણેશોત્સમાં ૨૪ કલાક માટે કોસ્ટલ ખુલ્લો રાખવાની માગણી કરી હતી, જેને પાલિકાએ માન્ય રાખી હોવાનું જાણવા મળ્યું છે. કોસ્ટલ રોડમાં બાન્દ્રા-વરલી સી લિંક પાસે જોડવાનું કામ હજી ચાલી રહ્યું હોવાથી હાલ સોમવારથી શુક્રવાર સવારના સાત વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી જ ખુલ્લો રાખવામાં આવે છે.

# નવી મુંબઇની મેટ્રોની ટિકિટો સસ્તી કરાઇ

થાણાઃ નવી મુંબઈમાં બેલાપુર-પેંધર મેટ્રો રેલ પ્રવાસના ભાડામાં ૩૩ ટકા જેટલો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડો ૭ સપ્ટેમ્બરથી અમલમાં આવશે એવી જાણકારી સિડકોના એક વરિષ્ઠ અધિકારીએ ગુરુવારે આપી હતી.

દરમાં ફેરફાર કરવામાં આવ્યા મુજબ હવેથી લઘુત્તમ ભાડું ૧૦ રૂપિયા રહેશે અને મહત્તમ ભાડું ૩૦ રૂપિયા હશે એમ રાજ્ય સંચાલિત ટાઉન પ્લાનિંગ ઓથોરિટી સિટી એન્ડ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા જણાવવામાં આવ્યું છે. ટ્રેન પ્રવાસના નવા દર અનુસાર હવે ૦-૨ કિ.મી. અને ૨-૪ કિ.મી.ના પ્રથમ પટ્ટા માટે ૧૦ રૂપિયા, ૪-૬ કિ.મી. અને ૬-૮ કિ.મી. માટે ૨૦ રૂપિયા અને ૮-૧૦ કિમી અને તેનાથી આગળના પટ્ટા માટે ૩૦ રૂપિયાની ટિકિટ થશે. અગાઉ, બેલાપુર ટર્મિનલથી પેંધર સુધીનું મેટ્રો ભાડું ૪૦ રૂપિયા હતું, જે હવે ઘટાડીને ૩૦ રૂપિયા કરવામાં આવ્યું હોવાનું રિલીઝમાં જણાવાયું છે. મુસાફરોને લાભ થાય તે માટે ભાડામાં ઘટાડો કરવામાં આવ્યો છે અને નવી મુંબઈના લોકોએ આ સેવાનો લાભ લેવો જોઈએ એમ સિડકોના મેનેજિંગ ડિરેક્ટર વિજય સિંઘલને ટાંકીને રજૂઆત કરવામાં આવી હતી. સીબીડી બેલાપુર, તળોજા એમઆઈડીસી અને સિડકોના ખારઘર સ્થિત હાઉસિંગ કોમ્પ્લેક્સને જોડતી બેલાપુર-પેંધર પર મેટ્રો ટ્રેન સર્વિસ ગયા વર્ષે ૧૭ નવેમ્બરે શરૂ થઈ હતી. (પીટીઆઈ)

# પુત્રીનો વિનયભંગ માતાની ફરિયાદ બાદ પિતાની ધરપકડ

થાણેઃ ડોંબિવલીમાં પુત્રીનો કથિત વિનયભંગ કરવા બદલ પિતાની ગુરુવારે ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

માનપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે આ ઘટના ૧૮ માર્ચે બની હતી, પણ બુધવારે રાતે બાળકીની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીએ તેની પુત્રીને પતિની દેખરેખ હેઠળ છોડી હતી અને તે નાગપુરમાં કોર્સ પૂરો કરવા ગઇ હતી. જોકે ૧૮ માર્ચે મોડી રાતે વીડિયો કૉલ દરમિયાન સતત રડી રહેલી પુત્રીએ માતાને બતાવ્યું હતું કે પિતા નગ્નાવસ્થામાં બેડ પર બેઠા છે.

દરમિયાન બાળકીના માતાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ભારતીય દંડસંહિતા અને પોક્સો (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરી ૩૬ વર્ષના પિતાની ધરપકડ કરી હતી.

# જખમી ગોવિંદાઓને વીમાનો લાભ જ મળ્યો નહીં

મુંબઈઃ ઊંચી દહીહાંડી ફોડવાની ઇચ્છાથી બનાવવામાં આવેલા ઊંચા માનવથર તૂટી પડવાને કારણે જખમી થયેલા એક પણ ગોવિંદાને આ વખતે અત્યાર સુધી વીમાનો એક રૂપિયો પણ મળ્યો નથી. રાજ્ય સરકારે લાખો રૂપિયા ખર્ચીને ગોવિંદાઓને વીમા કવચ આપ્યું, પણ ઉત્સવ પૂરો થયા બાદ વીમાનું સંરક્ષણ અપાવવા માટે મંડળોના પ્રયાસ નિષ્ફળ ગયા હોવાથી જખમી થયેલા ગોવિંદાની સારવારનો ખર્ચ તેના સંબંધીઓને ઉપાડવાનો વારો આવ્યો છે.

મુંબઈ-થાણે સહિત સંપૂર્ણ રાજ્યમાં ૨૭મી ઑગસ્ટે દહીહાંડીનો ઉત્સવ ઉજવાયો હતો. ઊંચા માનવથર બનાવી હાંડી ફોડવા માટે લાખો રૂપિયાનું ઇનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. ઇનામ મેળવવા માટે મંડળો વચ્ચે રીતસરની હોડ જામી હતી. સાત-આઠ-નવ થર બનાવવાનો દરેક મંડળનો પ્રયાસ રહ્યો જેમાં થર તૂટી પડવાને કારણે અનેક ગોવિંદાઓ ઘાયલ પણ થયા. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્ય સરકારે રાજ્યના અંદાજે ૭૫,૦૦૦ ગોવિંદાને શરતી વીમો આપવાનો નિર્ણય લીધો હતો. મહારાષ્ટ્ર રાજ્ય ગોવિંદા દહીહંડી એસોસિયેશને ૯૨૨ મંડળના ૭૫,૦૦૦, વસઇ-વિરાર પાલિકાએ ૯૯ મંડળના ૬,૦૦૦, દહીહંડી એસોસિયેશને ૫૧ મંડળના ૨,૮૧૮ તથા ડાયરેક્ટ આવેલા ૨૫૨ મંડળના ૧૬,૩૨૦ એમ કુલ ૧,૩૨૪ મંડળના અંદાજે ૧,૦૦,૧૩૮ ગોવિંદાને 'ઓરિએન્ટલ ઇન્શ્યુરન્સ કંપની' દ્વારા વીમા કવચ આપવામાં આવ્યું હતું. તે માટે રાજ્ય સરકારે અંદાજે રૂ. ૫૬,૨૫,૦૦૦ ખર્ચ કર્યા હતા. સરકારે મહારાષ્ટ્ર રાજ્ય દહીહંડી ગોવિંદા એસોસિએશન દ્વારા ઉક્ત કંપનીમાં પૈસા જમા કરાવ્યા હતા. દહીહાંડીના દિવસે ખાનગી, સરકારી અને સુધરાઇની હોસ્પિટલોમાં ૨૪૫ જખમી ગોવિંદા આવ્યા હતા તેમાંથી ૨૧૩ને સારવાર આપી રજા આપવામાં આવી હતી જ્યારે ૩૨ ગોવિંદા પર ઉપચાર ચાલી રહ્યો હતો.

# વસઈ-વિરારવાસીઓની અંધારામાં વીતે છે રાત

### ₹ ૮૬ કરોડ વીજળીનાં બિલની રકમ બાકી હોવાથી મહાવિતરણે કરી કાર્યવાહી

મુંબઈઃ વસઈ-વિરારમાં કાયમી સ્વરૂપે વીજપુરવઠો ખંડિત કરવામાં આવેલા રેસિડેન્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલિસ્ટ વીજગ્રાહકોએ મહાવિતરણના રૂ. ૮૬.૫૦ કરોડનાં વીજળીનાં બિલ ચૂકવવાના બાકી છે. ચુકવણી કરવાની આ રકમ અભય યોજનામાંથી વસૂલ કરવા માટે મહાવિતરણે હવે પ્રયાસ શરૂ કર્યા છે. વસઈ-વિરારમાં મહાવિતરણ તરફથી વીજપુરવઠો કરવામાં આવે છે. હાલની સ્થિતિમાં મહાવિતરણના ૧૦,૫૦૦ વીજગ્રાહક છે. આ પહેલાં અમુક વીજગ્રાહકોએ મહાવિતરણને વીજળીનાં બિલ ચૂકવ્યાં ન હોવાથી મહાવિતરણે તેઓના કાયમી સ્વરૂપે વીજજોડાણ કાપી નાખ્યાં છે. આમાં ૨૦૦૦ એચપી પાવરના વીજજોડાણ ધરાવતા ૪૯ ઈન્ડસ્ટ્રિયલિસ્ટ વીજગ્રાહકે રૂ. ૧૨.૫૦ કરોડ, જ્યારે રેસિડેન્શિયલ અને અન્ય ૨૧ હજાર વીજગ્રાહકોએ રૂ. ૭૪ કરોડ એમ કુલ રૂ. ૮૬.૫૦ કરોડ રકમની ચુકવણી કરી નથી.કરોડો રૂપિયાનાં વીજળીનાં બિલની રકમ બાકી રહી હોવાથી મહાવિતરણને આર્થિક નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે.હવે કાયમી સ્વરૂપે વીજપુરવઠો ખંડિત કરવામાં આવતાં વિવિધ ગ્રાહકો માટે આ અભય યોજના માટે અમલમાં મૂકવામાં આવી છે.

# બદલાપુર સ્ટેશને ગોળીબારથી ગભરાટ

### જૂના વેરને લીધે બનેલી ઘટનામાં આરોપી પકડાયો

મુંબઈઃ બદલાપુર રેલવે સ્ટેશન પર એક વ્યક્તિએ બે જણ પર ગોળીબાર કર્યો હોવાની ઘટના ગુરુવારે સાંજે બની હતી, જેને કારણે પ્રવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો.

ગોળીબારમાં એકને ઇજા પહોંચી હતી અને ગોળીબાર કરનારી વ્યક્તિને પોલીસે તાબામાં લીધી હતી, જેની પૂછપરછ કરવામાં આવી રહી છે. કેબલ વૉર, આર્થિક વિવાદ અથવા તો જૂની અદાવતને લઇ ગોળીબાર કરાયો હોવાનું પોલીસને લાગી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુરુવારે સાંજે છ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. બદલાપુર સ્ટેશન નજીકની બજારમાં ચાર જણ વચ્ચે વિવાદ થયો હતો. બાદમાં સ્ટેશન પર ફરી તેમની વચ્ચે વિવાદ થતાં વિકાસ નાના પગારે નામની વ્યક્તિએ બંદૂક કાઢીને બે જણ પર ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જેમાં ગોળી શંકર સંસારેના પગને ઘસાઇને પસાર થઇ હતી. શંકર સંસારે તેના સાથીદાર સાથે ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

દરમિયાન એક વીડિયોમાં ટ્રેક પર એક જણ ભાગતો અને તેની પાછળ અમુક લોકો જતા નજરે પડે છે. બીજા વીડિયોમાં પોલીસ શંકાસ્પદને પકડતી નજરે પડે છે. એ સમયે શકમંદની બંદૂક પડી હોવાનું અમુક લોકો પોલીસને કહી રહ્યા છે. ■

# કટાયેલી સામગ્રીનો પ્રતિમામાં ઉપયોગ કરાયોઃ કોર્ટને કહેવાયું

મુંબઈઃ સિંધુદુર્ગ જિલ્લામાં રાજકોટ કિલ્લા પર છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવા પ્રકરણે પોલીસે શિલ્પકાર જયદીપ આપ્ટેની કલ્યાણથી બુધવારે રાતના ધરપકડ કરી હતી. આપ્ટે પોતાના પરિવારને મળવા કલ્યાણ આવ્યો હતો, કારણ કે તે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરવા માગતો હતો, એવો દાવો તેમના વકીલે કર્યો હતો. આપ્ટે તથા આ કેસમાં અગાઉ ધરપકડ કરાયેલા સ્ટ્રક્ચરલ કન્સલટન્ટ ચેતન પાટીલને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ૧૦ સપ્ટેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે પ્રતિમા બનાવવા માટે વપરાયેલી સામગ્રી આરોપીએ ક્યાંથી ખરીદી હતી

અને તે હલકી ગુણવત્તાની હતી કે કેમ તે જાણવા માટે આરોપીની પૂછપરછ કરવાની જરૂર છે. નટબોલ્ટ્સ, લોખંડના સળિયા અને પ્રતિમાની અન્ય સામગ્રી કટાયેલી હતી. આરોપીએ પ્રતિમા માટે કઇ સામગ્રીનો ઉપયોગ કર્યો હતો અને શું તે કંગાળ ગુણવત્તાની હતી, તે પણ જાણવું જરૂરી છે. આરોપીઓએ પ્રતિમાની સ્ટ્રક્ચરલ ડિઝાઇન બનાવતા પહેલા વિસ્તારમાં પવન, ભૂકંપ, પાણી અને ભૌગોલિક પરિમાણોને ધ્યાનમાં લીધાં હતાં કે કેમ તેની પણ તપાસ કરવાની જરૂર છે. એ પણ જાણવાની જરૂર છે કે પ્રતિમાની ડિઝાઇન કરતી વખતે તેના દીર્ઘાયુથી આરોપી શું વાકેફ હતા, એવું પોલીસે તેમના અહેવાલમાં જણાવ્યું હતું. થાણેના શિલ્પકાર આપ્ટેએ પ્રતિમા બનાવવાનો કોન્ટ્રેક્ટ મેળવ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રતિમાનું અનાવરણ કર્યાના નવ મહિના કરતાં ઓછા સમયમાં જ તે તૂટી પડી હતી. ૨૬ ઑગસ્ટે પ્રતિમા તૂટી પડ્યા બાદ માલવણ પોલીસે આપ્ટે અને ચેતન પાટીલ સામે બેદરકારી તથા અન્ય આરોપ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. પાટીલની ૩૦ ઑગસ્ટે કોલ્હાપુરથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે આપ્ટે વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર જારી કરાયો હતો. આપ્ટેની શોધ માટે પોલીસની સાત ટીમ તૈયાર કરવામાં આવી હતી.

### ઘાટકોપર રમાબાઇ આંબેડકર નગર પુનર્વિકાસ

# પ્રથમ તબક્કામાં ૨૨ માળની આઠ ઈમારત બાંધવામાં આવશે

મુંબઈઃ ઘાટકોપરના માતા રમાબાઇ નગર પુનર્વિકાસ પ્રકલ્પ હેઠળ ૧૪,૦૦૦થી વધુ રહેવાસીઓનું એમએમઆરડીએ અને એસઆરએ દ્વારા પુનર્વસન કરવામાં આવનાર છે. આગામી થોડા મહિનામાં પુનર્વિકાસના પ્રત્યક્ષ કામની શરૂઆત કરવામાં આવશે. તબક્કાવાર આ કામ હાથ ધરાશે અને પ્રથમ તબક્કામાં બાવીસ માળની આઠ ઇમારત બાંધવામાં આવશે. આ ઇમારતોમાં અંદાજે ચાર હજાર ઘર હશે.

ઇસ્ટર્ન ફ્રી-વે પ્રકલ્પના અસરગ્રસ્તોનું રમાબાઇ આંબેડકર નગર, નાલંદા નગર અને કામરાજ નગર ખાતે ૧૪,૦૦૦થી વધુ ઝૂંપડપટ્ટીવાસીનું પુનર્વસન કરવામાં આવનાર છે. આ માટે પાત્ર રહેવાસીઓની ઓળખનું કામ ચાલી રહ્યું છે. અત્યાર સુધી ૧૦,૦૦૦થી વધુ રેહવાસી પાત્ર ઠર્યા છે આમાંથી ૬,૫૦૦ પાત્ર ઝૂંપડપટ્ટીવાસીઓ સાથે એમએમઆરડીએએ કરાર પણ કર્યા છે. પાત્ર ઝૂંપડપટ્ટીવાસીઓને મંગળવારથી ઘરભાડાના ચેક આપવાનું પણ શરૂ કરવામાં આવ્યું છે. ખાલી ઘર પાડીને બાંધકામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ પુનર્વિકાસ તબક્કાવાર કરવામાં આવશે ત્યારે પ્રથમ તબક્કામાં ક્લસ્ટર એન-૧૯માં ૪૦૫૩ જણનું પુનર્વસન કરવામાં આવશે.

ક્લસ્ટર એન-૧૯માં ૪,૦૫૩ રહેવાસી હોઇ તેમાંથી અત્યાર સુધી ૨,૫૮૦ જણ પાત્ર ઠરાયા છે. ૧,૪૭૩ રહેવાસીની પાત્રતાની પ્રક્રિયા ચાલી રહી છે.

પ્રથમ તબક્કામાં ૨૨ માળની આઠ ઇમારત બાંધવામાં આવશે જેમાં ૩૦૦ ચો. ફૂટના વન-બીએચકેના ફ્લેટ હશે. આ ઇમારતોમાં જળશુદ્ધીકરણ, ગંદા પાણી પર પ્રક્રિયા, સૌર ઊર્જા વગેરે યોજનાઓ પણ અમલમાં મુકાશે. તેમ જ રમતગમતના મેદાન, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, સભાગૃહો, મંદિરો, સ્કૂલો, વ્યાયામશાળા, લાઇબ્રેરી વગેરે સુવિધા પણ અહીં ઉપલબ્ધ હશે.

## હિન્દુ મરણ

સુધીરભાઈ કોટક (ઉં. વર્ષ. ૮૧) તે સ્વ. અમૃતલાલ તથા સ્વ. લીલાવતીબેન કોટકના સુપુત્ર, તેઓ સ્વ. ઊર્મિબેનના પતિ. પ્રીતિ તથા મયૂરના પિતાશ્રી. તેઓ શ્રી સુરેશભાઈ કોટક, સ્વ. તરુણાબેન પ્રભુદાસ કોટેચા, ઉષાબેન અરવિંદભાઈ માવાણીના ભાઈ, ઇંદિરાબેન કોટકના દિયર તારીખ ૦૪/૦૯/૨૪ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર તારીખ ૬/૯/૨૪ના રોજ સાંજે ૫.૩૦ થી ૭. ઠે. હોલ ઑફ હાર્મની, નહેરુ સેન્ટર, વર્લી, મુંબઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કોળી પટેલ**

ગામ ખરસાડ હરિ ફળિયું હાલ ફોર્ટના જયંતીલાલ કિકાભાઈ પટેલ (ઉં. વ. ૮૬) તે ભાનુબેનના પતિ. બચુભાઈ, નરેશભાઈના ભાઈ. રેવાબેનના દિયર. નયનાબેનના જેઠ. મીના, નિશાંત, અમિત, જયેશના પિતા. ધર્મિષ્ઠા, ચાર્મીના સસરા. જશ્વી, ધ્રીતીના દાદા ૪-૯-૨૪ના દેવલોક પામ્યા છે. બેસણું ૬-૯-૨૪, શુક્રવારના રોજ તથા પુષ્પાણી ૧૫-૯-૨૪, રવિવારે ૩ થી ૫ એમના ગામના નિવાસસ્થાને રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

ગામ ગાધડકડા હાલ બોરીવલી મુંબઈ સ્વ. વિજયભાઈ શશીકાંત પંડ્યા (ઉં.વ. ૫૯) તા ૪-૯-૨૦૨૪ બુધવાર શિવલોક પામ્યા છે. દમયંતીબેન શશીકાંત પંડ્યાના પુત્ર રીટાના પતિ જીતેશ દીપ્તિના ભાઈ ગં સ્વ કુસુમબેન વ્રજલાલ રાવલના જમાઈ. અંકિત મિહિરના પિતા. મેઘાના સસરા. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગં.સ્વ. ભારતીબેન દત્તા, તે સ્વ. બિપીનભાઈ દત્તાના પત્નિ, ચિ. નીલેશ ત્થા ચિ. જીગ્નાના માતુશ્રી, અ.સૌ. દર્શનાના સાસુ. તે સ્વ. ચુનીલાલ લાધાભાઈ કોટના પુત્રી ત્થા સ્વ. મોહનલાલ જૂઠાલાલ દત્તાના પુત્રવધૂ. કિરણભાઈ, ગં. સ્વ. નયનાબેન ગોકાણી, સ્વ. નરેશભાઈ, સ્વ. જનકભાઈના બેન તા. ૫-૯-૨૪ના ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા રોટરી ચેરીટેબલ ટ્રસ્ટ, રોટરી ચોક, જુહુ તારા રોડ, સાંતાક્રુઝ વેસ્ટ, સમય- સાંજે ૪.૦૦ થી ૬.૦૦ રાખેલ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

જેતપુર નિવાસી હાલ અમદાવાદ બળવંતરાય કાંતિલાલ ગાંધી (ઉં.વ.૮૪), તે કંચનબેનના પતિ તથા ચિ. રાજેન્દ્ર, અ.સૌ. સાધના, અ.સૌ. રીટા ત્થા અ.સૌ. બિનીતા સમીર મેસવાણીના પિતાશ્રી ત્થા ચિ. જૈનીલ તથા અ.સૌ. પલકના દાદા, સ્વ. કેશવલાલ રામચંદ્ર કલ્યાણીના જમાઈ, સ્વ. અમૃતભાઈ, સ્વ. પરમાણંદભાઈ, સ્વ. હિંમતભાઈ તથા નગીનભાઈ, મંજુબેન, સ્વ. કાંતાબેન, સ્વ. લતાબેનના બનેવી તા. ૪-૯-૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લોકિક પ્રથા બંધ છે.

**પરજીયા સોની**

ખોખરીવાળા હાલ કાંદિવલી નિવાસી રાજેન્દ્રભાઈ રામજીભાઈ ધકાણ (ઉં.વ.૭૩) તા.૪.૯-૨૪ ના બુધવારે અક્ષર નિવાસી થયેલ છે. તે સ્વ. કુમુદબેનના પતિ. હિતેષભાઈ, જીગ્નેશભાઈ, મિત્તલ સલ્લાના પિતાશ્રી. દિવ્યા તથા પ્રશાંતકુમાર સલ્લાના સસરા. સ્વ. જીતેન્દ્રભાઈ, સ્વ.ભારતીબેન સતીકુંવર તથા તુષારભાઈના મોટાભાઈ. તે અમરેલીવાળા સ્વ.ગોરધનભાઈ કાથડભાઈ સતીકુંવરના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા-૬-૯-૨૪ ના શુક્રવાર સાંજે ૪ થી ૬ કલાકે સોનીવાડી, વી.વી હોલ, શીમ્પોલી, બોરીવલી વેસ્ટ ખાતે રાખેલ છે.

**૨૫ ગામ ભાટિયા (પંચલોથીયા)**

જૂનાગઢવાળા હાલ વસઈ સુભાષ મથુરાદાસ ભાટિયા (ઉં.વ.૬૭) તા. ૪/૯/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે રૂપેક્ષાબેનના પતિ. ખ્યાતિ ગેરીથ મંન્કુના પિતા. બિપીનભાઈ, સ્વ. અશોકભાઈ તથા બેનાબેનના ભાઈ, સાસરાપક્ષે સ્વ. હેમાબેન રમેશચંદ્ર કાંતિલાલ વ્યાસના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સૌ. નિર્મળાબેન મણીલાલ શામજી ઠક્કર (ઉં. વ. ૮૧) ગામ અંજાર હાલે મુલુન્ડ બુધવાર, તા. ૪-૯-૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. નર્મદાબેન શામજી વિશ્રામ ભલ્લાના પુત્રવધૂ તથા

# મહારાષ્ટ્રમાં ત્રીજા મોરચાની શક્યતા વધુ પ્રબળ બની

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય મુકાબલો સત્તાધારી પક્ષ મહાયુતિ અને વિરોધ પક્ષ મહાવિકાસ આઘાડી વચ્ચે જામશે તે નક્કી છે ત્યારે બહુજન વિકાસ આઘાડી પ્રકાશ આંબેડકર બાદ હવે છત્રપતિ સંભાજીરાજેએ ત્રીજો મોરચો બની શકે તેવો સંકેત કર્યો છે.

મુંબઈમાં સંભાજીરાજે અને રાજરત્ન આંબેડકર દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી અને તેમાં મહારાષ્ટ્રમાં નવાં રાજકીય સમીકરણો બની શકે તેવો સંકેત આપતા જણાવ્યું હતું કે મહાયુતિ અને મહાવિકાસ આઘાડી એ એક જ સિક્કાની બે બાજુઓ છે. સામાન્ય નાગરિકોને તેમનો હક્ક મળે એ માટે અમે કામ કરીશું. લોકસભામાં લોકોએ જે જનાદેશ આપ્યો એ જ જનાદેશ તે વિધાનસભાની ચૂંટણીમાં આપશે જો કોઇને એમ લાગતું હોય તો તે ખોટું છે. સંભાજીરાજે અને રાજરત્ન આંબેડકરે આપેલા નિવેદનને પગલે મહારાષ્ટ્રની જનતાને મહાવિકાસ આઘાડી અને મહાયુતિ સિવાય હવે ત્રીજો પર્યાય મળે તેવી શક્યતા જણાઇ રહી છે. આ પૂર્વે પ્રકાશ આંબેડકર પણ સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાની વાત કહી ચૂક્યા છે અને હવે સંભાજીરાજે અને રાજરત્ન આંબેડકરે પણ ચૂંટણીમાં અલગથી ઝંપલાવવાનો સંકેત આપતા ખાસ કરીને ઓબીસી અને દલિતોના મતોનું વિભાજન થઇ શકે તેવી શક્યતા જણાઇ રહી છે.

પ્રકાશ આંબેડકર અને રાજરત્ન આંબેડકર બંને ઓબીસી અને દલિત સમાજનું સારું એવું સમર્થન ધરાવે છે.

## પારસી મરણ

થ્રીટી એમ. કૂપર, તે માણેકશા અને પિરોજા કૂપરના પુત્રી. તે મરહુમ મેહરજી, મરહુમ નોસિર, મરહુમ ખોરશેદ બાટલીવાલાના બહેન. તે ઝરીન મિસ્ત્રીના આન્ટી. (ઉં. વ. ૯૦) રે. ઠે. ૨૧/એ, ઉષા કિરણ, બીજી પારસી ગલી, કોલાબા, મુંબઈ-૪૦૦૦૦૫.

## જૈન મરણ

**ઝાલાવાડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

નાલાસોપારા નિવાસી સ્વ. ભારતીબેન ભીખાલાલ સંઘવીની સુપુત્રી રાજુલ જસ્મીન ભાયાણી (ઉં.વ. ૪૩) તે નમનના માતુશ્રી. તેમજ મેહુલ ભીખાલાલ સંઘવીની બહેન. તે ડિમ્પલ મેહુલ સંઘવીની નણંદ તા. ૪-૯-૨૪ને બુધવારના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. રહેઠાણઃ એ/૧૦, ઝાલાવાડ દર્શન, દ્વારકા હોટેલની સામે, આચોલે રોડ, નાલાસોપારા (ઈસ્ટ).

**માંગરોળ જૈન**

અનિલભાઈ જમનાદાસ શાહ (ઉં.વ. ૮૩) તે સ્વ. મોહનભાઈ, ભાનુબેનના ભાઈ. સ્વ. નયનાબેનના દિયર. પ્રકાશના કાકા. મમતાના કાકાજી તા. ૩-૯-૨૪ના રોજ ફોર્ટ મુકામે અરિહંતશરણ પામ્યા છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાજકોટ નિવાસી હાલ મુંબઇ- ઘાટકોપર, સ્વ. કંચનબેન હરિલાલભાઈ બાટવિયાના સુપુત્ર સુરેશભાઈ (ઉં. વ. ૭૧) તારીખ ૩-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કિશોરભાઈ, સ્વ. જગદીશભાઈ, સ્વ. ચંદનબેન ખજુરિયા, સ્વ. ભાનુબેન મહેતા, સ્વ. ઈન્દુબેન દોશી, અ.સૌ. ઉન્નતિબેન પારેખના ભાઈ. નિમેશ અને વિરેશના કાકા, અ.સૌ. ધૃતિ અને અ.સૌ. નિધિના કાકાજી. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થના સભા રાખેલ નથી.

**ઝાલાવાડ વિશાશ્રી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ મુલુન્ડ (મુંબઈ) તે સ્વ. સવિતાબેન લીલચંદ ભૂરાભાઈ શાહ (માકાવેલસી)ના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉં. વ. ૭૯) બુધવાર તા. ૪-૯-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે ચંદ્રીકાબેનના પતિ. તે વિશાલ, રેચલના પિતા. તે તે સ્વ. પ્રવિણભાઈ, જયંતભાઈ, હરનીશભાઈના ભાઈ, તે સ્વ. વસંતબેન, સ્વ. હસુબેન, સ્વ. કોકીલાબેન, સ્વ. પ્રેમીલાબેન, અરૂણાબેન, દિપીકાબેનના ભાઈ. તે સ્વ. જેઠાલાલ લહેરચંદ શાહ (રાયપુર)ના જમાઈ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**દશા શ્રીમાળી જૈન**

જુનાગઢના હાલ કાંદિવલી સ્વ. ચંચળબેન શીવલાલ મહેતાના પુત્રવધૂ ગં. સ્વ. કલાબેન સુરેશભાઈ મહેતા (ઉં. વ. ૭૭) ૩૦-૮-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયંતીભાઈ, સ્વ. સુભદ્રાબેન કિશનભાઈ, સ્વ. સુશીલાબેન જશવંતભાઈ, ગં. સ્વ. જ્યોત્સનાબેન ધનજંયભાઈ તથા સ્વ. ભારતીબેન ભરતભાઈના ભાભી. ગં. સ્વ. નીતાબેનના દેરાણી. જામનગર નિવાસી સ્વ. મંજુલાબેન તેમજ સ્વ. શોભનાબેન કાન્તિલાલ શાહની પુત્રી. હાલ કલકત્તા કેતનભાઈ શાહ, જાગૃતિ કીર્તિભાઈ પીપેરીયા તથા હીનાબેન જયેશભાઈ બાટવીયાના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડ દશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

પનારના હાલ અંધેરી રશ્મીકાંત ડાહ્યાલાલ શાહ (ઉં. વ. ૬૭) તે સ્વ. ડાહ્યાલાલ ચુનીલાલ શાહના પુત્ર જાગૃતિબેનના પતિ. કૃતિ તથા ભુમિકના પિતાશ્રી. શૈલેષભાઈ, દિલીપભાઈ, કમલેશભાઈ તથા રેણુકાબેન હસમુખલાલ શાહના ભાઈ. સૌભાગ્યચંદ જેઠાલાલ શાહ તથા રસીલાબેનના જમાઈ. હિતેશ અને મનીષાના બનેવી ૪-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

સ્વ. શાંતાબેન લખમશી આનંદજી માનસત્તાના સુપુત્રી. સ્વ. જીગ્નાબેન વિલાસભાઈ રવાસીયાના માતાશ્રી. તથા સ્વ. જમનાદાસભાઈ, સ્વ. જાદવજીભાઈ, સ્વ. અમૃતલાલભાઈ, સ્વ. શાંતિલાલભાઈ, સ્વ. રમેશભાઈ, મંગલજીભાઈ, માધવજીભાઈ, સ્વ. વલ્લભભાઈ, સુરેશભાઈ, સ્વ. જયાબેન ગોવિંદજીભાઈ તથા લીલાવંતીબેન કિશોરભાઈના ભાભીશ્રી. તથા પ્રતાપભાઈ, હેમંતભાઈ, સ્વ. પ્રવિણભાઈ, સ્વ. ઝવેરબેન, સ્વ. રૂક્ષ્મણી, સ્વ. પાર્વતીબેન, વસંતબેન, સ્વ. પુષ્પાબેન, રંજનબેનના બહેન. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૬-૯-૨૦૨૪ના સાંજે ૫.૩૦ થી ૭.૦૦ ગોપૂરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, ડૉ. આર. પી. રોડ, મુલુન્ડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. માણેકબેન મણીલાલ જોબનપુત્રાના વચટપુત્ર ઝવેરીલાલ હાલ મુલુન્ડ ગામ ભુજ (ઉં. વ. ૮૫) તા. ૪.૯.૨૪ના રામશરણ પામેલ છે. સ્વ. અનસુયાબેનના પતિ. તે સ્વ. જેઠીબાઈ કુંવરજીભાઈ પોપટના જમાઈ. સરોજ બીપીનના રાયમંગીયા, ગીતા અને નિરંજનના પિતાશ્રી. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર ૬-૯-૨૪ના સાંજે ૫થી ૭માં રાખેલ છે. સ્થળ કચ્છી લોહાણા મહાજન વાડી, આર. આર. ટી. રોડ, મુલુન્ડ (વેસ્ટ) ૮૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

નાલાસોપારાના ચંપકલાલ મર્ચન્ટ (ઉં. વ. ૮૬) શનિવાર, ૩૧-૮-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે મીનાબેન (માધુરી)ના પતિ. સ્વ. પદમાબેન મોહનલાલ ઠાકરસીના પુત્ર. વિનય, રાજેશ, સ્વ. જીગ્નાના પિતા. પૂનમબેન, વૈભવ પડવાનીના સસરા. ઘાટકોપર નિવાસી નાથાલાલ ગોરધનદાસ દત્તાણીના જમાઈ. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

કારદેજવાલા હાલ કાંદીવલી કનૈયાલાલ માણેકલાલ મોદી (ઉં. વ. ૮૫) ૫-૯-૨૪ ને ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. તે શોભનાબેનના પતિ. વિરલના પિતા. શૈલેષ માણેકલાલ મોદીના ભાઈ. મનસુખલાલ મોહનલાલ મોદીના ભત્રીજા. તે સ્વ. સવિતાબેન કરસનદાસ પુરષોત્તમ મુનીના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ઠા. ગુલાબરાય કાનજી રામજી અનમ ગામ ગુંદાલા હાલે માટુંગાના ધર્મપત્ની ગં. સ્વ. પ્રભાવતીબેન (ઉં. વ. ૯૨) તે સ્વ. પાર્વતી દયારામ રાચ્છ ગામ કુકમાના પુત્રી. તે પ્રતિમા, હર્ષા મુકેશ, નંદિની કિરણ, માવિની કિશોર, પૂર્ણિમા નીતિન, ભાવેશ-જીગ્નાના માતુશ્રી. ફાલ્ગુનીના સાસુ. સ્વ. ભગવાનદાસ, નટવરલાલ, મહેશભાઈ, પ્રફુલ્લાબેન અર્જુન, પુષ્પાબેન ધીરજલાલ, ચંદ્રિકાબેન ડુંગરશીના ભાભી. સ્વ. નરસીદાસ, નવીનભાઈ, લીલાવંતી, મુળજીભાઈ, શાંતાબેન, જમનાદાસ, સાકરબેન દેવજી, પ્રેમાબેન શીવજી, ગં. સ્વ. રતનબેન લવજીભાઈના બેન ૪ સપ્ટેમ્બર, બુધવારના શ્રી રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

# રી-રિલીઝ છે રોકડિયો પાક




ભારત કૃષિપ્રધાન દેશ છે. ખેતીના ક્ષેત્રમાં જે પાકના ઉત્પાદનની બજારમાં ખૂબ માંગ હોય તેવા પાક બજારમાં દાખલ થતાની સાથે જ ચપોચપ વેચાઇ જાય છે. ક્યારેક તો ઉત્પાદન પહેલા જ સોદો થઈ જાય છે. આવો પાક 'રોકડિયો પાક' તરીકે ઓળખાય છે. રોકડિયો પાક મોટેભાગે સારો નફો રળી આપતા હોય છે. કપાસ ભારતનો મહત્ત્વનો રોકડિયો પાક છે. ભારત કલાપ્રધાન દેશ છે કે કેમ એ વિશે મતમતાંતર હોઈ શકે છે,પણ સિનેમા નિર્માણ એ કલાની ખેતીનો જ એક હિસ્સો છે એવા મત સાથે ભાગ્યે જ કોઈ અસહમત થશે. આજકાલ સિને જગતમાં રી-રિલીઝ નામના રોકડિયા પાકની બોલબાલા જોવા મળી રહી છે. ખરીફ પાકને નુકસાન થયું હોય કે લઈ ન શકાયો હોય ત્યારે રોકડિયો પાક કિસાન માટે આવક ઊભી કરવાનું માધ્યમ બની જાય છે.

**વહેતી ગંગામાં હાથ ધોઈ લેવા તેમજ સૂના પડી ગયેલા થિયેટરમાં પ્રેક્ષકો ફરી ગરદી કરે એ આશય સાથે જૂની ફિલ્મો ફરી રજૂ થઈ રહી છે.**

આ વર્ષના પહેલા ૮ મહિનામાં ફ્લોપ ફિલ્મોની સંખ્યા સડસડાટ આગળ વધી રહી છે અને છેલ્લા ત્રણ મહિનાનો બોક્સ ઓફિસ હિસાબ-કિતાબ કોઈ પણ કેશિયરને ચક્કર આવી જાય એવો છે. 'મુંજ્યા', 'કલ્કિ ૨૮૯૮ એડી' અને 'સ્ત્રી- ૨' તેમજ બીજા એકાદ બે અપવાદ બાદ કરતાં મોટાભાગની ફિલ્મો ફ્લોપ અથવા સુપરફ્લોપ સાબિત થઈ છે. પરિણામે અમુક થિયેટરમાં તો ક્યારેક પ્રેક્ષક કરતાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા વધુ છે! આ પરિસ્થિતિમાં રી -રિલીઝ ફિલ્મ આશ્વાસન સાબિત થઈ રહી છે.

રી - રિલીઝ ફિલ્મોની યાદીમાં ઊડીને આંખે વળગતું નામ છે ૧૩ સપ્ટેમ્બરે રિલીઝ થનારી 'તુમ્બાડ'નું. ૨૦૧૮માં આવેલી આ હોરર ફિલ્મને વિવેચકોએ બહુ જ વખાણી હતી, પણ બોક્સ ઓફિસ પર એનો પરફોર્મન્સ ઓકે રહ્યો હતો. માર્યાદિત બજેટ હોવા છતાં સારું વળતર મેળવવામાં એ નિષ્ફળ રહી હતી. તાજેતરમાં બે હોરર ફિલ્મ ('મુંજ્યા' અને 'સ્ત્રી-૨')ને સિનેપ્રેમીઓનો મળેલો અફાટ પ્રેમને ધ્યાનમાં રાખી 'તુમ્બાડ' ફરી રિલીઝ ચોક્કસ ગણતરીથી કરવામાં આવી રહી છે. મોસમ હોરરની ચાલી રહી છે તો વહેતી ગંગામાં હાથ ધોઈ લેવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક કહેવાય. ફિલ્મ માટે દર્શકોને આકર્ષણ થાય એ હેતુથી હોરર લુક આપી નવું પોસ્ટર પણ તૈયાર કરવામાં આવ્યું છે. ફિલ્મ ટ્રેડ રિપોર્ટ અનુસાર યશ ચોપડાની શાહરુખ ખાન, રાની મુખરજી અને પ્રીતિ ઝિન્ટાની 'વીર ઝારા' (૨૦૦૪), અનિલ કપૂર - માધુરીની 'તેજાબ' (૧૯૮૮) તેમજ સુભાષ ઘઈની અનિલ કપૂર, અક્ષય ખન્ના અને ઐશ્વર્યા રાયની 'તાલ' (૧૯૯૯) અને 'પરદેસ' (૧૯૯૭) પણ ગણેશોત્સવ દરમિયાન થિયેટરમાં રી રિલીઝ કરવામાં આવશે.

૩૦ ઓગસ્ટે માધવનની 'રેહના હૈ તેરે દિલ મેં' (૨૦૦૧) અને 'ગેંગ ઓફ વાસેપુર' (૨૦૧૨) રી- રિલીઝ કરવામાં આવી .

બીજી તરફ, ૩૧ ઓગસ્ટે રમેશ સિપ્પીની ૪૯ વર્ષ પહેલાની જડબાતોડ સફળ ફિલ્મ 'શોલે'નો એક શો રિગલ થિયેટરમાં રાખવામાં આવ્યો હતો. બપોરથી લાગેલી લાંબી લાઈન 'મિનરવા' થિયેટરના દિવસો યાદ કરાવનારી હતી. ટિકિટ માટેની લાઈનનો વીડિયો જોઈ જાવેદ અખ્તરે હસતા હસતા કહ્યું કે 'સલીમ સાબ, બડી લંબી લાઈન હૈ. મતલબ અપની ફિલ્મ હિટ હૈ'.

જોકે, 'શોલે'ના જય અમિતાભ બચ્ચનની કોમેન્ટ માર્મિક અને થોડામાં ઘણું કહી જાય એવી હતી. અમિતજીએ એમના બ્લોગ પર અંગ્રેજીમાં લખ્યું હતું કે Who knows whether the old was gold or the gold became old - જૂનું હતું એ સોનું હતું કે સોનું હવે જૂનું થઈ ગયું છે એ ખબર નથી. જૂની ફિલ્મો સોનાનો ચળકાટ ધરાવતી હતી કે હવેની ફિલ્મોમાં સોના જેવો ચળકાટ નથી રહ્યો એવો ઈશારો અમિતજી કરી રહ્યા હોય એવું લાગે છે.

આ વર્ષે અગાઉ 'જબ વી મેટ' (૨૦૦૭), 'યે જવાની હૈ દીવાની', (૨૦૧૩), 'ચક દે ઈન્ડિયા' (૨૦૦૭), 'હમ આપકે હૈં કૌન (૧૯૯૪), 'રોકસ્ટાર' (૨૦૧૧) તેમજ 'લૈલા મજનુ' (૨૦૧૮) અને અન્ય કેટલીક ફિલ્મ રી રિલીઝ થઈ ચૂકી છે.

ફિલ્મ રી- રિલીઝ કરવા પાછળ મુખ્યત્વે બે કારણ હોય છે. એક, સૂના પડી ગયેલા થિયેટરમાં પ્રેક્ષકો આવ- જા કરતા થાય.થિયેટર માલિકને કમાણી કદાચ ન થાય, પણ કર્મચારીઓના પગાર તેમજ દૈનિક ખર્ચની રકમ નીકળે તોય ભયો ભયો અને પરિણામે આર્થિક બોજો હળવો થાય.

બીજું કારણ, પ્રથમ રિલીઝ વખતે આર્થિક નુકસાન થયું હોય તો રી- રિલીઝમાં નુકસાન ઓછું કરી શકાય અથવા ફિલ્મ ચાલી ગઈ તો બે પાંદડે પણ થઈ જવાય. રણબીર કપૂરની 'રોકસ્ટાર' રિલીઝ થઈ ત્યારે એવરેજ હિટ હતી પણ રી રિલીઝમાં સારો વકરો થયો હતો. આ વર્ષે નવી ફિલ્મના રિલીઝમાં આર્થિક ફટકો ખાઈ રહેલા ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટર અને એક્ઝિબીટર માટે આ રી- રિલીઝ ફિલ્મો કમ સે કમ ઘા પર મલમપટ્ટીનું કામ તો કરે જ છે.

ત્રીજું કારણ 'શોલે' કે 'મૈંને પ્યાર કિયા' જોવાથી વંચિત રહી ગયેલી આજની જનરેશનને એ જોવાનો લાભ આપવાનો પણ છે. જો એમને પસંદ પડે તો ફાયદા હી ફાયદા જ છે ને.

## અમિતજી ને હોલીવૂડ

ફિલ્મ રી -રિલીઝ કરવાની આ પ્રથા કંઈ નવી નથી. ૧૯૭૦ - ૮૦ - ૯૦ના દાયકામાં 'મધર ઈન્ડિયા', 'મુઘલ - એ - આઝમ' સહિત કેટલીક ફિલ્મો પબ્લિક ડિમાન્ડથી ફરી પ્રદર્શિત કરવામાં આવી હતી.

આમાં અમિતજીનું ઉદાહરણ બેમિસાલ છે. અમિતાભ બચ્ચનની સફળતાનાં વહેણમાં હાથ ધોઈ લેવા 'ઝંઝીર' પહેલાની 'બંધે હાથ', 'રાસ્તે કા પત્થર', 'સંજોગ', 'પ્યાર કી કહાની' વગેરે ફ્લોપ ફિલ્મો 'ઝંઝીર'ની સફળતા પછી રી- રિલીઝ કરવામાં આવી હતી. મજાની વાત તો એ છે કે 'બંધે હાથ'ના નવા પોસ્ટરમાં અમિતજીને મુમતાઝ કરતાં વધુ મહત્ત્વ આપવામાં આવ્યું હતું.

હોલીવૂડ પણ આ ટ્રેન્ડથી બાકાત નથી. હડતાળ તેમજ લેટ નાઈટ ટેલિવિઝન જેવાં કારણોને લીધે નવી ફિલ્મોને ધારી સફળતા નથી મળી રહી માટે ઓગસ્ટ મહિનામાં Lawrence of Arabia, The Terminator, Indiana Jones and Temple Doom and Harry Potter Films રી- રિલીઝ થઈ ચૂકી છે અને અન્ય કેટલીકનું આયોજન થઈ રહ્યું છે. ■




અરવિંદ વેકરિયા

# તક ખાલી બારણું ખખડાવે- ખોલવા તો આપણે જવું પડે...!

એ રાતના શો વખતે કુમુદ બોલે કલાકાર સાથે પ્રવેશ્યાં અને મને કહે:

'દાદુ, આમને મળો..'

હું એમને જોઈ રહ્યો. એ હતાં ચિત્રા વ્યાસ અને રાગિણી શાહનાં વડીલ બહેન ભૈરવી શાહ. મને જોઇને બોલ્યા : 'કેમ ટપુડા, તારે સીધો મને ફોન ન કરાય કે કુમુદ સાથે કહેવડાવ્યું?'

'હું કંઈ કહી કહું એ પહેલાં કુમુદ બોલે જ બોલ્યા' :

'ના ભૈરવી, દાદુએ કઈ નથી કહ્યું ઉલટાનું મેં એને કહ્યું કે મારા શુભ-લગ્નને લઇ તારા નાટકનું અશુભ નહિ કરું અને મને ખબર છે કે તું હમણાં ફ્રી છે તો મને તો આનંદ થાય કે તું દાદુના નાટકમાં કામ કરી મને મદદરૂપ થાય અને દાદુને પણ શોધવાની માથાકૂટ નહી, હા..મેં દાદુને તારું નામ નહોતું જણાવ્યું, સરપ્રાઈઝ, યુ સી.!'

ભૈરવી શાહને હું ઓળખું. એ સરસ અભિનેત્રી છે એની પણ મને જાણ. 'ભવન્સ કલ્ચરલ સેન્ટર' ને કલા જગતમાં ચાર ચાંદ લગાડી, અથાગ મહેનત જે કરી રહ્યાં છે એ લલિત શાહનાં પત્ની એમણે કોપવુડ' નામથી એકાંકી નાટ્ય સ્પર્ધાઓ ઘણાં વર્ષો સુધી આયોજિત કરી. એવી જ હવે દ્વીઅંકી નાટ્ય સ્પર્ધાનું આયોજન વર્ષોથી એમણે ચાલુ રાખ્યું છે. લલિતભાઈ એટલે કલાનો જીવ. એમનો કલાપ્રેમ હજી અકબંધ છે.કપડાં અને ત્વચાની કરચલી ચલાવી લેવી પણ પોતાનાં વિચારોને ઈસ્ત્રી દરરોજ કરવી એવું માનનારાં લલીતભાઈ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનાં વિચારો સતત કરતાં રહે છે.

'કોપવુડ' વખતે હું ભૈરવીબેનને મળતો. મને ખબર નહિ, કેમ પણ 'ટપુડો' કહીને મને બોલાવતાં. બધાનો 'દાદુ' એમનો 'ટપુડો' હતો. હસમુખા અને મિલનસાર.. ઘણા વખતે એમને મળ્યો, પણ ઉમળકો એવો જ.! સમય સાથે તો બધાં સંબધ નિભાવે પણ મીઠાશ ત્યારે આવે જયારે સમય બદલાય પણ સંબંધ ના બદલાય.

શોનો સમય નજીક આવી રહ્યો હતો. મને ૧૦૦ મો શો મુબારક' કહી ઈન્ટરવલમાં મળું છું' કહી ગયા અને કુમુદ બોલે પણ મારું 'થેંક્યું' સ્વીકારી લેડીઝ ગ્રિન- રૂમમાં ગયાં.

સનત માટેનાં પહેલાં શોનું ટેન્સન સમજી શકાય એમ હતું. ભગવાનનો પાડ કે કુમુદ બોલે ભૈરવીબેનને લઇ આવ્યાં , નહીં તો હું ક્યાં-ક્યાં નામો વિચારી ટહેલ નાખત. ખરેખર! જિંદગી તમને એ નહિ આપે જે તમારે જોઈએ છે, જિંદગી તમને એ આપશે, ન જેનાં તમે હકદાર છો.. આ સત્ય મને એ દિવસે સમજાયું.

ત્રીજા રણકાર સાથે પડદો ખુલ્યો અને પહેલા સીનથી જ એવું લાગ્યું કે આ સનતનો પહેલો નહીં, પણ ૧૦૦ મો શો એ કરે છે એટલું સાહજિક પરફોર્મન્સ.

સનત ફ્રી હતો થોડો વખત, એ સિવાય પરમ મિત્ર પણ હતો. સનતનાં નવા નાટકનાં રિહર્સલ દોઢ-બે મહિના પછી શરૂ થવાનાં હતાં. સનતનું એ કમિટમેન્ટ હતું અને અમે તો સિદ્ધાંતનાં માણસો. ત્યાં સુધી મારું નાટક સુપેરે સંભાળી લેશે એની મને મિત્ર ઉપર શ્રદ્ધા હતી. સંભાળી 'લેવા' થી કેટલાં બધાં સવાલો ઉકેલાઈ જાય છે, 'સંભળાવી દેવા'થી આપણે ફરી ત્યાં જ અટવાય જઈએ બસ, આ જ ફરક હતો સનત વ્યાસ અને કિશોર દવેમાં!

પ્રથમ અંક પૂરો થયો. અભિનંદનના ધોધનું કેન્દ્ર હતો સનત વ્યાસ. ભૈરવીબેન મધ્યાંતરમાં મળવા આવ્યાં.

વાહ ટપુડા.. મજા પડી ગઈ. ધનવંતને કહી મને આજે સ્ક્રીપ્ટ મળી જાય તો 'સારું.' એ હસ્યાં . હાસ્ય એ કપરા વખતની શ્રેષ્ઠ પ્રતિક્રિયા છે અને મૌન એ સવાલોનો શ્રેષ્ઠ જવાબ. કદાચ મારું મૌન જવાબરૂપ હતું.



અદ્ભુત કલાકાર ભૈરવી શાહ

ચંદ્રવદન ભટ્ટ પણ ભૈરવી શાહને ખાસ્સા ઓળખે એટલે એ પણ હળવાશ અનુભવી રહ્યા.

જો કે આભાર તો કુમુદ બોલેનો.

'બસ! હવે જયારે તક મળે ત્યારે સ્વીકારતો રહેજે કારણ કે તક માત્ર બારણું ખખડાવે, ખોલવા તો આપણે જ ઊભા થવું પડે' ભટ્ટ સાહેબ બોલ્યા.

બીજો અંક પણ પાણીના રેલાની જેમ પૂરો થઇ ગયો. સનતના ડેડિકેશન માટે મને માન થઈ ગયું, એક દિગ્દર્શક તરીકે. એ કોઈ જગ્યાએ લબડયો' નહિ. બીજો અંક એના ખૂનનાં સીન સાથે પૂરો થયો. (જુઓ પાનું ૬) ▶▶

**ડબ્બલ રિચાર્જ**

પત્ની અરીસામાં જોઇને જીભ ઉપર કંકુ-ચોખા લગાડતી હતી. પતિ કહે, 'અરે! આ શું કરે છે?' પત્ની કહે, 'આજે દશેરા છે એટલે શસ્ત્ર પૂજા કરું છું.'

## પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા
## નમ્રવાણી

-રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ



# બદલવાની તૈયારી છે?

જેમને પ્રભુ જેવા બનવું હોય, એમણે પોતાની self ને બદલવાની તૈયારી રાખવી જોઈએ, જે સ્વયંને બદલી શકે છે, તે પ્રભુની સમીપ જઈ શકે છે.

Selfને બદલવા માટે સૌથી પહેલાં સ્વાર્થને છોડવો પડે.

સ્વાર્થ એક એવો અવગુણ છે, જે તમારા 100 ગુણોને zero કરી નાંખે છે. જ્યાં સ્વાર્થ હોય, ત્યાં પ્રેમ ન હોય, ત્યાં ક્ષમા ન હોય, ત્યાં નમ્રતા ન હોય, ત્યાં સરળતા ન હોય, ત્યાં સંતોષ ન હોય.

જ્યાં સ્વાર્થ હોય માયા, કપટ, રાગ, દ્વેષ, ઈર્ષ્યા આદિ હોય.

સ્વાર્થ સર્વ પાપની જનની છે. સ્વાર્થ તમને ધર્મથી દૂર લઈ જાય છે, પ્રભુથી દૂર લઈ જાય છે.

સ્વયંને બદલવાનો શ્રેષ્ઠ ઉપાય છે, સ્વાર્થને છોડવો!

સ્વાર્થ મોહનો હોય, સ્વાર્થ અનુકૂળતાનો હોય, સ્વાર્થ સુખનો હોય, સ્વાર્થ સંબંધનો હોય, સ્વાર્થ રાગનો હોય, સ્વાર્થ સંપત્તિનો હોય. આવા બધાં સ્વાર્થના rootsના કારણે જ વ્યક્તિ અસાર એવા સંસારમાં રહેવા લલચાય છે.

સ્વાર્થ છૂટે તો સંસાર છૂટતાં વાર ન લાગે.

આ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ અવસરે અમારો એક સંદેશ છે;

'તમારા આયુષ્ય કરતાં, તમારું સ્વાર્થનું આયુષ્ય ઘટાડો'.

જો સ્વાર્થનું આયુષ્ય વધી જશે, તો મૃત્યુ બગડી જશે અને જો સ્વાર્થનું આયુષ્ય ઘટી જશે તો મૃત્યુ સુધરી જશે.

Death bed પર વ્યક્તિ હોય, Doctor એ અંતિમ સમય કહી દીધો હોય, એવા સમયે પણ કોઈ કહે કે, આ ભાઈ-ભાઈનો વર્ષોથી ચાલતો courtનો case બંધ કરી દો, અથવા તમારી સંપત્તિ દીકરાના નામ પર કરી દો, તો પણ નહીં કરી શકે અને કલાકમાં બધું છોડી વિદાય થઈ જાય. કેમ કે, સ્વાર્થ એમનો સ્વભાવ બની ગયો હોય અને આ સ્વભાવ બદલાય તો પરમાર્થ થાય.

મૃત્યુને બગાડનારું કોઈ તત્ત્વ હોય તો તે છે - સ્વાર્થ! સંબંધોને બગાડનારું કોઈ તત્ત્વ હોય તો તે છે - સ્વયંનો સ્વાર્થી સ્વભાવ! જીવતા હો ત્યારે જીવન બગાડનારું કોઈ તત્ત્વ હોય તો તે છે, સ્વયંની સ્વાર્થ વૃત્તિ!

જો સ્વાર્થ ન હોય તો ઝગડા, કંકાસ, ભ્રષ્ટાચાર ન હોય.

જ્યારે સ્વાર્થનું મૃત્યુ થાય છે, ત્યારે શ્રાવક ધર્મનો જન્મ થાય છે.'

પ્રભુના શ્રાવક બનવા માટે પણ સ્વયંને બદલવું અત્યંત જરૂરી છે. જ્યારે સ્વાર્થી સ્વભાવ અને સ્વાર્થ વૃત્તિ છૂટે છે, ત્યારે સમ્યક્ શ્રાવક બનાય છે, ત્યારે સમ્યક્ સાધુ બનાય છે.

ઘરે 'mummy' બીમાર હોય અને ધર્મસ્થાનકમાં આવી સામાયિક કરવી એ પણ એક પ્રકારનો સ્વાર્થ છે, એ સમયે બીમાર mummyની સેવા કરવી એ ધર્મ છે!

હિંસા, ચોરી, જૂઠ, પરિગ્રહ આ બધાંનું મુખ્ય કારણ એક જ અવગુણ છે અને એ અવગુણનું નામ છે સ્વાર્થ!

સ્વયંને change કરવા જો આ એક અવગુણને દૂર કરવાનો પુરુષાર્થ થાય તો અહિંસા, ક્ષમા, સત્ય, અપરિગ્રહ, પ્રેમ, નમ્રતા, સરળતા અને સંતોષ જેવા ગુણો સહજતાથી પ્રગટી જાય!

જ્યાં ગુણ છે, ત્યાં પરમાત્મા છે.

જ્યાં સ્વાર્થ છે, ત્યાં સંસાર છે.

જ્યાં પરમાર્થ છે, ત્યાં પરમાત્મા છે.

સ્વાર્થ છૂટે તો સેવા થાય. સ્વાર્થ છૂટે તો પરમાર્થ થાય.

પોતાનાં બાળકોની care કરવી, એમનું પાલન કરવું એ સ્વાર્થ છે પણ પરાયા બાળકને પોતાના બનાવી, એની care કરવી, એનું પાલન કરવું એ નિઃસ્વાર્થતા છે.

જ્યારે જાત બદલાય છે, ત્યારે નિઃસ્વાર્થતા પ્રગટે છે.

નયસાર સુથારે જ્યારે અજાણ્યા સાધુને ભોજન અર્પણ કર્યું, એમને માર્ગ બતાવ્યો, ત્યારે શું એમના મનમાં કોઈ સ્વાર્થ હતો કે, હું આ સાધુઓને આહાર આપીશ, એમને જમાડીશ તો એ મને આશીર્વાદ આપશે અને મારું બધું સારું થવા લાગશે! ના!

એમને માર્ગ બતાવતી વખતે શું એમના મનમાં વિચાર આવ્યો હતો કે, હું એમને માર્ગ બતાવીશ તો એ મારા પર એમની કૃપા વરસાવશે અને મારો business વધી જશે? ના!

એમના મનમાં એક જ ભાવ હતો, મારે કોઈને સહાય કરવી છે. આ નિઃસ્વાર્થતાના કારણે જ ભગવાન બનવાના બીજ વવાઈ ગયાં!

ભગવાન બનવાના બીજ આજે વાવવા હોય, તો સ્વયંને બદલવાની તૈયારી કરવી પડશે.

સ્વયંને બદલવા સ્વાર્થ વૃત્તિ છોડવી પડશે.

સ્વયંને બદલવા માટે પોતાની વિચારધારા બદલવાની પણ અત્યંત જરૂરી હોય છે.

એક ઘરમાં bell વાગી. બાળકે gate ખોલ્યો અને બૂમ મારી, mummy ! કચરાવાળી બાઈ આવી છે!

ત્યાં બેઠેલાં દાદીમાએ બાળકના શબ્દો સાંભળ્યાં અને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, બેટા! આજે બોલ્યો એ બોલ્યો, આજ પછી ક્યારેય આવું ન બોલતો!

બાળકે સહજભાવે પૂછ્યું, કેમ દાદીમાં?

દાદીમાએ સમજાવ્યું, બેટા! કચરાવાળી એ નથી, કચરો તો આપણે કરીએ છીએ, એ તો આપણો કચરો લઈ જઈ, આપણા ઘરની સફાઈ કરે છે, એ કચરાવાળી બાઈ નથી અને સફાઈ કરવાવાળા બેન છે! સફાઈ કર્મચારી છે!

વિચારધારામાં કેટલો બધો ફરક?

કોઈપણ કાર્ય હોય, તમારા મનમાં પહેલો પ્રશ્ન આવશે, આમાં મને શું અને આમાં મારું શું? એનો અર્થ એ જ થયો કે, તમને કાંઈ મળતું હોય તો તમે બધું કરવા તૈયાર છો.

માનો કે, તમે road પર જતાં હો અને તમે કચરાનો ઢગલો જુઓ અને તમને કોઈ કહે પણ ખરા કે, કેટલો બધો કચરો છે ને! તમારો જવાબ શું આવશે? હશે, એમાં મને શું?

વિચાર કરો, જે દેશમાં, જે શહેરમાં, જે ગામમાં, જે streetમાં તમે રહો છો, તેના માટે તમારી કોઈ જ responsibilities નહીં !!! જેનો તમે ઉપયોગ કરો છો, તેના માટે તમે ક્યારેય ઉપયોગી બન્યાં છો?

જે દેશમાં તમે રહો છો, એ દેશ પ્રત્યે, એ માતૃભૂમિ પ્રત્યે જો હૃદયમાં સન્માનની ભાવના ન હોય, અંતરમાં અહોભાવ ન હોય, તો તે દેશમાં તમને બીજીવાર જન્મ ન મળે અને જો બીજીવાર કોઈ જંગલમાં કે અનાર્ય દેશમાં જન્મ મળે તો શું થાય?

માટે, સ્વયંને બદલવા 'મને શું? અને મારું શું?' ની વિચારધારા બદલવાની જરૂર છે.

સ્વાર્થનો nature અને સ્વાર્થની વૃત્તિ છૂટે તો સેવા અને સત્કાર્યો થાય.

સ્વાર્થ છૂટે તો અન્યના સુખની ચિંતા થાય.

સ્વાર્થ છૂટે તો અન્યના હિતની ભાવના પ્રગટ થાય.

સ્વાર્થ છૂટે તો અન્યના કલ્યાણ માટેનો પુરુષાર્થ પ્રબળ થાય.

સ્વાર્થ ત્યારે જ છૂટે,

જ્યારે સ્વયંને બદલવાનો વિચાર આવે,

સ્વયંને બદલવાની તૈયારી થાય!

પર્વાધિરાજ પર્યુષણ સાર્થક ત્યારે જ થાય, જ્યારે તમારામાં changes આવે.

પર્યુષણ મહાપર્વ ઉજવ્યા પછી, જો તમે ક્યાંય બહાર ગયા હો અને તમને કોઈ કહે, શું વાત છે, તમે તો કંઈક બદલાયેલા લાગો છો, તમારા ચહેરા પર કંઈક અલગ reflection લાગે છે, તમારો પ્રભાવ કંઈક અલગ જ અનુભવાય છે, તમારા આત્માનું level up થયું હોય એવું લાગે છે... તો સમજ જો તમારા પર્યુષણ સાર્થક થયાં છે. પર્યુષણમાં કરેલી ધર્મ આરાધના સમ્યક્ અને આત્મ શુદ્ધિ કરાવનારી થઈ છે.

પર્વાધિરાજ પર્યુષણનો હેતુ જ છે કે, lifeમાં U-Turn લાવવો, જીવનશૈલીમાં changes લાવવા, natureમાં પરિવર્તન લાવવું.

આ બધાં transformations શક્ય ક્યારે થાય?

જ્યારે self ને બદલવાની તૈયારી હોય! ■

# શું 'મી-ટુ'થી આવી શકશે ફિલ્મ ઉદ્યોગમાં સકારાત્મક પરિવર્તન?

ફોકસ

કૈલાશ સિંહ

જસ્ટિસ હેમા કમિટીના વિસ્ફોટક રિપોર્ટ આવ્યા બાદ લાગે છે કે ટોપ એક્ટર્સ, નિર્માતાઓ અને નિર્દેશકો 'માફિયા' છે. જે મહિલાઓનું જાતીય શોષણ કરે છે અને જે મહિલાઓ ના કહેવાનું સાહસ કેળવે છે તેમને દંડ કરવામાં આવે છે. કમિટીએ મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં મહિલાઓને જે ૧૭ મુદ્દાઓનો સામનો કરવો પડી રહ્યો છે તેને સૂચિબદ્ધ કર્યા છે. જેમાં અનેક બિંદુ ઓવરલેપ કરે છે. એટલા માટે તેના સાત બિંદુઓમાં સંક્ષિપ્તીકરણ કરવામાં આવી શકે છે જે આ પ્રકારે છે. ૧. કામ આપવાના બદલામાં જાતીય સંબંધોની માગ કરવામાં આવે છે. ૨. જે મહિલાઓ જાતીય સંબંધો બાંધવાનો ઇનકાર કરે છે તેમનું કરિયર બરબાદ કરી દેવામાં માફિયાઓ એક થઇ જાય છે. ૩. કાર્યસ્થળ પર સુરક્ષાનો અભાવ છે. પછી તે સેટ હોય કે આઉટડોર સાઇટ હોય કે પછી ક્રૂ માટે હોટલ કે ટ્રાન્સપોર્ટ હોય. ૪. એક્ટર્સના ફેન ક્લબ ટ્રોલ આર્મીના રૂપમાં કામ કરે છે. ૫. પ્રતિબંધની સંસ્કૃતિ જેનાથી પુરુષો પણ ડરે છે, ૬. કોન્ટ્રાક્ટને લાગુ કરવામાં આવતો નથી. ૭. ફરિયાદોના નિવારણ માટે કોઇ કાયદાકીય સમિતિની રચના કરવામાં આવતી નથી.

હેમા કમિટીએ એમ પણ કહ્યું હતું કે આ વાત એના પુરાવા છે કે લગભગ ૧૦ થી ૧૫ વ્યક્તિઓના માફિયા' છે. જે તમામ પુરુષો છે. તમામ ખૂબ સફળ અને પૈસાદાર છે. શું તે ફક્ત મલયાલમ ફિલ્મ ઉદ્યોગ સુધી સીમિત છે.? નહી. હોલીવૂડથી લઇને બોલીવૂડ સુધી દુનિયાના લગભગ તમામ ફિલ્મ ઉદ્યોગોમાં આ સ્થિતિ છે. એટલા માટે જ્યારે છ વર્ષ અગાઉ બોલીવૂડમાં પણ 'મિટૂ'નો વિસ્ફોટ થયો હતો. તો તેની ગૂંજ ભારતમાં પણ સંભળાઇ હતી. જેની એક મિશ્રિત તસવીર પણ સામે આવી હતી. આરોપીઓનું પુનર્વાસ કરવામાં આવી ચૂક્યું છે. કોર્ટ તરફથી અપેક્ષિત ન્યાય મળ્યો નથી અને સંસ્થાઓ પ્રતિરોધી છે અથવા તો ઇનકારની સ્થિતિમાં છે. પરંતુ એક વાત જે જીવિત છે તે એ છે કે મહિલાઓમાં નવી પ્રકારની એકતા આવી છે અને તે સ્થિતિને વધુ સારી બનાવવા માટે સતત સંઘર્ષ કરી રહી છે. જેમ કે કેરળની વિમેન ઇન સિનેમા કલેક્ટિવના પ્રયાસો સ્પષ્ટ છે કે જેના પરિણામ સ્વરૂપ હેમા કમિટીનો રિપોર્ટ આવ્યો છે.

કેરળ હાઇ કોર્ટની મંજૂરીની વામ લોકતાંત્રિક મોરચાની રાજ્ય સરકારે જ્યારથી હેમા સમિતિનો રિપોર્ટ સાર્વજનિક કર્યો છે ત્યારથી જાતીય શોષણ પર વધુમાં વધુ કંકાલ બહાર આવ્યા છે. પરંતુ તેમ છતાં એમ કહેવું સત્ય નથી કે મલયાલમ ફિલ્મ ઉદ્યોગ અંદરથી સડી ચૂક્યો છે.કારણ કે તેની અંદરની મહિલાઓ જ સફાઇ કરી રહી છે. વાસ્તવમાં જે ફિલ્મ ઉદ્યોગના અંદરના ભયાનક સમાચારો આવતા નથી તેની ચિંતા વધુ કરવી જોઇએ. સવાલ એ છે કે શું હવે ડબલ્યૂસીસીની મિસાલ અન્ય મહિલા કલેક્ટિવને પોતાના ઉદ્યોગોમાં સુધારો લાવવા માટે પ્રેરિત કરી શકશે કે નહીં. કાંસમાં પિયરે એન્જિનિએક્સ એવોર્ડ જીતનારી પ્રથમ ભારતીય મોધુરા પાલિતે કહ્યું હતું કે એ અહેસાસ અગાઉથી જ હતો કે ફિલ્મ સંસારમાં મહિલાઓ માટે અંધારું હતું પરંતુ હવે તે અંધારું વધુ ઘેરું બની રહ્યું છે.

એટલા માટે અપર્ણા સેન સહિત ૫૦થી વધુ મહિલા એક્ટર્સ, નિર્દેશક અને સિનેમેટોગ્રાફર અને લેખિકાઓને એક મંચ પર લાવીને પશ્ચિમ બંગાળમાં વિમેન્સ ફોરમ સ્ક્રીન વર્ક્સની રચના કરી હતી. તેનો ઉદેશ્ય મહિલાઓના શોષણથી સુરક્ષિત કરવાનું છે, કારણ કે પાલિત અનુસાર, અમે અસંગઠિત સેટિંગ્સ, પરિવર્તન શીલ સ્થિતિઓ અને વિચિત્ર સ્થળો પર કામ કરીએ છીએ. આ સંગઠને ૨૭ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ પોતાની માગોના ચાર્ટર સાર્વજનિક કર્યો હતો જેમાં માંગ કરવામાં આવી હતી કે જાતીય શોષણ રોકથામ કાયદા,૨૦૧૩ને લાગુ કરવામાં આવે. આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવામાં આવે અને ફિલ્મ ઉદ્યોગમાં જાતીય શોષણની પીડિતાઓ માટે ૨૪ કલાકની હેલ્પલાઇન છે. ડબલ્યૂસીસીનો ઉદેશ્ય પગાર અને કાર્ય સ્થિતિના અંતરને ઉજાગર કરવાનો પણ હતો. ફિલ્મ ઉદ્યોગમાં ૭૫ પ્રોફેશન હોય છે. એ તમામ લૈંગિક ભેદભાવ છે અને સાથે સુરક્ષાની પણ જરૂર છે. એટલા માટે ડબલ્યૂસીસી એનજીઓ સખી સાથે મળીને દક્ષિણના અન્ય ફિલ્મ ઉદ્યોગ માટે દિશાનિર્દેશ જાહેર કર્યા છે.

પરંતુ અનેક પ્રયાસ અસફળ રહ્યા છે. સિંગર ચિન્મયી શ્રિપદાએ જ્યારે જાતીય શોષણના આરોપ લગાવ્યા હતા તે તેમને અનેક લડાઇનો સામનો કરવો પડ્યો હતો અને હવે તેમને તામિલનાડુમાં વિમેન્સ કલેક્ટિવની કોઇ આશા નથી. તેમનું કહેવું છે કે મને નથી લાગતું કે કોઇ મધમાખીના પૂડામાં હાથ નાખવા માટે તૈયાર છે. કેટલાક સિનિયર મહિલા એક્ટર્સે તો જાહેરાત કરી હતી કે તમિળ ઉદ્યોગમાં જાતીય શોષણ નથી. મારી જાણકારીમાં ફક્ત એઆર રહેમાનનો સ્ટૂડિયો છે જેમાં આંતરિક ફરિયાદ સમિતિ છે. તેલુગુ ફિલ્મ ઉદ્યોગમાં સુધારાના પ્રયાસો ધીમા છે. જાતીય શોષણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ૨૦૧૯માં એક મહિલા એક્ટરે જૂબલી હિલ્સમાં ફિલ્મ ચૌમ્બર ઓફિસ સામે સ્ટ્રિપ થઇ હતી. ઘટનાની તપાસ કરવા માટે રાજ્ય સરકારે એક સમિતિની રચના કરી હતી. પરંતુ કોઇ ખાસ વાત બહાર આવી નથી.

ડબલ્યૂસીસીના હૈદરાબાદના ચેપ્ટરની જગ્યાએ તેલુગુ ફિલ્મ ઉદ્યોગની અંદરની વાઇસ ઓફ વિમેન કમિટીને માળિયા પર ચઢાવી દેવામાં આવી હતી. તેલુગુ ફિલ્મોમાં નાનાની ભૂમિકાઓ નિભાવનારી એક ૨૫ વર્ષીય એક્ટરે કહ્યું હતું કે મારું અનેકવાર શોષણ થયું છે. હવે તો મને યાદ પણ નથી. એકવાર લીડ એક્ટરના મિત્રની ભૂમિકા માટે ઓડિશન આપી રહી હતી ત્યારે નિર્દેશકે મને કહ્યું હતું કે શું તું લીડ રોલ કરવા માગીશ. હું ખુશ થઇ ગઇ પરંતુ ઘર પહોંચતા જ તેનો કોલ આવ્યો અને કહ્યું કે શું તું મારી સાથે સૂવાનું પસંદ કરીશ. મેં ના પાડી અને મને ફિલ્મમાંથી કાઢી મૂકવામાં આવી હતી.

તેમનું કહેવું છે કે પોતાની વાત રાખવા માટે કોઇ પ્રાધિકરણ નથી. એટલા માટે સંઘર્ષ કરી રહેલા એક્ટર્સ કાંઇ કરી શકતા નથી. મુંબઇની ઇન્ડિયન વિમેન સિનેમેટોગ્રાફર્સ કલેક્ટિવ અને બિટચિત્રા કલેક્ટિવ આશાનું કિરણ છે. આ મહિલાઓ નોન બાઇનરી ડોક્યુમેન્ટરી મેકર્સને આર્થિક મદદ અને શૂટ્સ દરમિયાન એસઓએસ પ્રદાન કરે છે. આ નાનાની ફિલ્મ કલેક્ટિવ છે. જે પરિવર્તન માટે સંઘર્ષ કરી રહ્યા છે. પરંતુ આ તરંગો લહેરોમાં બદલાઇ શકે છે.

## સાત્વિકમ્ શિવમ્

(પાંચમા પાનાનું ચાલુ)

બીજા અંકમાં પણ ભૈરવીબેન આવ્યાં . મને કહે, 'તે સનતને ખોટો મારી નાંખ્યો, ટપુડા.' ફરી એજ એમનાં મોઢા પરનું મર્માળુ હાસ્ય.

ત્રીજો અંક તો અમારે માટે રૂટિન જ હતો. 'હાઉસ ફૂલ' શોની મજા ઓર જ આવે. હાસ્યના પડઘા સાથે નાટક પૂરું થયું.

ફરી ભૈરવીબેન આવ્યાં. સનતને ખૂબ અભિનંદન આપ્યાં. સનત કહે, 'હું અભિમન્યુ પાસેથી એક વાત શીખ્યો છું હારવું તો હિંમતથી હારવું , પણ હિંમત ક્યારેય ન હારવી'. મેં ચેલેન્જ ઉપાડી અને કલાકારો જ આવી ચેલેન્જ ઉપાડે. 'મને તો રિહર્સલનાં થોડા દહાડા મળ્યાં, બાકી ઘણાએ એક-બે કલાકમાં પાત્રો તખ્તે રમતાં કર્યાનાં દાખલાં છે'.

******************

*આ ચહેરા પર છે મુસ્કાન અને પાણી, લાગે છે હવે આ જિંદગી થોડી સમજાણી.*

******************

## શો-શરાબા

(સાતમા પાનાનું ચાલુ)

કે વિકી કૌશલનાં દરેક ગીત એટલા માટે હિટ નથી થતા કેમ કે દરેક વખતે સંગીત, ડાન્સ અને સ્ટેપ્સમાં ઉત્તમ કાર્યનું મિશ્રણ નથી થતું. જ્યારે અહીં એ થયું છે અને એટલે એ ગીત સૌને પસંદ પડી રહ્યું છે.

આમ આખા વિષયનો સાર એટલો જ કે ફિલ્મ કે કોઈ પણ કલાત્મક કૃતિમાં તેની ઉત્કૃષ્ટતા કે સફળતા પાછળ એની સાથે સંકળાયેલા સૌનું યોગદાન હોય છે. કલાકારો ઓછા-વધુ ગમતા જરૂર હોઈ શકે છે, પરંતુ જોનારે એ તો સમજવું જ રહ્યું કે જે-તે કૃતિ પાછળ કોઈ એકનું યોગદાન જ સર્વસ્વ નથી હોતું. એની સફળતા માટે સૌ કોઈ વખાણને પાત્ર છે!

### લાસ્ટ શોટ

'હમ હૈ રાહી પ્યાર કે'માં મારું કેરેક્ટર અભિનય માટે છેલ્લે સુધી સમજાયું જ નહીં. દિગ્દર્શક મહેશ ભટ્ટે મને કહ્યું કે 'તારું પાત્ર અસમંજસવાળું છે. સારું થયું કે તને એ સમજાયું નહીં તેથી બરાબર એક્ટિંગ કરી.'

– આમિર ખાન

# તો દીપિકા પદુકોણ નહીં પણ આ એક્ટ્રેસ હોત રણવીર સિંહના બાળકની મા!

હાલમાં બોલીવૂડ એક્ટ્રેસ દીપિકા પદુકોણ અને રણવીર સિંહના આવનાર બાળકને કારણે લાઈમલાઈટમાં છે. અમુક રિપોર્ટ્સમાં એવો દાવો કરાઈ રહ્યો છે કે દીપિકા પદુકોણની ડ્યૂ ડેટ ૨૮મી સપ્ટેમ્બર છે અને આ જ દિવસે તેના એક્સ બોયફ્રેન્ડ રણબીર કપૂરનો જન્મદિવસ પણ છે. જોકે, આ અંગે કોઈ ઓફિશિયલ સ્ટેટમેન્ટ નથી આપવામાં આવ્યું. પરંતુ હવે એક ચોંકાવનારો ખુલાસો થયો છે કે જો દીપિકા પદુકોણ રણવીર સિંહના સંતાનની મા ના બની હોત તો બોલીવૂડની જ એક એક્ટ્રેસ રણવીરના સંતાનની મા બની હોત. આવો જોઈએ કઈ છે આ એક્ટ્રેસ

અહીંયા તમારી જાણ માટે કે દીપિકા પદૂકોણ પહેલાં રણવીર સિંહનું નામ પરિણીતી ચોપ્રા સાથે જોડાઈ ચૂક્યું છે. બંનેના અફેરની ચર્ચા એકદમ જોરશોરથી ચાલી હતી. એક વખત એક ઈન્ટરવ્યુમાં પરિણીતીએ કહ્યું હતું કે બ્રેકઅપ બાદ તેનું દિલ તૂટી ગયું છે. પરિણીતી અને રણવીર એક સાથે ફિલ્મ કિલ દિલમાં જોવા મળ્યા હતા અને એ જ સમયે બંનેનું અફેયર શરૂ થયું હતું.

ત્યાર બાદ એક ઈન્ટરવ્યુમાં પરિણીતીએ જણાવ્યું હતું કે તે રણવીર સાથે ન્યુટેલા ભરેલાં બાથટબમાં જંપ કરવા માંગે છે, પણ તેણે પછી વાતને વાળી લેતાં કહ્યું હતું કે કપડાં પહેરીને આ પહેલાંના એક ઈન્ટરવ્યુમાં પરિણીતીએ રણવીને પોતાનો ફેવરેટ કો સ્ટાર ગણાવ્યો હતો અને એ સમયે બંનેના નામ ખૂબ જ ચર્ચામાં રહ્યા હતા.

એક રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા અનુસાર ૨૦૧૫માં માલદિવ્ઝ ખાતે રણવીરે દીપિકાને પ્રપોઝ કરી હતી અને ત્રણ વર્ષ ડેટ કર્યા બાદ આખરે બંને જણે આખરે ઈટલીમાં લગ્ન કરી લીધા હતા. ગોલિયો રાસલીલા-રામલીલાથી બંનેની લવ સ્ટોરીની શરૂઆત થઈ હતી અને ત્યાર બંને જણે બાજીરાવ મસ્તાવી અને પદ્માવત જેવી ફિલ્મોમાં પણ સાથે કામ કર્યું હતું.

# તેર વર્ષ જૂના અમિતાભ બચ્ચનના નિર્ણયને કારણે પડ્યું 'જલસા'માં ભંગાણ?

બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન કોઈ વિશેષ પરિચયના મોહતાજ નથી, છેલ્લાં કેટલાય દાયકાઓથી તેઓ પોતાની ફિલ્મોથી દર્શકોનું મનોરંજન કરી રહ્યા છે. ૮૧ વર્ષની ઉંમરમાં પણ બિગ બીને ચૂસ્તી અને સ્ફુર્તી એકદમ બરકરાર છે. પરંતુ હાલમાં બચ્ચન પરિવાર ચાલી રહેલાં વિખવાદોને કારણે ચર્ચામાં છે. અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય-બચ્ચનના ડિવોર્સના રિપોર્ટ્સ આવી રહ્યા છે, પરંતુ આ બધા વચ્ચે બિગ બીનો એક જૂનો ઈન્ટરવ્યુ સામે આવી રહ્યો છે અને આ ૧૩ વર્ષ જૂના ઈન્ટરવ્યુમાં તેમણે કહેલી વાત જ કદાચ ઐશ્વર્યા અને અભિષેક વચ્ચેના પડેલાં ભંગાણનું કારણ છે, એવી અટકળો લગાવવામાં આવી રહી છે.

૨૦૧૧માં આપેલા એક ઈન્ટરવ્યુમાં અમિતાભ બચ્ચને તેમના મૃત્યુ બાદ કઈ રીતે પ્રોપર્ટી વહેંચાશે એ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે મેં એક વાત તો મેં નક્કી કરી લીધું હતું કે હું મારા સંતાનો વચ્ચે કોઈ તફાવત નહીં કરું. જ્યારે હું દુનિયામાં નહીં હોઉ ત્યારે મારી જે કંઈ પણ હશે એ મારી દીકરી શ્વેતા બચ્ચન અને અભિષેક બચ્ચન વચ્ચે બરાબર વહેંચાશે અને કોઈ ભેદભાવ નહીં થાય.

બિગ બીએ પોતાના ઈન્ટરવ્યુમાં આગળ એવું પણ જણાવ્યું હતું કે આ બધું તેમણે તેમની પત્ની જયા બચ્ચન સાથે મળીને આ બધું નક્કી કર્યું હતું. બધા લોકો કહે છે કે છોકરીઓ પારકી થાપણ છે અને તેઓ પતિના ઘરે જતી રહી છે, પણ મારી દીકરી શ્વેતા પાસે એટલા અધિકાર છે જેટલા મારા દીકરા અભિષેક પાસે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમિતાભ બચ્ચને ગયા વર્ષે જ પોતાનો જલસા બંગલો શ્વેતા બચ્ચનના નામે કર્યો હતો. એટલે જ એવું કહેવાય છે કે બિગ બી દ્વારા ૧૩ વર્ષ પહેલાં લેવાયેલો આ નિર્ણય જ પરિવારમાં પડેલાં ભંગાણનું કારણ છે. ત્યારથી જ બચ્ચન પરિવારમાં વિખવાદ શરુ થઈ ગયો હતો. પરિવારની વહુ ઐશ્વર્યાને સસરાની આ વાત ખાસ પસંદ નહીં આવી અને તે દીકરી આરાધ્યાને લઈને પિયર આવી ગઈ હતી. બસ ત્યારથી જ ઐશ્વર્યા અને અભિષેકની મેરિડ લાઈફ ચર્ચાનું કારણ બની છે. જોકે, હવે સાચું ખોટું તો રામ જાણે પણ જો આટલી વાતો થઈ રહી હોય અને બચ્ચન પરિવાર પણ વહુ ઐશ્વર્યાથી દૂર રહેવાનું પસંદ કરતો હોય તો વાતમાં કંઈક તો દમ હશે ને ભાઈસાબ.

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| पीलिया | વાઈ |
| पेचिश | અપચો |
| बदहजमी | મરડો |
| मिरगी | તાવ |
| बुखार | કમળો |

### ઓળખાણ પડી?



બંગાળી ફિલ્મથી સિને સૃષ્ટિમાં પદાર્પણ કરનારી અભિનેત્રી રાખીની હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીની સર્વ પ્રથમ ફિલ્મની ઓળખાણ પડે છે?

અ) ઝીલ કે ઉસ પાર   બ) બ્લેકમેલ   ક) જીવન મૃત્યુ   ડ) મેરે હમદમ મેરે દોસ્ત

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ તા | ગ | ૨ ડ | ધિ | ન્ના | ■ | ૩ ઉ | લ્લં | ૪ ઘ | ૫ ન |
| ડ | ■ | ગ | ■ | ■ | ૬ ચ | ■ | ■ | ૭ સ | મો |
| પ | ■ | ૮ ર | ૯ બ | ■ | ૧૦ બ | ૧૧ હે | ત | ર | ■ |
| ૧૨ ત્રી | ૧૩ સ | ■ | ૧૪ કા | ૧૫ મ | ર | ત | ■ | ૧૬ કો | લ |
| ■ | ૧૭ વા | ૧૮ સ | ■ | ૧૯ લ | ખી | ■ | ૨૦ આ | ■ | ■ |
| ૨૧ અ | રે | રે | ■ | મ | ■ | ૨૨ સં | ગ | ણ | ૨૩ ક |
| જા | ■ | ૨૪ આ | થો | ■ | ૨૫ પ્રો | ગ્રા | મ | ■ | ર |
| ૨૬ ય | ૨૭ તી | મ | ■ | ૨૮ ઉ | ત્સા | હ | ■ | ૨૯ સ | ડો |
| ૩૦ બી | ક | ■ | ૩૧ જા | ■ | ૩૨ હ | ક | ૩૩ દા | વા | ■ |
| ■ | ૩૪ મ | દ | ન | ■ | ન | ■ | ૩૫ ગ | ર | મ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ■ | ૪ | | ૫ | |
| ૬ | | ■ | ■ | ૭ | ૮ | | ■ | | ■ |
| | ■ | ૯ | ૧૦ | ■ | | ■ | ૧૧ | ■ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ■ | ૧૫ | | | | ■ | ૧૬ | |
| ૧૭ | | ૧૮ | ■ | ■ | | ■ | ૧૯ | | |
| ■ | ■ | ૨૦ | ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | | |
| ૨૪ | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | | ■ |
| | ■ | ૨૭ | | | | ૨૮ | ■ | ■ | ૨૯ |
| | ■ | | ■ | ■ | ૩૦ | | ૩૧ | ■ | |
| ૩૨ | | | | ■ | ૩૩ | | | | |

**આડી ચાવી**

૧. ---ને લીધે, ---ના કારણથી (૫)
૪. તરફદારી કરવી તે (૪)
૬. ખુશી, આનંદ (૨)
૭. લગ્ન વખતે બોલાતી કવિતા (૩)
૯. મિત્ર (૨)
૧૧. એક વાર --- તો પાડી (૧)
૧૩. કાદવકીચડ (૨)
૧૫. જેને કલા ગમે છે તે (૪)
૧૬. સત્ત્વ, નિચોડ (૨)
૧૭. કેશ, મજૂરી (૩)
૧૯. ઢોર --- જાય (૩)
૨૦. પડ પાસા --- (૩)
૨૩. એક વાર (૪)
૨૪. અત્યારે, વર્તમાન સમયનું (૨)
૨૫. ઠીંગણો (૩)
૨૬. ભલે, હશે (૨)
૨૭. બીજ, સબબ, હેતુ, જરૂર (૩)
૩૦. નાકાવેરો, દાણ (૩)
૩૨. વાર્તાનો ટૂંક સાર (૪)
૩૩. લડાઈનું મેદાન (૫)

**ઊભી ચાવી**

૧. કાનુડો --- (૫)
૨. છૂટ્ટી (૨)
૩. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૪. મોકા (૨) (બ.વ.)
૫. નાગ --- માંડે (૨)
૮. લોકભોગ્ય (૪)
૧૦. રાખ (૨)
૧૨. સાબિત (૪)
૧૪. --- એન્ડ રોલ- અંગ્રેજી ડાન્સ (૨)
૧૬. બીમારની કરવી પડે (૪)
૧૮. બસો રાતે રોકાય (૨)
૧૯. પાગલ, એક સામયિક હતું (૩)
૨૧. પ્રથમ મોગલ બાદશાહ (૩)
૨૨. જપ, સતત યાદ કરવું તે (૩)
૨૪. આક્રમણ કરનાર (૪)
૨૭. જંગલ (૩)
૨૮. પૈસા રોકવા તે (૩)
૨૯. સર્વશ્રેષ્ઠ (૩)
૩૦. --- જમીન ને જોરૂ, એ કજિયાનાં છોરું (૨)
૩૧. --- સાચા છો, મહાન છો. બસ! (૨)

### ગુજરાત મોરી મોરી રે

હિન્દી ફિલ્મોના કયા ચરિત્ર અભિનેતા - ખલનાયકે એક દોરમાં ગુજરાતી ફિલ્મોમાં પણ ડંકો વગાડી ખાસ્સી સફળતા મેળવી હતી એ જણાવો.

અ) સજ્જન કુમાર   બ) દેવેન વર્મા
ક) કનૈયાલાલ   ડ) કિરણ કુમાર

### જાણવા જેવું

ફિલ્મમાં બોલપટની શરૂઆત ૯૩ વર્ષ પહેલા થઈ હતી અને અનેક વર્ષોથી દેશની મોટાભાગની ભાષાની ફિલ્મોમાં મધ્યાંતર કે ઈન્ટરવલ આવતા હોય છે. ઈન્ટરવલ વિના સળંગ પૂરી થઈ હોય એવી પ્રથમ જાણીતી હિન્દી ફિલ્મ યશ ચોપડાની 'ઇત્તેફાક' ગણાય છે. ૧૯૬૯માં આવેલી આ ફિલ્મમાં રાજેશ ખન્ના અને નંદા મુખ્ય કલાકાર હતા.

### સુડોકુ-૬૦૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૩ | | | | | ૬ | |
| ૭ | | ૫ | ૩ | | | ૮ | | ૯ |
| ૪ | | | ૬ | ૫ | | | ૭ | |
| | ૩ | ૪ | | | ૧ | ૬ | ૯ | |
| | | | | | | | | |
| | ૭ | ૬ | ૮ | | | ૨ | ૧ | |
| | ૪ | | | ૯ | ૨ | | | ૬ |
| ૯ | | ૨ | | | ૩ | ૭ | | ૮ |
| | ૧ | | | | | ૯ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૭૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૯ | ૧ | ૬ | ૨ | ૭ | ૫ | ૮ |
| ૬ | ૫ | ૧ | ૮ | ૭ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૮ | ૭ | ૨ | ૫ | ૪ | ૯ | ૬ | ૩ | ૧ |
| ૫ | ૯ | ૩ | ૬ | ૨ | ૮ | ૪ | ૧ | ૭ |
| ૧ | ૨ | ૬ | ૭ | ૯ | ૪ | ૫ | ૮ | ૩ |
| ૭ | ૪ | ૮ | ૩ | ૧ | ૫ | ૨ | ૬ | ૯ |
| ૯ | ૮ | ૫ | ૪ | ૩ | ૬ | ૧ | ૭ | ૨ |
| ૩ | ૧ | ૪ | ૨ | ૫ | ૭ | ૮ | ૯ | ૬ |
| ૨ | ૬ | ૭ | ૯ | ૮ | ૧ | ૩ | ૪ | ૫ |

### ચતુર આપો જવાબ   માથું ખંજવાળો

અમિતાભ બચ્ચને જૂજ ફિલ્મોમાં પોતાના પર જ ફિલ્માવવામાં આવેલા ગીત માટે પ્લેબેક સિંગિંગ પણ કર્યું છે. એવી એક ફિલ્મ તમને યાદ છે ખરી?

અ) જુર્માના   બ) દોસ્તાના   ક) મિ. લાવારિસ   ડ) કાલિયા

### નોંધી રાખો

ઈશ્વર માનવીને એની લાયકાત કરતાં વધારે સુખ તો નથી આપતો એ જ રીતે એની સહનશક્તિ કરતાં વધારે દુઃખ પણ નથી આપતો.

### માઈન્ડ ગેમ

દેવ આનંદે અનેક હિરોઈન સાથે જોડી જમાવી ફિલ્મો કરી છે. અભિનેત્રી નરગીસ સાથે કઈ ફિલ્મમાં દેવસાબ નજરે પડ્યા હતા એ કહી શકશો?

અ) કાલા પાની   બ) અદાલત
ક) બિરહા કી રાત   ડ) જાન પેહચાન

### ગયા શુક્રવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| छड़ी | લાકડી |
| छननी | ચાળણી |
| छरहरा | એકવડિયું |
| छानबीन | તપાસ |
| छिलका | છોતરું |

**ગુજરાત મોરી મોરી રે**
શીતલ શાહ

**ઓળખાણ પડી?**
છોટી સી બાત

**માઈન્ડ ગેમ**
પરવાના

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
વારિસ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) નીતા દેસાઈ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) સુરેખા દેસાઈ (૬) ભારતી પ્રકાસ કટકિયા (૭) ધીરેન્દ્ર ઉદેશી (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) પુષ્પા પટેલ (૧૫) શ્રદ્ધા આશર (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) શિલ્પા શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) અશોક સંઘવી (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેશ દોશી (૨૬) રજનીકાંત પટવા (૨૭) અંજુ ટોલિયા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) હર્ષા મહેતા (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) અરવિંદ કામદાર (૩૮) પુષ્પા ખોના (૩૯) કલ્પના આશર (૪૦) નિતીન બજરિયા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) અબ્દુલ્લા એફ મુનીમ (૪૫) તાહેર ઔરંગાબાદવાલા (૪૬) કિશોર બી. સંઘરાજકા (૪૭) મહેશ સંઘવી



પ્રકરણ ૫૬

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

‘નવી વહુનાં પગલાં નહીં લ્યો?’

જગમોહન અને કરણની સાથે ગાયત્રીને જોઈને જતીનકુમાર પ્રભાની પાસે આવીને ગણગણ્યા. પ્રભાને આખા શરીરે ઝાળ લાગી ગઈ.

‘પ્રભા, તારા ગુસ્સા પર કાબૂ રાખજે. જીભ પર અંકુશ મૂકજે. એક પણ શબ્દ આડોઅવળો બોલાઈ જશે તો બાજી બગડી જશે.’ પ્રભા પોતાની જાતને સમજાવતી રહી.

‘હાય મમ્મી, તું આપણા નવા મહેમાનનું સ્વાગત નહીં કરે?’ કરણ બોલ્યો.

‘બેટા, કોણ છે આ તારી ફ્રેન્ડ છે?’

પ્રભાએ કુતૂહલવશ પૂછ્યું. વિક્રમ કયારેક કરણની કોઈ ગર્લફ્રેન્ડનો ઉલ્લેખ કરતો હતો એ આ છોકરી હશે.

‘નો, મમ્મી, આ ગાયત્રી છે, પપ્પાની ફ્રેન્ડ!’

‘યસ પ્રભા, આ ગાયત્રી મહાજન છે, મારી ફ્રેન્ડ અને મારી ગાઈડ.’ જગમોહને પ્રભાને કહ્યું.

ગાયત્રીએ આગળ આવીને પ્રભાના ચરણસ્પર્શ કર્યા. જતીનકુમારે ફરી પાસે આવીને હોઠ ફફડાવ્યા :

‘વહુ તો આજ્ઞાકારી લાગે છે?’

પ્રભાએ જતીનકુમાર સામે લાલ આંખ કરી.

‘શું વાત છે, જમાઈબાબુ, આજે સાસુમા સાથે બહુ ગુસપુસ કરો છો? કંઈક અમને કહેવા જેવું ઇન્ટરેસ્ટિંગ હોય તો અમને પણ કહોને! ’ જગમોહને ચહેરા પર સ્મિત રાખીને પણ અવાજમાં થોડી કરડાકી ભેળવીને કહ્યું.

‘ના... ના... કંઈ નથી... આ તો...’ જતીનકુમાર ગેંગેફેંફેં કરવા લાગ્યા.

‘રહેવા દો, જૂઠું બોલવું એ પણ એક કળા છે. તમારું કામ નથી.’

જગમોહને અણગમાથી મોઢું ફેરવી લીધું.

‘કોણ છે તારા ઘરમાં? મા... બાપ...?’ પ્રભાએ સહેજ ગંભીર અવાજે ગાયત્રીને પૂછ્યું.

‘મમ્મી, ગાયત્રી બિલકુલ એકલી છે. એનાં માતા-પિતા બંને પાંચ વરસ પહેલાં વિમાન અકસ્માતમાં મૃત્યુ પામ્યાં છે.’ ગાયત્રીની વહારે આવ્યો કરણ..

ગાયત્રીએ રાહતનો શ્વાસ લીધો. મા-બાપના અકસ્માતની વાત કરવી એને ન ગમત. આપણી અંગત ટ્રેજેડીની પણ એક ગરિમા હોય છે, એ જળવાવી જોઈએ. સહાનુભૂતિની યાચના માટે એનો ઉપયોગ થાય છે એવું ન લાગવું જોઈએ.

‘ઓહ, કરણ તો તું ગાયત્રીને પહેલેથી ઓળખે છે?’ પ્રભાએ પ્રશ્ન કર્યો. કરણની દરમિયાનગીરી એને કદાચ પસંદ નહોતી પડી.

‘ના... મમ્મી, હું તો હમણાં જ એને મળ્યો. આ તો પપ્પાએ મારી મુલાકાત કરાવી.’

‘પ્રભા, તને યાદ છે હું તને અમારા મિત્ર અને મુરબ્બી શાસ્ત્રીજી વિશે કહ્યા કરતો હતો. છેલ્લાં વીસેક વરસથી શાસ્ત્રીજીનો પત્તો નહોતો લાગતો... મને ગઈ કાલે જ ખબર પડી કે શાસ્ત્રીજી અહીં જ રહેતા હતા... ગાયત્રી એમની દીકરી છે.’

જગમોહનને લાગ્યું કે જુઠ્ઠું બોલવું ખરેખર એક આર્ટ છે. જતીનકુમારની જેમ એનામાં પણ પકડાયા વગર ખોટું બોલવાની આવડત નથી.

‘કોણ શાસ્ત્રીજી? જગમોહન, આપણે તો આ નામવાળી કોઈ પણ વ્યક્તિ વિશે વાતચીત નથી થઈ. વીસ વરસથી જેની ભાળ નહોતી મળતી એનો અચાનક પત્તો કેવી રીતે લાગ્યો?’ જગમોહન સામે પ્રભા શંકાશીલ નજરે જોવા લાગી.

‘શાસ્ત્રીજી એટલે ગુરુજી... આમ તો મારા કરતાં બે વરસ સિનિયર, પણ પછી શિક્ષણક્ષેત્ર અપનાવ્યું ત્યારથી બધા એમને શાસ્ત્રીજી’ના નામે ઓળખવા લાગ્યા. બહુ વિદ્વાન માણસ. ગાયત્રી એમની દીકરી. પિતાની જૂની ડાયરી જોતાં એને મારા અને શાસ્ત્રીજીના સંબંધ વિશે ખબર પડી એટલે મને મળવા આવી ગઈ.’ જગમોહનને આટલું બોલતાં હાંફ ચડી ગઈ હતી.

‘એ તમને મળવા આવી ગઈ અને તમે એને અહીં લઈ આવ્યા મારી સાથે મેળાપ કરાવવા.’ પ્રભાને હવે ધીરે ધીરે ગુસ્સો ચડી રહી હતો.

એક વાત તો સ્પષ્ટ હતી કે જગમોહન ખોટું બોલતો હતો, પ્રભા વિચારતી હતી. જતીનકુમારને એણે સાચા પાડ્યા એનો પ્રભાને અફસોસ હતો.

કેવું વિજયનું સ્મિત ફરકાવતા ઊભા છે જમાઈબાબુ, જાણે કહેતા હોય :

‘કેમ સાસુમા, હું સાચો પડ્યો ને? શ્વસુરજીએની સ્ત્રી મિત્રને લઈને આવ્યા ને?’

‘મમ્મી, આ ગાયત્રીએ આપણને ઘણી મદદ કરી છે, એના ઘણા ઉપકાર છે આપણા પર...’ ગાયત્રીનું અપમાન થતાં જોઈ કરણ બોલી તો ગયો પણ પછી ખચકાઈ ગયો.

‘ઓહો... તો શાસ્ત્રીજીની દીકરીએ આપણા પર ઉપકાર કરવાના પણ શરુ કરી દીધા... તને કેવી રીતે ખબર પડી, કરણ?’ પ્રભાએ ઉગ્ર સ્વરે કરણને પૂછ્યું.

‘મમ્મી, મને તો તું માફ જ કરજે. મારી ભૂલ થઈ ગઈ કે તને વાત કરી. હવે તું વાતનો કેડો નહીં મૂકે. હું જાઉં છું મારા રૂમમાં...’ કહેતાં કરણ ધમધમ કરતો પોતાના કમરા તરફ ચાલ્યો ગયો.

જગમોહન એને જોતો રહ્યો. દીકરો માને ગમે તે કહી દે તો મા સહન કરી લે, પણ એ જ મા પત્ની સ્વરૂપે પતિની કોઈ પણ વાત સાંભળવા તૈયાર ન થાય.

‘પ્રભા, મેં તને એક વાર કહી દીધું છે. ગાયત્રી મહાજન અમારા શાસ્ત્રીજીની પુત્રી છે. એની પાછળ એક ગેંગ પડી છે એટલે કે હાલના સંજોગોમાં એના ઘરે એકલી નહીં રહી શકે. એ જ કારણે હું એને અહીં લઈ આવ્યો છું. આજથી ગાયત્રી થોડા દિવસ આપણી સાથે રહેશે.’ જગમોહને ધીમા પણ મક્કમ સ્વરે પોતાનો નિર્ણય સુણાવી દીધો.

‘ઓહ, તો વાત અહીં સુધી આવી પહોંચી છે... ઠીક છે તમને લોકોને જે ઠીક લાગે એ કરો. મારું તો કોઈ અસ્તિત્વ જ નથી આ ઘરમાં... બધા પોતાનું ધાર્યું જ કરે છે, તો પછી મને અહીં રાખી છે શું કામ?’ કહેતી પ્રભા વળીને પોતાના રૂમમાં જવા ગઈ.

‘મમ્મીજી...’ ગાયત્રીએ પ્રભાને બોલાવી.

પ્રભા ઘૂમીને ગાયત્રી સામે જોવા લાગી.

‘છોકરી,’ પ્રભાએ તીણા સ્વરે ગાયત્રીને સંબોધીને કહ્યું:

‘આ ફિલ્મી તરીકો મારી સામે નહીં અજમાવતી, હું આવા ચાંપલાવેડાથી પીગળું તેમ નથી.’

‘નહીં, મમ્મી, આ કોઈ ફિલ્મ કે નાટકનો સીન નથી. મારી મમ્મી નથી એટલે તમને મમ્મીજી કહેવાની ઇચ્છા થઈ આવી. તમે જાણો છો કે આ ઉંમરે મમ્મીની જરૂર વધુ પડે. વાસ્તવમાં કાકુએ મને કહ્યું હતું કે તું મારા ઘરે આવીશ તો મારી વાઇફને નહીં ગમે. હું પણ જાણું છું મમ્મી, કે તમારી જગ્યાએ હું હોત તો મને પણ કોઈ છોકરીનું ઓચિંતાનું આગમન ન ગમત... પણ શું કરું? અમુક ગુંડાઓ મારી ઇજ્જત લૂંટવા માગે છે અને મારા ઘરે હું એકલી રહું છું એટલે મેં કાકુને વાત કરી. મેં જ જીદ કરીને કહ્યું કે મને મમ્મી પાસે લઈ જાઓ. હું એમને સમજાવી દઈશ.’ ગાયત્રીએ વાત પૂરી કરીને પ્રભા સામે જોયું.

પ્રભા પાછી ફરી અને ગાયત્રી પાસે ગઈ.

‘જો હું એમ તારી વાતમાં આવી જાઉં એવી ભોળી નથી, સમજી? પણ હમણાં તું બે-ત્રણ દિવસ માટે અહીં રહી શકે છે.’ કહીને પ્રભા પોતાના રુમ તરફ જવા માંડી.

‘થેન્ક યુ, મમ્મીજી... હું થોડા દિવસમાં જ મારો રસ્તો કરી લઈશ.’ ગાયત્રી બોલી.

જગમોહન હસ્યો. પ્રભાનું રિએક્શન જોઈને એનું હાસ્ય ઊડી ગયું હતું. એણે ગાયત્રી સામે જોયું. ફરી એક વાર ગાયત્રીએ સમસ્યાનો હલ શોધી કાઢ્યો હતો.

‘ગાયત્રી, શું લાગે છે તને?’ જગમોહને ગાયત્રીને પ્રશ્ન કર્યો.


‘કંઈ નહીં, પ્રભા આન્ટી એટલે કે મમ્મીજી એક નોર્મલ વ્યક્તિ છે. એમની સાથે કોઈ વાંધો નહીં આવે.’ ગાયત્રીએ હસીને પ્રત્યુત્તર વાળ્યો.

‘એટલે તું એમ કહેવા માગે છે કે હું એબ્નોર્મલ છું, ગાયત્રી?’ નારાજ થયો હોય એવી ઢબે જગમોહન બોલ્યો.

‘મેં એવું કહ્યું નથી, પણ કાકુ... આત્મહત્યા કરવાનો વિચાર કરનારી વ્યક્તિ નોર્મલ તો ન જ હોય, ખરું ને?’ ગાયત્રીએ આંખો ઉલાળીને કહ્યું.

જગમોહન નીચું જોઈ ગયો. ગાયત્રીની વાત નકારી શકાય તેમ નહોતી. આત્મહત્યા એ એક નોર્મલ માણસનું કામ તો નથી જ!

‘સોરી કાકુ, તમને ખરાબ લાગ્યું?’ ગાયત્રીથી રહેવાયું નહીં.




‘ના, મને સારું નથી લાગ્યું - સાચું લાગ્યું છે ! તારી વાત કડવી પણ સાચી છે.’

‘થેન્ક યૂ, કાકુ તમે હવે તમારી ભૂલો સ્વીકારતા થયા છો એ જોઈને આનંદ થાય છે.’

જગમોહન કંઈક બોલવા જતો હતો પણ ત્યાં જ એની નજર જતીનકુમાર પર પડી. જમાઈબાબુ દૂરથી ચૂપચાપ તાલ જોયા કરતા હતા. જતીનકુમારે એ લોકોની વાતચીત સાંભળી હશે? જગમોહનને પ્રશ્ન થયો.

‘શું જમાઈબાબુ? તમારા શું ખબર છે? તમે ક્યારે અહીં આવ્યા?’ જગમોહને અણગમાના ભાવ સાથે જમાઈબાબુના ખબરઅંતર પૂછ્યા.

‘આજકાલ અમે અહીં જ રહેવાનું રાખ્યું છે. વારંવાર જવું આવવું એના કરતાં અહીં રહેવું સારું એવું અમે વિચાર્યું.’ જતીનકુમારે ખુલાસો કર્યો.

‘સરસ... સરસ, ગાયત્રી, આ છે અમારા જમાઈબાબુ અને જમાઈબાબુ, તમે તો આ છોકરીને પહેલેથી જ ઓળખો છો, ખરું ને?’ જગમોહને ઓચિંતાનો હુમલો કર્યો.

‘હા... હા... ના... શ્વસુરજી, હું ક્યાંથી ઓળખું? આજે પહેલી વાર ગાયત્રીબેનને જોયાં... વાહ! શું સરસ નામ છે ગાયત્રી!’ જતીનકુમાર ડઘાઈ ગયા હતા.

‘હા, બહુ જ સરસ નામ છે, જતીનકુમાર અજાણ્યા ન બનો, હું તમને સારી રીતે ઓળખું છું. તમે જ કરણને કહ્યું કે તારો બાપ બે દિવસથી એક છોકરી સાથે રહે છે.’

જગમોહન એના અસ્સલ લડાયક મિજાજમાં આવી ગયો હતો.

‘કાકુ, પ્લીઝ... જતીનબાબુ આપણા જમાઈ છે અને જમાઈનું માન-સન્માન સાચવવાની આપણી ફરજ છે. કાકુ, પ્લીઝ... તમે જમાઈબાબુ સાથે આ રીતે વાત ન કરો.’ ગાયત્રી વચ્ચે પડી.

જગમોહન આશ્ચર્યથી ગાયત્રી સામે જોવા લાગ્યો. ગાયત્રી વચ્ચે પડીને જમાઈનો બચાવ કરશે એવું એણે નહોતું ધાર્યું. ગાયત્રીના આદેશ’નું જાણે પાલન કરતા હોય એમ એણે હથિયાર હેઠાં મૂકી દીધાં.

‘થેંક્યુ ગાયત્રી, મારો બચાવ કરવા બદલ તારો આભાર. તું મને ઓળખતી નથી છતાં તેં મારો પક્ષ લીધો એ મને ગમ્યું. હું યાદ રાખીશ.’ જતીનકુમાર કમરાની બહાર નીકળી ગયા.

જમાઈની વિદાય બાદ ગાયત્રી અને જગમોહન બંને હસી પડ્યાં.

‘સોરી કાકુ, મારે તમારા ઘરમાં દૂધમાં સાકર ઓગળે એમ ઓગળી જવું હોય તો બધાનો વિશ્વાસ જીતવો પડશે... એટલે તમારી વિરુદ્ધ જવું પડશે, કેમ કે આખા ઘરમાં જો કોઈ ખલનાયક હોય તો બધાની નજરે તમે જ વિલન છો. કરણને તમારા પ્રત્યે અનહદ પ્રેમ છે પણ એને પણ જ્યારે વાંકું પડશે ત્યારે તમારી સામે થઈ જશે...’

‘યસ, હું જાણું છું. હવે તારે મારા ઘરના એબ્નોર્મલ માણસોને નોર્મલ બનાવવાના છે. આ ઘરમાં જાદુઈ ફૂંક મારીને અહીંના વાતાવરણમાં સુખ અને ખુશી ભરી દેવાનાં છે. જેમ તેં મને બદલી નાખ્યો તેમ બધાંને બદલી નાખવાનાં છે. એન્ડ આઈ એમ શ્યોર યુ કેન ડુ ઈટ!’

‘કાકુ, હું આ કામ માટે બહુ જ નાની છું. તમારી ચેલેન્જ હું ઉપાડીશ પણ કેટલી સફળ થઈશ એ હું નથી જાણતી. તમને હું બદલાવી શકી, કારણ કે તમે બદલવા ઇચ્છતા હતા.’

‘ગાયત્રી, દરેક જણ પરિવર્તન ઇચ્છતું હોય છે. દરેક વ્યક્તિ જાતમાં અને વાતાવરણમાં બદલાવ ઇચ્છતું હોય છે. યોગ્ય વ્યક્તિની સલાહ મળે તો એ જરૂર સહકાર આપે...’

‘ઓ.કે. કાકુ , પણ એક શરતે. હું જે પણ કરું કે કહું એમાં મને રોકટોક નહીં કરવાની. કબૂલ? અને હા, તમારે મારી બધી વાત માનવાની, રાઈટ?’ ગાયત્રીએ હાથ લંબાવ્યો.

જગમોહને ગાયત્રીનો હાથ પકડી લીધો.

‘રાઈટ... એબ્સોલ્યુટલી રાઈટ... તું જેમ કહીશ તેમ હું કરીશ.’ કહીને જગમોહને ઉષ્માથી ગાયત્રીનો હાથ દબાવ્યો.

એ જ પળે પ્રભા કમરામાં દાખલ થઈ.

(ક્રમશ:)■

---

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# ફિલ્મ કોની, સ્ટાર્સની કે ટીમની?

## ફિલ્મ કોની ગણાવી જોઈએ એ વિશે એક મજાની ચર્ચા

થોડા સમય પહેલાં ‘ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શો’માં અને એ પછી ગણતરીના જ દિવસોમાં અભિનેત્રી રિયા ચક્રવર્તી ( સદગત સુશાંત સિંહની વિવાદાસ્પદ ગર્લ ફ્રેન્ડ ) સાથેના એક ઇન્ટરવ્યૂ (‘ચેપ્ટર - ટુ’ શો ) માં આમિર ખાને કબૂલાત કરી કે ‘લાલ સિંઘ ચઢ્ઢા’માં એણે અને એની ટીમે લેખન અને દિગ્દર્શનથી માંડીને નાના-મોટા દરેક વિભાગોમાં ધારેલું બધું જ પાર પાડ્યું હતું, પણ પોતે જ પોતાના કેરેક્ટરમાં ઓવર એક્ટિંગ કરી હતી. એણે પોતાના પાત્રને પૂરતો ન્યાય ન આપ્યો. બહુ જ ઓછા એક્ટર્સ હોય છે જે જાહેરમાં આવું કહી શકે. સુપરસ્ટાર હોવા છતાં એક મોટી ફિલ્મની નિષ્ફળતાની જવાબદારી ફક્ત પોતાના માથા પર લેનાર આમિર ખાનની આ નિખાલસતાથી એક પ્રશ્ન એ ઉદભવે કે હકીકતમાં ફિલ્મ કોની? સ્ક્રિન પર રહેલા એક્ટર્સની કે પછી આખી ટીમની?



આમિર ખાન અને રિયા એના ટીવી શોમાં.

હિન્દી ફિલ્મઉદ્યોગ જયારે બોક્સ ઓફિસ પર કમાણી કરવામાં સંઘર્ષ કરી રહ્યો છે ત્યારે અધધ કલેકશન સાથે સફળતાના રેકોર્ડ્સ તોડી રહેલી ‘સ્ત્રી- ૨’ કોની? શ્રદ્ધા કપૂર કે રાજકુમાર રાવની કે પછી કોઈ બીજાની જ? જો શ્રદ્ધા કપૂર કે રાજકુમાર રાવની કહીએ તો સામે દલીલ એ પણ થઈ શકે કે જો એમના જ નામ પર ફિલ્મ ચાલતી હોય તો એમની પાછલી બધી ફિલ્મ ‘સ્ત્રી -૨’ જેટલી જ કેમ સફળ સાબિત નથી થઈ? આ દલીલ સામે પણ એક બીજી દલીલ એ થઈ શકે તો કેમ ‘સ્ત્રી-૨’ની રિલીઝ પછી જ શ્રદ્ધા કપૂર ‘ઇન્સ્ટાગ્રામ’ ફોલોઅર્સની સંખ્યામાં ભારતમાં બીજા ક્રમે પહોંચી ગઈ?

આ વાત એ જ દર્શાવે છે કે રિલીઝ પછી લોકોને ફિલ્મ ગમી. તેમાં શ્રદ્ધાનું કામ અને જે ખૂબસૂરતીથી એને રજૂ કરવામાં આવી એ ગમ્યું એટલે લોકોનું એના પર ધ્યાન વધુ ગયું અને ફોલોઅર્સની સંખ્યા વધી. મતલબ ફિલ્મ ફક્ત શ્રદ્ધા કપૂર કે પોતાની અદાકારીથી દર્શકોના દિલ જીતનાર રાજકુમાર રાવની માત્ર નહીં, પરંતુ ફિલ્મની સફળતા આખી ટીમની ગણાય!

એક ફિલ્મ સફળ નીવડે એ માટે બધું એટલે કે બધું જ એક સાથે સરખું પાર પડવું જરૂરી છે. દરેક વિભાગમાં ઉત્તમ કામ થાય તો જ ફિલ્મ સફળ બને. ફિલ્મ બની ગયા પછી તેનું માર્કેટિંગ પણ એટલી જ હદે અસરકારક હોવું જરૂરી છે, કેમ કે એવા સેંકડો ઉદાહરણ આપી શકાય, જ્યાં એક વખત જેનું નામ સફળતા સાથે જોડાયું હોય એને બીજી વખત નિષ્ફળતા પણ મળી હોય.

ભારતીય ઇતિહાસની સૌથી સફળ ફિલ્મ એવી ‘શોલે’ના દિગ્દર્શક રમેશ સિપ્પી પણ એમની દરેક ફિલ્મ શોલે’ જેવી નથી બનાવી શક્યા. એ જ રીતે, ‘ગદર’ જેવી સફળ ફિલ્મ આપનાર દિગ્દર્શક અનિલ શર્મા પણ ‘ગદર’ થી ‘ગદર -ટુ’ની વચ્ચેની બધી જ ફિલ્મ બ્લોકબસ્ટર નથી આપી શક્યા. શાહરુખ, સલમાન કે આમિર પણ બધી જ ફિલ્મ સક્સેસફૂલ નથી આપી શક્યા.

કોરોનાના લોકડાઉન પછી ઇન્ડસ્ટ્રીનો તારણહાર બનેલો અક્ષય કુમાર પણ છેલ્લી કેટલીય ફિલ્મ્સથી સફળતા માટે સંઘર્ષ કરી રહ્યો છે. આનાથી એ પુરવાર થાય કે ફિલ્મમાં આખી ટીમ અને ફિલ્મ મેકિંગના દરેક પાસાનું ઉત્કૃષ્ટ કામ જ ફિલ્મને સફળ બનાવી શકે.

દિગ્દર્શક નિખિલ અડવાણીએ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ‘ભારતના દર્શકો માટે ફક્ત પાંચ જ દિગ્દર્શક છે. એટલા જ નામ એ જાણે છે.’ એમણે કશું જ ખોટું નથી કહ્યું, કારણ કે મોટાભાગે કોઈ પણ ફિલ્મ શાહરુખ, સલમાન, રણબીર, અક્ષય કે રિતિકની હોય છે. ક્યારેક જ કોઈ ફિલ્મ સંજય લીલા ભણસાલી કે કરણ જોહરની હોય છે. ભારતના ફિલ્મ્સ જોનાર વર્ગમાં પાંચ ટકાથી પણ વધુ લોકો એવા નહીં હોય જે ફિલ્મ્સના દિગ્દર્શકોનાં નામ જાણતા હશે કે જે-તે ફિલ્મ જોઈ રહ્યા હોય તે ફિલ્મના દિગ્દર્શકનું પણ નામ એમને ખબર હોય. અહીં કહેવાનો અર્થ એ નથી કે ફિલ્મ સ્ટાર્સની નહીં, ફક્ત દિગ્દર્શકોની હોય છે. અહીં મુદ્દો એ છે કે ફિલ્મ બંનેની અને આખી ટીમની હોય છે. સફળ થાય તો પણ ને નિષ્ફળ નીવડે તો પણ

‘ઇમરાન હાશ્મીની ફિલ્મોનાં ગીતો તો બહુ જ મસ્ત હોય છે’ કે ‘ઐશ્વર્યા રાયનાં ગીતો તો અફલાતૂન હોય છે’ આવું આપણે સાંભળતા હોઈએ છીએ, પણ ઇમરાન હાશ્મી ગીત ગાતો નથી. એના એક ગીત પાછળ એ લખનાર, કમ્પોઝ કરનાર અને ગાનાર બીજા લોકો હોય છે. ઐશ્વર્યા રાય જે ગીત પર ડાન્સ કરે છે તેના કોરિયોગ્રાફર કોઈ બીજા જ હોય છે, પરંતુ દરેક વખતે દરેકને પૂરતી ક્રેડિટ નથી મળતી . આ હકીકત છે, આ માનસિકતા છે અને એ સ્વાભાવિક પણ છે.

દાયકાઓ પહેલા સલીમ જાવેદની લેખક બેલડી સુપ્રસિદ્ધ થઈ એ પછી હજુ પણ કોઈ એવા લેખકોના નામ આપણી પાસે નથી,જેને ભારતીય દર્શકોએ સલીમ - જાવેદ સ્તરની સામૂહિક ખ્યાતિ આપી હોય.

હમણાં જ ખૂબ પ્રસિદ્ધિ પામેલું ‘હુસ્ન તેરા તોબા તોબા’ ગીતમાં વિકી કૌશલના ડાન્સના ખૂબ જ વખાણ થયા ત્યારે એના કોરિયોગ્રાફર બોસ્કોએ વિકીની ક્ષમતાના વખાણ સાથે એમ પણ કહ્યું કે ‘એ ડાન્સ મેં કોરિયોગ્રાફ કર્યો છે. મારું પણ આ હિટ સોન્ગ પાછળ યોગદાન છે. તમે જે ડાન્સ સ્ટેપ્સને વખાણો છો એ હું લઈ આવ્યો છું.’ અહીં એ સામે ચાલીને પોતાના વખાણ કરે છે એવું કહેવાનો આશય નથી, પરંતુ લોકોને એ સમજાવવાનો ઈરાદો છે

(જુઓ પાનું ૬) ▸▸

---

ફિલ્મનામા

નરેશ શાહ

# બોલો, આ તમે જાણો છો? ના, નહીં જ જાણતા હો!

હિન્દી સિનેમાની અચંબિત કરતી મેઘધનુષી વાતો ગમે તેટલી ઈન્ટરેસ્ટિંગ હોય પણ ઘણી વખત તેને બહેલાવીને આખો લેખ લખવાની જીદ રાખીએ તો પરિણામ બોરિંગ જ આવે કારણ કે, તેમાં જાણીતી યા કારણ વગરની વાતોનું જ પિષ્ટપિંજણ કરવું પડતું હોય છે. હિન્દી ફિલ્મો સો વરસ પૂરા કરી ચૂકી છે ત્યારે અનેક પડદા પાછળની અને પડદા આગળની અમુક વાત એવી હોય છે, જેની દિમાગે નોંધ લીધી હોતી નથી યા તો એ વાત ધ્યાને ચઢી હોતી નથી. ઉદાહરણ તરીકે, રાજકુમાર હિરાણી એમની પહેલી ફિલ્મ ‘મુન્નાભાઈ એમબીબીએસ’ પહેલાં શાહરુખ ખાન સાથે બનાવવા માંગતા હતા, એ તમે જાણો જ છો પરંતુ ધ્યાન બહાર છે એ વાત એ કે - રાજકુમાર હિરાણી - અભિજીત જોષી અને શાહરુખ ખાને ‘મુન્નાભાઈ’ની સ્ક્રીપ્ટ પર ખાસ્સો એવો સમય વેડફ્યો હતો. આ દરમિયાન શાહરુખે ફિલ્મની સ્ક્રિપ્ટમાં થોડાં સૂચન પણ કર્યા હતા, જેને સામેલ પણ કરવામાં આવ્યા હતા, કારણ કે શાહરુખ ખુદ તેમાં કામ કરવાનો હતો, પરંતુ કોઈક કારણસર (સાચું કારણ હજુ બહાર આવ્યું નથી) શાહરુખે ફિલ્મ ન કરી અને ‘મુન્નાભાઈ’ બનવાની ખુશકિસ્મતી સંજય દત્તના ભાગે આવી.

એ ફિલ્મ અદ્દભુત હતી એમાં કોઈ શંકા નથી. પટકથીમાં શાહરુખે સૂચવેલાં ઈનપુટસ ફળ્યાં હતા અને એટલે (તમે ધ્યાનથી જોયું હોય તો) ફિલ્મના એન્ડ ટાઈટલ્સમાં એક લાઈનમાં ક્રેડિટસ આપવામાં આવી છે કે - ‘સ્પેશ્યલ થેન્કસ ટૂ શાહરુખ ખાન - ફોર હિઝ ઈનપુટ્સ ઈન સ્ક્રિપ્ટ’ !

હિન્દી સિનેમાની આવી બારિક અથવા અજાણી વાતોને અહીં આપણે રેપિડ ફાયર રાઉન્ડથી જોઈએ તો મુંબઈના સિરિયલ બોમ્બ બ્લાસ્ટ પર બનેલી અનુરાગ કશ્યપની ‘બ્લેક ફ્રાઈડે’ ફિલ્મ એસ. હુસૈન ઝૈદીના પુસ્તક પરથી બનેલી અને તમામ પાત્રોને સાચા નામ જ આપવામાં આવ્યા હતા. આ ફિલ્મમાં ટાઈગર મેમણનો નાનો ભાઈ યાકુબ મેમણ પોલીસમાં સરન્ડર કરે છે એ પણ બતાવવામાં આવ્યું હતું. ‘જબ વી મેટ’ અને ‘ચમકિલા’ જેવી મજબૂત ફિલ્મોના દિગ્દર્શક ઈમ્તીયાઝ અલીએ આ ફિલ્મમાં યાકુબ મેમણનું પાત્ર ભજવ્યું હતું!

‘વીરઝારા’ ફિલ્મમાં ત્રીસ વરસ પહેલાં સગીતકાર મદનમોહને બનાવેલી તર્જ (કમ્પોઝિશન) વાપરીને બધાં ગીતો તૈયાર કરવામાં આવ્યાં હતાં . તેનું એક ગીત તમને યાદ હશે : ‘તેરે લીએ, હમ હૈ જીએ...’




આ તર્જ સંગીતકાર મદનમોહનજીએ ગુલઝારે ૧૯૭૬માં બનાવેલી ‘મૌસમ’ ફિલ્મ માટે તૈયાર કરી હતી. તેના પર ‘દિલ ઢૂંઢતા હૈ’ શબ્દો બેસાડવાના હતા પણ એમ ન થયું. કમ્પોઝિશન પડ્યું રહ્યું અને પછી ‘વીરઝારા’માં વપરાયું હતું!

અમિતાભ બચ્ચનની ‘નસીબ’ અને શાહરુખ ખાનની ‘ઓમ શાંતિ ઓમ’ ફિલ્મ અને ધર્મેન્દ્ર-જીતેન્દ્રની ‘ધર્મવીર’ (ડિરેક્ટર મનોહર દેસાઈ) વચ્ચેનું એક કનેક્શન ઈન્ટરેસ્ટિંગ છે. ‘નસીબ’ અને ‘ઓમ શાંતિ ઓમ’ ફિલ્મમાં એક ગીત એવું હતું કે જેમાં ખૂબ બધા ફિલ્મસ્ટાર સતત સ્કીન પર આવતા હતા. ફરાહ ખાને તો આવું ગીત દર્શાવીને ‘નસીબ’ ફિલ્મને ટ્રિબ્યુટ આપી હતી, પરંતુ રસપ્રદ વાત એ છે કે ‘નસીબ’ ફિલ્મમાં અમિતાભ બચ્ચન ‘જોન, જાની દનાર્દન’ ગીત જે પાર્ટીમાં ગાઈ છે એ પાર્ટી (ફિલ્મમાં) ‘ધર્મવીર’ ફિલ્મની સિલ્વર જ્યૂબિલીની પાર્ટી તરીકે દેખાડવામાં આવી હતી. ગીત અને પાર્ટી ચાલતી રહે અને રાજકપૂર, રાજેશ ખન્ના, શમ્મી કપૂર, શર્મિલા ટાગોર, ધર્મેન્દ્ર વગેરે પાર્ટીમાં પ્રવેશતા જાય છે એવી સિચ્યુએશન હતી. નોંધવા જેવી વાત એ છે કે ‘ધર્મવીર’ ફિલ્મની ઉજવણીની પાર્ટી હતી પણ એ ફિલ્મના બીજા હીરો જીતેન્દ્ર આ પાર્ટી (કે ગીતમાં) સામેલ થયા નહોતા!

ધર્મેન્દ્ર એકમાત્ર એવા એક્ટર હતા કે જે ‘નસીબ’ ઉપરાંત ‘ઓમ શાંતિ ઓમ’ ફિલ્મના ગીતમાં સ્ટાર તરીકે સામેલ થયા હતા.

તમે રાજેશ ખન્નાની ‘બાર્વચી’ ફિલ્મ જોઈ હોવાની શક્યતા ઓછી છે એટલે લખવાનું કે એ ફિલ્મના ટાઈટલમાં પ્રયોગ કરવામાં આવ્યો હતો. એ ફિલ્મની ક્રેડિટસ માટે અમિતાભ બચ્ચનનો અવાજ વાપરવામાં (વોઈસ ઓવર) આવ્યો હતો. એ પહેલાં કે એ પછી આ રીતે ૨૦૦૮ સુધી આવો પ્રયોગ થયો નહોતો, પરંતુ ૨૦૦૯માં આવેલી આર. બાલ્કીની ‘પા’ ફિલ્મમાં જાણે ખાતું સરભર થઈ ગયું. ૧૯૭૨માં આવેલી ‘બાર્વચી’ ફિલ્મમાં હીરોઈન જયા બચ્ચન હતા તો વોઈસ ઓવર બચ્ચનસાહેબે આપેલો. ‘પા’ ફિલ્મમાં હીરો અમિતાભ બચ્ચન હતા તો તેમાં ક્રેડિટ માટેનો વોઈસ ઓવર જયા બચ્ચને આપ્યો હતો!

આમ સાડત્રીસ વરસે પતિ પત્નીએ બેલેન્સ સીટ સરભર કરી લીધી, એકબીજાની ફિલ્મના ક્રેડિટ માટે વોઈસ ઓવર આપીને !

આર. ડી. બર્મનના સંગીતકાર પિતાશ્રી એસ. ડી. બર્મનદાએ આરાધના, બંદિની જેવી અનેક ફિલ્મમાં એકાદ ગીત પોતાના સ્વરમાં ગાયું છે. સચિનદાનો અવાજ યુનિક હતો. એક અલગ જ માહૌલ એમનો સ્વર ક્રિએટ કરી દેતો હતો પણ જરૂરી હોય તો જ એ કોઈ ગીતને પોતાના અવાજમાં ગીત ગાવાનું પસંદ કરતા. મોટેભાગે ખલાસી, વટેમાર્ગુ, જોગી જેવાં પાત્ર માટે બેકગ્રાઉન્ડમાં વાગનારા ગીતો એમણે ગાયા પણ ‘ગાઈડ’ ફિલ્મ તેમાં અપવાદ રહી. આ ફિલ્મમાં સચિનદાએ (‘અલ્લાહ મેઘ દે’ અને ‘વાહાં કૌન હે તેરા’) બે ગીત ગાયા હતા. એક જ ફિલ્મમાં સચિનદાએ બે ગીત ગાયા હોવાનો રેકોર્ડ માત્ર ‘ગાઈડ’ના નામે છે.

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# વ્યાજ ને લાજ લૂંટતા લાલા, સેવા - શિક્ષણને કરતા વહાલા

## ફિલ્મ જોવા આવતી ભોળી પ્રજા સી. એસ. દુબે પડદા પર દેખાય એ સાથે ગાળોનો વરસાદ વરસાવતી એ જ તો અભિનેતાનું મેરિટ સર્ટિફિકેટ છે!

**અમિયા** ચક્રવર્તીની ‘સીમા’ (૧૯૫૫) રિલીઝ થઈ ત્યારે સિને રસિકોને ખાસ્સી પસંદ પડી હતી. ‘દાગ’ની નાનકડી ભૂમિકા અને ‘પતિતા’ના ભીકુ ચાચાના રોલને કારણે ધ્યાનમાં આવેલા સી. એસ. દુબે - ચંદ્રશેખર દુબે ‘સીમા’માં નઠારા માણસનું પાત્ર ભજવી ફિલ્મમેકરોના પ્યારા બની ગયા. ‘સીમા’ નૂતનના લાજવાબ અભિનય અને કર્ણપ્રિય ગીત - સંગીતને કારણે મશહૂર તો થઈ એની સાથે દર્શકોને લંપટ બાંકેલાલ (સી. એસ. દુબે) પણ પસંદ પડ્યા.‘સીમા’ ફિલ્મના ટાઈટલમાં દુબેનું નામ અભિનેતા ઉપરાંત નિર્માણ સહાયક અને સહાયક દિગ્દર્શક તરીકે સુદ્ધાં છે. આશ્ચર્યની વાત તો એ છે કે નૂતન અને બલરાજ સાહની બાદ રોલની લંબાઈમાં દુબે ત્રીજા ક્રમે છે. આના પરથી દિગ્દર્શક ચક્રવર્તીને અભિનેતામાં કેટલો ભરોસો હતો એ સમજાય છે. નૂતનના સમર્થ અભિનય સામે દુબેજી પાત્રોચિત અભિનય સમર્થપણે રજૂ કરવામાં સફળ રહ્યા એ એમની કાબેલિયતનો પુરાવો છે.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અભિનેતા કોઈ પાત્ર સમર્થપણે ભજવે પછી એના પર સિક્કો લાગી જતો હોય છે. કપટી, લુચ્ચા અને લંપટ વ્યક્તિના અદ્દલ અભિનય ઉપરાંત દુબેનો નાક- નકશો પણ એ પાત્ર માટે બંધબેસતો લાગતો હોવાથી એમને એ પ્રકારનાં પાત્રોની ફિલ્મોની ઓફર ધડાધડ મળવા લાગી. પડદા પર ખલનાયક પ્રાણને જોયા પછી વાસ્તવિક જીવનમાં પણ એ એવી જ હરામખોર વ્યક્તિ હશે એવું અનેક લોકો માનતા હતા અને દીકરાનું નામ પ્રાણ તો રખાય જ નહીં એવો વણલખ્યો નિયમ બની ગયો હતો.અસલ જિંદગીમાં આવા માણસથી તો દૂર જ રહેવાય એવું લોકો કહેતા હતા.

‘સીમા’ પછી દુબેજીના પણ એ જ હાલ થયા. નાલાયક, હરામખોર કે લાલચુ - લંપટ પાત્રમાં એમનો અભિનય એવો સચોટ રહેતો કે ફિલ્મ જોવા આવતી ભોળી પ્રજા પડદા પર એમને જોતા જ ગાળોનો વરસાદ વરસાવતી.



સી. એસ. દુબે વિજુ ખોટે સાથે ‘જીને કી રાહ’માં

વ્યાજ અને લાજ લૂંટતા લાલા, લુચ્ચો વેપારી, કપટ કરતો પૂજારી, ભ્રષ્ટાચારી પ્રકારના પાત્રો માટે ચંદ્રશેખર દુબે પહેલી પસંદ બની ગયા.

મનોજ કુમારની ‘રોટી કપડા ઔર મકાન’માં તુલસી (મૌસમી ચેટરજી) પર નજર બગાડતા કરિયાણાના વેપારી લાલાનો રોલ દુબેજીએ કર્યો છે, પણ ધ્યાનથી જોશો તો એમાં તમને કનૈયાલાલ ડોકાશે અને પ્રેમ ચોપડા પણ દેખાશે. પ્રેમ ચોપડાની ખલનાયકીમાં સી. એસ. દુબેનો પ્રભાવ હતો એમ કહેવામાં અતિશયોક્તિ નથી. કોઈ પણ પાત્રને નિખારવામાં દરેક અભિનેતા પોતાની ક્ષમતા - આવડત અનુસાર એમાં પ્રાણ ફૂંકતો હોય છે, પણ જેમનાથી પ્રભાવિત થયા હોય એમની છાંટ વર્તાયા વગર નથી રહેતી.

કનૈયાલાલની અસર સી. એસ. દુબેમાં દેખાઈ તો દુબેજીની અસર પ્રેમ ચોપડામાં જોવા મળી. અલબત્ત, એક અભિનેતાએ બીજા અભિનેતાની નકલ કરી એવું ઠસાવવાનો કોઈ પ્રયાસ નથી. વાત અભિનય શૈલીને આગળ વધારવાની છે.

૧૯૬૯માં આવેલી જીતેન્દ્ર - તનૂજાની ‘જીને કી રાહ’માં દુબેજી અને વિજુ ખોટે (‘શોલે’ના ‘અબ તેરા ક્યા હોગા કાલિયા’ ડાયલોગનો કાલિયા)ના બાપ - બેટાના રોલમાં છે. જીતેન્દ્રની બહેનને પુત્ર સાથે પરણાવવા ઉત્સુક દુબે જ્યારે માગું નાખવા જાય છે ત્યારે જીતેન્દ્ર સાથે જે અંદાજમાં વાત કરે છે એ જોઈ તમને અસલ કનૈયાલાલની શૈલી યાદ આવ્યા વિના ન રહે. કનૈયાલાલ - સી. એસ. દુબે - પ્રેમ ચોપડા આ ત્રણેય કલાકાર પડદા પર લંપટ માણસની ભૂમિકા અત્યંત પ્રભાવીપણે સાકાર કરવામાં સફળ રહ્યા છે. જોગાનુજોગ ત્રણેયએ લાલચી - લંપટ લાલાનું પાત્ર ભજવ્યું છે. કનૈયાલાલ ‘મધર ઈન્ડિયા’ (શાહુકાર સુખી લાલા), સી. એસ. દુબે ‘રોટી કપડા ઔર મકાન’ (કરિયાણાનો વેપારી લાલા) અને પ્રેમ ચોપડા ‘દાતા’ (શાહુકાર લાલા નાગરાજ).

૧૯૭૫માં રિલીઝ થયેલી ‘ઝિંદા દિલ’ ફિલ્મના એક નાનકડા સંવાદ ‘ઢક્કન ખોલ કે’ને કારણે દુબેજીને અફાટ લોકપ્રિયતા મળી એ હકીકત છે. રિશી કપૂર, નીતુ સિંહ અને ઝાહીદાના લીડ રોલ ઉપરાંત પ્રાણ અને આઈ. એસ. જોહર જેવા સમર્થ અભિનેતાની હાજરી હોવા છતાં દુબે એક સંવાદ અને એ બોલવાની લાક્ષણિક ઢબને કારણે દર્શકોના ચિત્તમાં ચોંટી ગયા. પચાસેક વર્ષ પહેલાની આ ફિલ્મ જોઈ હશે તો પણ ભુલાઈ ગઈ હશે, પણ ‘ઢક્કન ખોલ કે’ અને સી. એસ.દુબે જરૂર યાદ રહી ગયા હશે.

ફિલ્મો ઉપરાંત ચંદ્રશેખર દુબે રેડિયોમાં પણ ખાસ્સા પ્રવૃત્ત રહ્યા હતા. ‘હવા મહેલ’ તેમજ ‘ફૌજી ભાઈયોં કે લિયે’ કાર્યક્રમ કરતા અને એમાં ‘ઢક્કન ખોલ કે’ વન લાઇનરનો ઉપયોગ કરી શ્રોતાઓનું મનોરંજન કરતા હતા.

દુબેજીના રોલની લંબાઈ મોટેભાગે ટૂંકી રહી છે અને અમુક પાત્રો તો રિપીટ થતા હોવા છતાં એક જ શરબતમાં જુદું જુદું એસેન્સ ઉમેરી એને સ્વાદિષ્ટ બનાવી શકાય એવો હુન્નર દુબેજી પાસે હતો. અંદાજે ૨૦૦ ફિલ્મમાં અને તેમાંથી ૯૦ - ૯૫ ટકા ફિલ્મમાં ઘૃણા થાય એવા એક સરખા પાત્ર ભજવવા પડ્યા હોવા છતાં ગુલઝારની ‘મૌસમ’નો બળાત્કારી, બાસુ ચેટરજીની ‘છોટી સી બાત’માં અમોલ પાલેકરને છેતરી ખરાબ મોટર સાઇકલ વેચનારો ગેરેજ માલિક, વગેરે પાત્રમાં એમણે પોતાની અલાયદી છાપ જરૂર છોડી છે.

રીલ લાઈફની ઇમેજ અને રિયલ લાઈફની ઇમેજનો ઘણી વખત મેળ નથી બેસતો. ‘સીમા’ના બાંકેલાલ કે પછી ‘રોટી કપડા ઔર મકાન’ના લાલાની ઈમેજથી સાવ વિપરીત છબી દુબેજીની રિયલ લાઈફમાં હતી.

યુવાનીમાં સ્વાતંત્ર્ય લડતમાં ઝંપલાવનારા સી. એસ. દુબે ખરા અર્થમાં સમાજસેવી હતા. ફિલ્મોમાંથી જે કમાણી થતી હતી એનો અમુક હિસ્સો ગરીબોને સહાય કરવા તેમજ પૈસાના અભાવે શિક્ષણ નહીં મેળવી શકતા લોકોને મદદરૂપ થવા માટે વાપરતા હતા. ■

ડ્રેસ-સર્કલ

સંજય છેલ

# ડૉ.રાહી માસૂમ રઝા

## ૮૫ ફિલ્મો ને ‘મહાભારત’ સિરિયલના મહાલેખક

**ફિલ્મોની** જેમ ભારતીય રાજનીતિ પર પણ મનોરંજન ટેક્સ લગાડવો જોઇએ આટલું મનોરંજન તો ફિલ્મોમાં પણ નથી મળતું!

‘‘મૂછ નહીં તો કુછ નહીં!

હર ક્યું કા જવાબ નહીં હોતા !

હર સવાલ કા જવાબ સવાલ નહીં હોતા

હિંદુસ્તાની આદમીએ તો રોટી વિના સદીઓથી જીવવાનો વર્લ્ડ રેકોર્ડ કર્યો છે!’’


આ યાદગાર સંવાદો છે હિન્દી-ઉર્દૂનાં તેજાબી લેખક-શાયર ડો. રાહી માસૂમ રઝાનાં. જેમણે મૈં તુલસી તેરે આંગનકી- આખરી રાસ્તા- મિલી- પ્રેમકહાની- બૈરાગ, સગીના - જુર્માના- બેમિસાલ- ગોલમાલ- નગીના - કર્ઝ- નિકાહ- લમ્હેં,- પરંપરા- આઇના ઈત્યાદ્ ઈત્યાદિ

જેવી ૮૫ જેટલી અનેક સફળ ફિલ્મો લખી ગીતો-ગઝલો લખી, ફિલ્મફેર એવોર્ડ અને સાહિત્યનાં એવોર્ડ જીત્યા.

હમણા ૧ સપ્ટેમ્બરના જ એમનો જન્મદિવસ ગયો. ત્યારે આજના જમાનામાં રાહી માસૂમ જેવા બિંદાસ લેખક યાદ આવે છે, જે ફિલ્મોમાં ને લેખ-વાર્તા-નવલકથામાં સમાજ ને સરકાર વિશે બેધડક લખતા.

રાહી માસૂમ સાહેબની સૌથી વિશેષ સિદ્ધિ તો એ છે કે રાહી માસૂમ રઝા, જન્મે મુસ્લિમ હોવા છતાં બી.આર.ચોપરાની યાદગાર મહાભારત(૧૯૮૮) સિરિયલ ખૂબ સફળતાપૂર્વક લખી, જે આજે ય લોકો ફરી ફરી જુએ છે! નયા દૌર, કાનૂન, નિકાહ, ગુમરાહ જેવી ફિલ્મોના નિર્માતા નિર્દેશક બી .આર. ચોપરાએ એક મુલાકાતમાં કહેલું કે મહાભારત સિરિયલની લેખકોની ટીમમાં હિંદુ લેખકોને પણ ખબર ના હોય એવી ઝીણી ઝીણી માહિતીઓ રાહીસાહેબ શોધી લાવતા. છેક ૧૯૮૮-૮૯માં આવેલી મહાભારત સિરિયલના સરળ અને ચોટદાર સંવાદોને આજે પણ લોકો યાદ કરે છે. ખાસ કરીને કુરુક્ષેત્રમાં અર્જુનને ગીતાજી સમજાવતા કૃષ્ણના સંવાદો કવિતાની કક્ષાના હોવા છતાં સરળ હતાં અને આમ આદમીને સમજાઇ શકે એવા લખેલાં. દ્રૌપદીના વસ્ત્રાહરણ સમયે એક લાચાર સ્ત્રીની આજીજી આજેય યાદ આવે તો રુવાડાં ઊભાં થઇ જાય છે!

રાહી માસૂમ રઝા ખુદને સવાયાં હિંદુ અને ગંગાપુત્ર ગણાવતાં. ઉર્દૂના પ્રોફેસર-લેખક, રાહી સાહેબ યુ.પી.થી બોલીવૂડમાં પૈસા કમાવા સાઉથની ઘણીબધી મસાલા ફિલ્મો- મારધાડવાળી કમર્શિયલ ફિલ્મો પણ લખી. પોતાની અને પોતાના મિત્રોની પણ આકરી મજાક કરી લેતાં. દિલીપકુમાર જ રાહી માસૂમને ‘સગીના’ ફિલ્મ લખવા બોલીવૂડમાં લઇ આવેલાં અને એમના જ માટે રઝા મજાક કરતાઃ દિલીપકુમાર એવો ફટાકડો છે , જેનો



ડૉ.રાહી માસૂમ રઝા

બારુદ કયારેનોય બળી ચુકયો છે. હવે એની પાસે ખાલી બે હાથ બચ્યાં છે જેને એ પોતાનાં ચહેરા અને કેમેરાની વચ્ચે વારેવારે આડાં લાવ્યાં કરે છે!’ એકવાર રઝાએ ૧૯૮૦માં એમની કોલમમાં એ વખતના વડા પ્રધાન રાજીવ ગાંધીને કમાલનો રમૂજી પત્ર લખેલોઃ

આદરણીય વડા પ્રધાનજી,

મારું નામ રાહી માસૂમ રઝા છે. તમે કદાચ મને નહીં ઓળખતા હો, કારણકે હું હિંદી-ઉર્દૂનો કવિ અને નવલકથાકાર છું. તમને તો સાહિત્ય વાંચવાનો મોકો કયાંથી મળે? અત્યારે બસ સમજોને કે હું પોતાની ઓળખના જંગલમાં ગુમ એ દેશનો નાગરિક છું , જેનું નામ સંવિધાને ‘ભારત’ એટલે કે ‘ઇંડિયા’ રાખ્યું હતું. આ પત્ર હું ટપાલમાં પણ મોકલી શકત, પણ તમે તો આપણા ટપાલ ખાતાને જાણો જ છો. ભરોસો ના થાય..વળી મને તો એ ય ખબર નથી કે તમે હિન્દી સમજો છે કે નહીં? એટલે થયું કે ચાલો, જાહેરમાં જ પત્ર છપાવું.

ભારતવર્ષમાં સાહિત્યકારની મર્યા પછી પૂજા કરવામાં આવે છે, પણ જીવતાંજીવત તે બે વખતની રોટી માટે પૂરતું કમાઈ નથી શકતો. એટલે જ હું ફિલ્મોમાં સંવાદો લખું છું. તમે તો ફિલ્મો પણ જોતા નહીં હો. એટલે તમને કહી દઉં કે ફિલ્મો, ત્રણ પ્રકારની હોય છે. સારી, બૂરી અને ખૂબ બૂરી. હું ત્રણેય પ્રકારની ફિલ્મો લખું છું.

એક ફિલ્મમાં મેં એક સીન લખેલો. ફિલ્મમાં હીરો, પોસ્ટ ઓફિસમાં બેસીને લોકોનાં પત્રો લખવાનું કામ કરે છે. એની પાસે એક બુઢ્ઢીએ એના વરને ઉદ્દેશીને પત્ર લખાવડાવ્યોઃ સુલેમાનના અબ્બા, અહીંયા અમે બધાં ખેરિયતમાં છીએ. મજામાં છીએ. બસ ખાલી આપણા સુલેમાનને એક મૂઈ ટેકસીનો ધક્કો લાગી ગયો છે. ટાંગની હડ્ડી તૂટી ગઈ છે. પ્લાસ્ટર ચઢાવ્યું છે. મોટા દીકરા સુલતાનને આખા શરીર પર માતાજી નીકળ્યાં છે. વચલા દીકરાને કાળી ખાંસી થઈ છે. આપણાં પૌત્રને આખા શરીર પર ફોડલાં થયાં છે. અને મારો દમનો રોગ પણ જોરમાં છે. બાકી બધું ખેરિયત છે. ઠીક છે. તો હીરોએ પૂછયું,અરે માસી!ઘરે બધાં તો બીમાર છે તો પછી એમ કેમ લખાવી રહી છો કે બધું ખેરિયત છે, ઠીકઠાક છે?’

ત્યારે એને જવાબ મળે છે :

‘અરે ચિઠ્ઠી માસ્ટર,બધું ખેરિયત છેનો મતલબ એ કે હજુ અમે મર્યા નથી, જીવીએ છીએ.’

વડા પ્રધાનજી, મારાં-આપણાં દેશમાં પણ બસ આટલી જ ‘ખેરિયત’ બાકી રહી ગઈ છે. દેશ આવી જ હાલતમાં છે. અને એવામાં તમે ૨૧મી સદીનાં વિકાસની વાત કરો છો? જવા દો સર, તમે ચૂપચાપ ૧૫મી સદીનાં ભારત પર રાજ કરો ને મને પણ મારધાડ- અશ્લીલ સંવાદ, નાગાં નાચગાણાંથી ભરપૂર ફિલ્મો લખવા દોને!’

શાયર રાહી માસૂમ રઝાએ અમુક ઉર્દૂ સાહિત્યકારોના કોમવાદી વર્તનના વિરોધમાં જીવનનાં છેલ્લાં વીસ વરસ, મુશાયરાઓમાં જવાનું છોડી દીધેલું. રઝા ઉર્દૂમાં લખતાં પણ ઉર્દૂ રચનાઓને હિન્દીની દેવનાગરીમાં છાપવાની જોરદાર હિમાયત એમણે કરેલી, જેથી ઉર્દૂ આખા ભારતમાં પહોંચે, નામશેષ ન થાય. પછી ઉર્દૂ સાહિત્યકારોએ રઝા પર ખૂબ માછલાં ધોયાં. હિન્દીવાળાં એને ઉર્દૂનો લેખક માનતા ને ઉર્દૂવાળા એમને ગદ્દાર ગણતા!

રાહી માસૂમ રઝાનો પુત્ર નજીબ ફિલ્મોમાં સફળ કેમેરામેન છે અને નજીબની પુત્રવધૂ પાર્વતી ખાન પોપ-સિંગર છે. એકવાર ‘દૂરદર્શન’માં પાર્વતી ખાનનું ગીત અને ડાંસ દેખાડ્યા ત્યારે પાર્વતી સાથે ‘ખાન’ શબ્દ મૂકવા અંગે અમુક લોકોએ વિરોધ કરેલો. રાહી સાહેબે કહેલું કે મારી પુત્રવધુ પાર્વતી હિંદુ છે, હિંદુ તરીકે જ રહે છે અને મને એના નામનો અર્થ ખબર છે અને એના સિંગર હોવા પર ગર્વ છે. એ કઇ અટક લગાડે છે એનાથી એનો ધર્મ કે શ્રદ્ધા બદલાઇ નથી જતી!

રાહી સાહેબ તો બાળ ઠાકરે, અડવાણી કે શાહી ઇમામ બુખારીને પણ ખરી ખરી સંભળાવી દેતા! રઝાજીએ પી.એમ.રાજીવ ગાંધીને લખેલાં પેલા પત્રનો રમૂજી અંત ખૂબ ધારદાર છેઃ

પ્રાઈમ મિનિસ્ટરજી,રાજનીતિ તમારો પેશો છે.જેમ ફિલ્મો મારો. હું હીરો માટે ‘ભાષણ’ લખું છું જેને ફિલ્મી ભાષામાં સંવાદો કે ડાયલોગ્ઝ કહેવાય, એમ તમારા માટે કોઈક બીજાં લેખક ડાયલોગ્ઝ એટલે કે ‘ભાષણ’ લખી આપે છે. ફિલ્મો જેમ વધારે ખરાબ એટલી વધુ હીટ...એમ ખરાબ રાજનીતિ પણ આજે સુપરહીટ થઈ રહી છે. હમણાં અમિતાભની ‘કૂલી’

ફિલ્મમાં કમાલનો સીન જોયો. બગીચામાં લોર્ડ કર્ઝનની એક પથ્થરની મૂર્તિ છે, જેમાં કર્ઝન ઘોડી પર બેઠાં છે. હવે પત્થરની એ ઘોડી ફિલ્મના હીરોના સાયુકલાં ઘોડા સાથે ભાગી જાય છે એવી વિચિત્ર કલ્પના ફિલ્મમાં દેખાડી છે! ત્યારે મને થયું કે આપણી રાજનીતિ પણ લોર્ડ કર્ઝનની ઘોડી જેવી છે, જે પોલિટિક્સના કોઈપણ ઘોડા સાથે ભાગી જવાં તૈયાર છે. જો આજનાં ભારતના પોલિટિક્સને સારો સ્ક્રીનપ્લે રાઈટર નહીં મળે અને પછી એ હીટ થઈ પણ જાય તોયે એ રાજકપૂરની ગંગાની જેમ મેલીને મૈલી જ રહેશે! ■

**રાહી માસૂમ સાહેબની સૌથી વિશેષ સિદ્ધિ તો એ છે કે પોતે જન્મે મુસ્લિમ હોવા છતાં બી.આર.ચોપરાની યાદગાર મહાભારત (૧૯૮૮) સિરિયલ ખૂબ સફળતાપૂર્વક લખી, જે આજે ય લોકો ફરી ફરી જુએ છે!**

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

# IC- 814 ફ્લાઈટ ફરીથી હાઈજેક થઇ ગઈ!



આ આખું અઠવાડિયું ‘ઇન્ડિયન એરલાઈન્સ’ની ફ્લાઈટ નંબર IC- ૮૧૪ના થયેલા હાઈજેકની ચર્ચામાં જ વ્યસ્ત રહ્યું છે.

આમ તો ભારતીય ઇતિહાસની આ સહુથી દુઃખદ ઘટનાને લગભગ ૨૫ વર્ષ પૂરા થવા આવ્યા છે, પરંતુ એ કંદહાર હાઈજેક પર પર બનેલી ‘નેટફિક્સ’ ની વેબ સિરીઝે તેના ઘા તાજા કરી દીધા છે.

આપણે ત્યાં સત્યઘટનાઓ પર આધારિત ફિલ્મો અને વેબ સિરીઝને પણ સિનેમેટિક સ્વતંત્રતાના ઓઠા હેઠળ સાવ નવું સ્વરૂપ આપવાની આદત પડી ગઈ છે. IC ૮૧૪ સિરીઝ સાથે પણ આવું જ થયું. આ વેબસિરીઝના દિગ્દર્શક અનુભવ સિન્હાનો રેકોર્ડ આમ પણ કંઈક ‘એવો’ જ છે. કોરોના બાદ થયેલા માનવ સમૂહના સ્થાળાંતર પર એક ફિલ્મ બનાવી હતી ‘ભીડ’ અને એમાં આપણને એવો ‘અનુભવ’ કરાવવાનો પ્રયાસ થયો હતો કે આવું બિલકુલ ૧૯૪૭ના ભાગલા સમયે પણ બન્યું હતું! લ્યો બોલો !

ખેર, આ વેબસિરીઝ પર લોકોને જે મુખ્ય વાંધાઓ છે તે સત્ય સાથે આડેધડ છેડછાડના છે. માન્યું કે એ ફ્લાઈટ હાઈજેક કરનારા આતંકવાદીઓએ પોતાના નામ બદલી નાખ્યા હતા, પરંતુ બાદમાં એમનાં સાચા નામ પણ બહાર આવ્યા હતા , જેને કહેવાની અનુભવ સિન્હાએ તસ્દી આ વેબ સિરીઝમાં જરાય લીધી જ નથી. ઉપરાંત હાઈજેકરો અને પ્રવાસીઓ વચ્ચે ‘સ્ટોકહોમ સિન્ડ્રોમ’ ના નામે જે માયાળુ રિલેશન્સ બંધાઈ ગયા હતા એવું ધુપ્પલ પણ આ સિરીઝમાં દેખાડવામાં આવ્યું છે.

સોશિયલ મીડિયામાં અનુભવ સિન્હાને સદા સમર્થન આપનારાઓ પણ આ સિરીઝમાં સત્ય સાથે થયેલી છેડછાડ જોઇને રીતસર ઘા ખાઈ ગયા છે. સરકારે પણ આમાં રસ દાખવ્યો છે અને ‘નેટફ્લિક્સ’ ના કર્તાહર્તાઓને આતંકવાદીઓનાં સાચાં નામ સિરીઝની શરૂઆતમાં ડિસ્કલેમરમાં આપવાની સૂચના અપાઈ ગઈ છે અને તેનો અમલ પણ થઇ ગયો છે.

૧૯૯૯માં હાઈજેક થયેલી ત્યારે એ ફ્લાઈટમાં જે પાઈલટ હતા એ કેપ્ટન દેવી શર્માએ પણ તાજેતરમાં કહ્યું છે કે વેબ સિરીઝમાં દર્શાવવામાં આવેલે ૨-૩ ઘટના એ વખતે હકીકતમાં એ ફ્લાઈટમાં બની જ નહોતી !

સત્ય હંમેશા રસપ્રદ નથી હોતું, એ મોટેભાગે બોરિંગ હોય છે આથી તેને રસપ્રદ બનાવવા નાટકીય ‘છૂટછાટ’ લેવી એ અલગ વાત છે, પણ સત્યને છુપાવવું કે તેને જુદી રીતે દર્શાવવું એ અલગ વાત છે. અનુભવ સિન્હા પ્રકારના મેકર્સ આ ટેકનિક સુપેરે જાણે છે અને આથી જ એ સત્યને કાયમ હાઈજેક કરી લેતા હોય છે.

# મેરા ‘યો યો’ બદલ ગયા હૈ!



યો યો હની સિંગ બધાને યાદ હશે જ. વધુ નહીં ફક્ત એક દાયકા અગાઉ યો યો હની સિંગનાં ગીતો દરેકના પ્લે લિસ્ટમાં ‘મસ્ટ’ હતા. અચાનક જ આ ‘મસ્ટ’ સિંગર અદ્રશ્ય થઇ ગયો અને હવે ફરીથી દેખાવા લાગ્યો છે, પરંતુ સાવ અલગ રીતે. હાલમાં યો યો હની સિંગે ‘ધ લલ્લન ટોપ’ને એક ઇન્ટરવ્યુ આપ્યો હતો , જેમાં એણે પોતાના જીવન વિશે ખુલીને વાત કરી હતી.

હની સિંગના કહેવા અનુસાર ૨૦૧૨માં જ્યારે એ સફળતાના શિખર પર હતો ત્યારે બાયપોલર ડિસઓર્ડર નામની બીમારીથી એ પીડાવા લાગ્યો હતો.

આ કારણસર એ ધીરેધીરે સંગીતથી દૂર થઇ ગયો હતો અને લગ્નજીવનમાં તિરાડ પડતાં છૂટાછેડા પણ થયા હતા. યો યો હની સિંગનો આ ઇન્ટરવ્યું જોશો તો ખ્યાલ આવશે કે એ કેટલો બધો બદલાઈ ગયો છે! હની સિંગ આજે પોતાનાં જ ગીતો અને તેના શબ્દોની ટીકા કરતો જોવા મળે છે. આ ઉપરાંત આધ્યાત્મ અને ધર્મની વાતો કરે છે. હની સિંગે સ્વીકાર્યું હતું કે એની બીમારી દરમ્યાન શાહરુખ ખાન, દીપિકા પદુકોણ અને અક્ષય કુમાર સતત એની ખબર પૂછતા હતા.

ચાલો, જોઈએ કે હવે નવું જીવન શ્ કરનાર યો યો હની સિંગ કેવા પ્રકારનાં નવાં ગીતો લઈને આપણી સમક્ષ આવ છે.

# ‘અનુપમા’ માંથી ‘બાપ’ની વિદાય



અતિ લોકપ્રિય ટીવી સિરિયલ ‘અનુપમા’માં કોના સંબંધ કોની સાથે ક્યારે બંધાઈ જશે અને ક્યારે તૂટી જશે એનો તો કોઈ હિસાબ નથી, પરંતુ એક હકીકત જેને અવગણી ન શકાય એ તેવી છે કે એનાં બે મુખ્ય કલાકારો અનુપમા એટલે કે રૂપાલી ગાંગુલી અને પતિ વનરાજ એટલે કે સુધાંશુ પાંડે બંને સિરિયલની શરૂઆતથી મજબૂતીથી સાથે હતા.

‘હતા’ એટલા માટે કે હવે સુધાંશુ પાંડેએ સિરિયલને બાય બાય કરી દીધું છે. આની પાછળનાં કારણો તપાસવા જઈશું તો એક આખો નવો લેખ નવો લખવો પડે. પણ સુધાંશુની વિદાય બાદ જે રીતના રિએક્શન્સ-પ્રતિક્રિયાઓ આવી રહી છે, એ સૂચવે છે સુધાંશુ અને રૂપાલીમાં બોન્ડિંગ-સંબંધમાં ખટાશ આવી ગઈ હતી, જેને કારણે છેવટે ‘અનુપમા’માંથી જો મા ન નીકળી શકે તો બાપ (એટલેકે સુધાંશુ!) એ જ નીકળવું પડે એ નક્કી થઇ ગયું હતું.

અત્યારે તો નવા વનરાજની શોધ ચાલી રહી છે, જોઈએ મેકર્સને નવા વનરાજ મુંબઈથી જ મળી જશે કે ગીર સુધી ધક્કો ખાવો પડશે!

### કટ એન્ડ ઓકે!

*‘તમે વેબ સિરીઝ જોઈ છે ખરી?’*

*- IC ૮૧૪ના ટીકાકારોને અનુભવ સિન્હાનો પ્રશ્ન !* ■

# ફ્રી-વેને ઘાટકોપરથી થાણે સુધી લંબાવવાને મંજૂરી

## આ સહિત અનેક પ્રોજેક્ટ માટે કૉન્ટ્રેક્ટર નિમવાને એમએમઆરડીએની લીલીઝંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ટ્રાફિકની સમસ્યાને ઘટાડવા અને કનેક્ટિવિટી સુધારવા માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ની એક્ઝિક્યુટિવ કમિટીની બેઠક યોજાઈ હતી, જેમા મુંબઈ અને થાણેના મુખ્ય રસ્તાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટ માટે કૉન્ટ્રેક્ટરોની નિમણૂક કરવાને મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત ૫૦ કિલોમીટર કરતા વધુ લંબાઈના રસ્તાના બાંધકામ અને પહોળા કરવાના કામ કરવામાં આવવાના છે. એમએમઆરડીએના જણાવ્યા મુજબ લગબગ ૧૨,૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નવ પ્રોજેક્ટ માટે આ કૉન્ટ્રેક્ટર નીમવામાં આવ્યા છે.

આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને કારણે મુંબઈ અને થાણેના ટ્રાફિકમાં સુધારો લાવવામાં મદદ મળશે. આ પ્રોજેક્ટે કારણે મુંબઈ મેટ્રોપોલિટન રિજનના વિસ્તારોમાં કનેક્ટિવિટીમાં સુધારો થશે એવો દાવો એમએમઆરડીએના કમિશનર સંજય મુખર્જીએ કર્યો હતો.

અનેક પ્રોજેક્ટ માટે કૉન્ટ્રેક્ટર નિમવાનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો છે, જેમાં મુખ્યત્વે એલિવેટેડ ઈસ્ટર્ન ફ્રી-વેને ઘાટકોપરના છેડા નગરથી થાણે સુધી આગળ વધારવામાં આવવાનો છે. ૧૨.૯૫૫ કિલોમીટર લંબાઈના ત્રણ બાય ત્રણની લેનનો આ રસ્તો માનખુર્દથી થાણેના આનંદ નગરને જોડશે. આ પ્રોજેક્ટ પાછળ ૨,૬૮૨ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર થાણે આનંદ નગરથી સાકેત સુધી ૮.૨૪ કિલોમીટરનો એલિવેટેડ રોડ બનાવવામાં આવવાનો છે, તે પાછળ ૧,૮૪૭.૭૨ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે.

બાળકુમથી ગાયમુખ નેશનલ હાઈવે ૩ કનેક્ટર ઘોડબંદર બાયપાસ ડીપી રોડ (થાણે-કોસ્ટલ રોડ)નું કામ હાથ ધરાશે. ૧૩.૪૫ કિલોમીટર લંબાઈનો આ રસ્તો કલવા ખાડી પરથી પસાર થવાનો છે. આ પ્રોજેક્ટનો ખર્ચ ૨,૭૨૭ કરોડ રૂપિયા છે. કાસારવડવલીથી ભીવંડીના ખારબાવ વચ્ચે ૩.૯૩ કિલોમીટર લંબાઈનો ખાડી પુલ અને રસ્તો બનવાનો છે, આ રસ્તો મલ્ટિ મૉડેલ કોરિડોર, થાણેની ખાડી અને બુલેટ ટ્રેન માર્ગને જેવા મુખ્ય રસ્તાને પાસ કરવાનો છે. આ રોડ માટે ૧,૫૨૫.૩૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવવાનો છે.■

# મલાડમાં અંડર કન્સ્ટ્રક્શન બિલ્ડિંગનો સ્લેબ તૂટતાં ત્રણનાં મોત



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલાડ (પૂર્વ)માં હાજી બાપુ માર્ગ પર ગોવિંદ નગરમાં બાંધકામ ચાલી રહેલા નવજીવન બિલ્ડિંગમાં ૨૦મા માળનો સ્લેબનો અમુક હિસ્સો ગુરુવારે બપોરના અચાનક તૂટી પડતા તેના કાટમાળ હેઠળ મજૂરો દબાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ત્રણ મજૂરનાં મોત થયા હતાં અને ત્રણ ગંભીર રીતે જખમી થયા હતા.

મલાડમાં ગોવિંદ નગરમાં સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ) અંતર્ગત બહુમાળીય ઈમારતનું બાંધકામ ચાલી રહ્યું છે. ગ્રાઉન્ડ પ્લસ ૨૩ માળની નવજીવન સોસાયટીની બિલ્ડિંગનું બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે ગુરુવારે બપોરના ૧૨.૦૯ વાગે અચાનક ૨૦મા માળ પરનો સ્લેબનો હિસ્સો તૂટીને નીચે પડ્યો હતો. બાંધકામ સ્થળે કામ કરનારા અમુક મજૂરો માટીના ઢગલા હેઠળ દબાઈ ગયા હતા. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી અને માટીના ઢગલામાંથી છ મજૂરોને બહાર કાઢ્યા હતા. તેમને નજીક આવેલી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમાંથી ત્રણને ડૉક્ટરે મૃત જાહેર કર્યા હતા. તો બે જણ ગંભીર હોઈ તેમના પર આઈસીયુમાં સારવાર ચાલી રહી છે અને એક જખમીને ઓર્થોપેડિક વોર્ડમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. મૃતકોમાં ૩૨ વર્ષનો ગોપાલ મોદી, ૨૬ વર્ષનો સોહન રોઠા અને ૨૬ વર્ષના વિનોદ સદારનો સમાવેશ થાય છે. તો જખમીમાં ૪૫ વર્ષના જલિલ શેખ પર ઓર્થોપેડિક વોર્ડમાં સારવાર ચાલી રહી છે અને ૩૦ વર્ષના મોહમ્મદ શેખને કૂપર હૉસ્પિટલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. તો ૩૦ વર્ષના રુપ્સન ભદ્રા પર આઈસીયુમાં સારવાર ચાલી રહી છે.■

# ₹ ૧.૧૭ લાખ કરોડનું રોકાણ મહારાષ્ટ્રમાં થશે

### કેબિનેટની બેઠકમાં લેવાયા નવ મોટા નિર્ણય ▶ લાડકી બહેન યોજનાને લીધે બીજી કોઇ યોજના બંધ નહીં થાય એવી જાહેરાત ▶ ૧.૬૦ કરોડ લાડકી બહેનોને ₹ ૪,૭૮૭ કરોડની ફાળવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની અધ્યક્ષતા હેઠળ ગુરુવારે રાજ્યના પ્રધાનમંડળની મહત્ત્વની બેઠક યોજવામાં આવી હતી, જેમાં અમુક મહત્ત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં નવ મહત્ત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા અને એ ઉપરાંત અન્ય મહત્ત્વપૂર્ણ બાબતો વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્યમાં ૧,૧૭,૦૦,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણને મંજૂરી આપવામાં આવી હતી.

સેમી-કંડક્ટર અને ઇલેક્ટ્રિક વાહનોનાં ઉત્પાદન માટે આ રોકાણ કરવામાં આવશે, જેને પગલે મહારાષ્ટ્રમાં રોજગારની ૨૯,૦૦૦ સીધી તકો ઉપલબ્ધ થશે, એમ મુખ્ય પ્રધાન શિંદેએ જણાવ્યું હતું. આ નિર્ણયને પગલે મહારાષ્ટ્ર ઇલેક્ટ્રિક વાહન ઉત્પાદનનું હબ એટલે કે કેન્દ્ર બનશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

ખાસ કરીને લાડકી બહેન યોજનાના કારણે રાજ્ય સરકારની અન્ય યોજનાઓ પર અસર નહીં પડે એ નિર્ણય લેવામાં આવ્યો હતો. લાડકી બહેન યોજનાના કારણે ખેડૂતોના કુટુંબને આપવામાં આવતી સહાય બંધ કરવામાં આવશે એવા વહેતા થયેલા અહેવાલ પણ ખોટા હોવાનું સરકારે સ્પષ્ટ કર્યું હતું.

મુખ્ય પ્રધાન લાડકી બહેન યોજના અંતર્ગત ૧.૬૦ કરોડ મહિલાઓને ૪,૭૮૭ કરોડ રૂપિયાની સહાય મોકલાવવામાં આવી હોવાની ચર્ચા પણ આ કેબિનેટ બેઠકમાં કરવામાં આવી હતી.

આ ઉપરાંત પુણેના છત્રપતિ સંભાજીનગર ખાતે હાલના નેશનલ હાઇ-વેનું સમારકામ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જ્યારે પશુ સંવર્ધન વિભાગ ખાતાને લગતો પણ મહત્ત્વનો નિર્ણય બેઠકમાં લેવાયો હતો. અમરાવતી જિલ્લામાં નવા મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય એટલે કે ફિશરી સાયન્સ કૉલેજનું નિર્માણ કરવાનો નિર્ણય લેવાયો હતો.

રાજ્યના તીર્થસ્થાનોના વિકાસ માટે ૨૭૫ કરોડ રૂપિયા મંજૂર

મહારાષ્ટ્રમાં આવેલા ધાર્મિક સ્થળોના વિકાસ માટે તૈયાર કરવામાં આવેલી વિશેષ યોજનાને પણ મંજૂરી આપવામાં આવી હતી. ■

### પાલઘરમાં ગુજરાતી દંપતી-દીકરીની લૂંટને ઈરાદે હત્યા કરનાર ભાડુઆત યુપીમાંથી પકડાયો

# હથોડાથી મર્ડર કર્યા પછી હત્યારાએ લોહીના ડાઘ તો લૂછ્યા ને પછી નાહ્યો પણ ખરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજકોટના વતની ગુજરાતી દંપતીની અને તેમની પુત્રીની પાલઘર જિલ્લાના વાડા સ્થિત ઘરમાં કરપીણ હત્યા કરી ફરાર થઈ ગયેલા ભાડુઆતને પોલીસે ઉત્તર પ્રદેશમાં પકડી પાડ્યો હતો. લૂંટને ઇરાદે માથામાં હથોડો ફટકારી ત્રણ જણની હત્યા કરનારા આરોપીએ જમીન પર પડેલા લોહીના ડાઘ તો લૂંછ્યા પણ પોતે પણ નાહીને જ ઘરમાંથી નીકળ્યો હતો. વાડા પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ આરીફ અન્વર અલી (૩૦) તરીકે થઈ હતી. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જિલ્લામાં ગૌરા મેંદુઆ ગામનો વતની અલી પત્ની અને સંતાનો સાથે રાઠોડ પરિવારના ઘરના માળિયા પર ભાડેથી રહેતો હતો. પોલીસના જણાવ્યા મુજબ વાડાના નેહરોલી ગામમાં રહેતા મુકુંદ બેચરદાસ રાઠોડ (૭૫), પત્ની કાંચન રાઠોડ (૭૨) અને પુત્રી સંગીતા રાઠોડ (૫૨)ના મૃતદેહના અવશેષ ૩૦ ઑગસ્ટે ઘરમાંથી મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં રાઠોડ પરિવારના ઘરના માળિયા પર રહેતો અલી ગુમ હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. શંકાને આધારે મોબાઈલ લૉકેશન તપાસતાં તે વતન ઉત્તર પ્રદેશ ગયો હોવાનો અંદાજ પોલીસે લગાવ્યો હતો. અલી મેજા પોલીસની હદમાંથી મળી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે અલી ગામ જવાનું વિચારી રહ્યો હતો, પરંતુ જતાં જતાં રાઠોડના ઘરમાંથી રૂપિયા અને દાગીના ચોરવાનો તેનો ઇરાદો હતો. ઘટનાની બપોરે એક વાગ્યાની આસપાસ હથોડો પાછો આપવાને બહાને અલી રાઠોડના ઘરમાં પ્રવેશ્યો હતો. તે સમયે મુકુંદ કામ નિમિત્તે બહાર ગયા હતા. આરોપીએ સૌપ્રથમ સંગીતાના માથા પર બેથી ત્રણ વાર હથોડાના પ્રહાર કર્યા હતા. સંગીતા લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાઈ પડ્યા પછી બેડ પર સૂતેલી તેની માતા કાંચનની હત્યા કરવામાં આવી હતી.

હત્યા પછી આરોપીએ બન્નેના મૃતદેહને એક પેટીમાં ભર્યા હતા. મુકુંદ ઘરમાં પ્રવેશ્યા ત્યારે આરોપીએ હથોડાથી તેમના પર પણ હુમલો કર્યો હતો. મુકુંદના મૃતદેહને બીજી રૂમમાં લઈ ગયા પછી ચાદરથી ઢાંકી આરોપીએ ઘરમાં પડેલા લોહીના ડાઘ લૂંછી પુરાવા નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં રાઠોડના ઘરમાં જ નાહીને આરોપી બહાર નીકળ્યો હતો અને પરિવારને લઈ વતન જતો રહ્યો હતો. ■

# ગર્ભપાત કરાવવો કે નહીં એ નિર્ણય પીડિતાનો: હાઇ કોર્ટ

મુંબઈ: બૉમ્બે હાઇ કોર્ટે ગુરુવારે જાતીય સતામણીથી પીડિત ૧૭ વર્ષીય સગીરાને પોતાના ગર્ભને રાખી મૂકવાની પરવાનગી આપી હતી અને નોંધ્યું હતું કે બાળકને જન્મ આપવાના તથા પોતાની પસંદગી કરવાના તેના અધિકારથી કોર્ટ સજાગ છે.

કોર્ટે નોંધ્યું હતું કે શરૂઆતમાં પીડિતાએ ગર્ભપાત કરાવવાનો નિર્ણય લીધો હતો, પરંતુ તેની જાતીય સતામણી કરનાર વ્યક્તિ સાથે જ તેણે પરણવાનો નિર્ણય લીધો હતો અને હવે તે બાળકને જન્મ આપવા માગે છે.

'અરજદાર (સગીરા)ના બાળકને જન્મ આપવાના અધિકાર, તેની પસંદગીના અધિકાર અને તેના શરીર પરના તેના અધિકારથી અમે સજાગ છીએ', એમ કોર્ટે કહ્યું હતું.

જો સગીરા પોતાના ૨૬ અઠવાડિયાના ગર્ભનો ગર્ભપાત કરાવવા ઇચ્છે તો પણ અમે તેને પરવાનગી આપવા તૈયાર છે. તેમ છતાં જો તે પોતાના ગર્ભને ચાલુ રાખવા માગે અને બાળકને જન્મ આપવા ઇચ્છે તો પણ તે એમ કરવા મુક્ત છે, એમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું.

પીડિતાને તાવ આવ્યો હતો ત્યારે ડોક્ટર પાસે ચેકઅપ કરવા જતા પીડિતા ગર્ભવતી હોવાની જાણ થઇ હતી. ત્યાર બાદ તેની જાતીય સતામણી કરનાર ૨૨ વર્ષીય યુવક સામે કેસ નોંધાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ પીડિતાએ ગર્ભપાત કરાવવા માટે હાઇ કોર્ટમાં ધા નાખી હતી. ત્યાર બાદ સગીર પીડિતાએ દાવો કર્યો હતો કે તેણે પોતાની સંમતિથી તે યુવક સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો અને હવે તે તેની સાથે લગ્ન કરીને બાળકને જન્મ આપવા ઇચ્છે છે. (પીટીઆઇ)■

# શરદ પવારની હામાં સંજય રાઉતનીય હા

## હવે કહ્યું કે સીએમનો ઉમેદવાર નક્કી કરવાની ઉતાવળ કરવા જેવી નથી

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની આગામી ચૂંટણી માટે મહા વિકાસ અઘાડી (એમવીએ)ના મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર પર પછી વાતચીત થઈ શકે છે. અત્યારે તો રાજ્યમાં ''ભ્રષ્ટ'' મહાયુતિની આગેવાની હેઠળની સરકારને વિખેરી નાખવા પર એમવીએ દ્વારા સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે, એમ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ગુરુવારે જણાવ્યું હતું.

એમવીએના મુખ્ય પ્રધાન પદનો ચહેરો જાહેર કરવાની કોઈ જરૂર નથી અને ચૂંટણીના પરિણામો પછી સંખ્યાના આધારે નિર્ણય લઈ શકાય છે એમ એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે કહ્યું એના એક દિવસ પછી રાઉતે આ ટિપ્પણી કરી છે.

પવાર સાહેબની વાત સો ટકા સાચી છે. હાલ ત્રણ પક્ષની સરકાર છે, પરંતુ મહારાષ્ટ્રમાં એમવીએને બહુમતી મળી રહી છે' એમ જણાવી રાઉતે ઉમેર્યું હતું કે અમારી પ્રાથમિકતા વર્તમાન સરકારને ઉખાડી ફેંકવાની છે. અમે સીએમ પદ વિશે પછી ગમે ત્યારે ચર્ચા કરી શકીએ છીએ.' રાઉતની ટિપ્પણી પરથી સ્પષ્ટ થાય છે કે તેમના પક્ષે રાજ્યમાં આગામી સરકારનું સુકાન કોણ સંભાળશે તે અંગે પોતાનું વલણ નરમ કરી દીધું છે. ગયા મહિને શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ સાથી પક્ષો - કૉંગ્રેસ અને એનસીપી (એસપી)ને મુખ્ય પ્રધાનપદનો ચહેરો નક્કી કરવા જણાવ્યું હતું અને રાજ્યમાં સર્વોચ્ચ પદના ઉમેદવારને ટેકો આપવાની પ્રતિજ્ઞા લીધી હતી.

બુધવારે છત્રપતિ સંભાજીનગરમાં શિવસેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન પદના મુદ્દે એમવીએના સાથી પક્ષો વચ્ચે કોઈ ખેંચતાણ નથી. અગાઉ કોલ્હાપુરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં પવારે કહ્યું હતું કે મુખ્ય પ્રધાન કોણ હશે તે અંગેનો નિર્ણય ચૂંટણીનાં પરિણામો બહાર આવ્યા બાદ લઈ શકાય છે. તેમણે વધુમાં એમ પણ કહ્યું હતું કે કયો પક્ષ વિધાનસભાની ચૂંટણીમાં સૌથી વધુ બેઠક પર વિજય મેળવે છે એના આધારે એમવીએના મુખ્ય પ્રધાન પદના ઉમેદવારનો નિર્ણય કરવામાં આવશે. (પીટીઆઈ)■

# મહારાષ્ટ્રના ડીએનએમાં કૉંગ્રેસ છે: રાહુલ ગાંધી

## શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવાના પ્રકરણે વડા પ્રધાનની માફી સામે સવાલ કર્યો

મુંબઈ: છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવાના પ્રકરણે જોરદાર રાજકારણ ચાલી રહ્યું છે એવામાં હવે લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ વિવાદમાં ઝંપલાવ્યું છે. આ મુદ્દે તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું અને તેમણે માગેલી માફી બાબતે સવાલ કર્યો હતો. આ ઉપરાંત વડા પ્રધાન મહારાષ્ટ્રના દરેક નાગરિકની માફી માગવી જોઇએ, એમ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું.

સાંગલી ખાતે ભૂતપૂર્વ પ્રધાન તેમ જ કૉંગ્રેસના નેતા પતંગરાવ કદમના સ્મારકના અનાવરણ પ્રસંગે રાહુલ ગાંધીએ શિવાજી મહારાજની પ્રતિમાના મુદ્દે વાત કરતા કહ્યું હતું કે વડા પ્રધાને મહારાષ્ટ્રમાં આવીને છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી એ બદલ માફી માગી, પરંતુ તેમણે માફી શા માટે માગી એ વિશે હું વિચાર કરું છું... કારણ કે માફી તો એ જ માગે છે જે ખોટું કામ કરે છે. પતંગરાવ કદમે તેમના જીવનમાં ક્યારેય માફી નથી માગી, કારણ કે તેમણે ક્યારેય ખોટું કામ કર્યું જ નહોતું.



સ્મારકના અનાવરણ પ્રસંગે રાહુલ ગાંધી ઉપરાંત કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ હાજર રહ્યા હતા. એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ-શરદચંદ્ર પવાર)ના પ્રમુખ શરદ પવાર અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનો સુશીલકુમાર શિંદે તેમ જ પૃથ્વીરાજ ચવ્હાણ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

રાહુલ ગાંધીએ આ દરમિયાન મહારાષ્ટ્રના ડીએનએમાં કૉંગ્રેસની વિચારધારા હોવાનું પણ કહ્યું હતું. ■

## રાહુલ ગાંધીના કાર્યક્રમમાં ઉદ્ધવ ઠાકરે કેમ ગેરહાજર?

### સાંગલીની હાર ઉદ્ધવ-સેના હજી ભૂલી નથી લાગતી

સાંગલી: શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે ગુરુવારે મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા સંબોધિત જાહેર સભામાં હાજર રહ્યા ન હતા. સાંગલીમાં રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રના દિવંગત પ્રધાન પતંગરાવ કદમની પ્રતિમાનું અનાવરણ પણ કર્યું હતું.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી મહારાષ્ટ્રની એક દિવસીય મુલાકાતે છે. દિવસ દરમિયાન રાહુલ ગાંધી કૉંગ્રેસના નાંદેડના દિવંગત સંસદ સભ્ય વસંત ચવ્હાણના પરિવારના સભ્યોને મળ્યા હતા અને શોક વ્યક્ત કર્યો હતો. ત્યાર બાદ કૉંગ્રેસના પૂર્વ પ્રમુખ સાંગલી આવી પતંગરાવ કદમની પ્રતિમાનું અનાવરણ કરી દિવંગત નેતાને સમર્પિત એક મ્યુઝિયમની પણ મુલાકાત લીધી હતી. ત્યારબાદ સાંગલીમાં જનસભાને સંબોધિત કરી હતી. આ પ્રસંગે કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એસપી)ના પ્રમુખ શરદ પવાર, તેમના રાજ્ય એકમના અધ્યક્ષ જયંત પાટીલ, રાજ્યના વરિષ્ઠ કૉંગ્રેસ નેતાઓ હાજર રહ્યા હતા.

જોકે, ઉદ્ધવ ઠાકરેની ગેરહાજરી ઊડીને આંખે વળગતી હતી. આ પ્રસંગે શિવસેના (યુબીટી)ના અન્ય કોઈ નેતા પણ હાજર રહ્યા ન હતા. ઠાકરેની ગેરહાજરી એટલા માટે મહત્ત્વની માનવામાં આવે છે કારણ કે સાંગલી મત વિસ્તારમાં લોકસભાની ચૂંટણીમાં શિવસેનાના (યુબીટી)ના ઉમેદવારને કૉંગ્રેસના બળવાખોર વિશાલ પાટીલે પરાજય આપ્યો હતો. પાટીલ હવે લોકસભામાં કૉંગ્રેસના સહયોગી સભ્ય છે. (પીટીઆઈ)■

## સંસ્થા સમાચાર

### શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં મહાવીર જયંતીની ઉજવણી



શ્રી કમાણી જૈન ભવનના ઉપક્રમે માતુશ્રી જશવંતીબેન ચમનલાલ દેસાઈ ધર્માલયના આંગણે પૂ.શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં અહિંસાના અવતાર ભગવાન મહાવીર સ્વામીના જન્મ-જીવન વધામણા પ્રસંગે વિશાળ ધર્મસભાને ગુરુદેવે સંબોધી હતી. સવારે ૬.૩૦ કલાકે મહાવીર પ્રભાત ફેરીમાં ભાવિકોએ ''ત્રિશલાનંદન વીર કી જય બોલો મહાવીર કી''ના જયનાદે મુખ્ય માર્ગ ગજાવ્યા હતા. ૫ સુવર્ણચેઈન ભાગ્ય વિજેતાને અર્પણ કરાયા હતા. જેનો લાભ ચંદ્રવદનભાઈ દેસાઈ, અતુલ દોશી, છબલબેન વોરાએ લીધેલ. નવકારશીનો લાભ મૃદુલાબેન જયંતીલાલ શેઠ પરિવારે લીધેલ. ૧૪ સ્વપ્નની મહત્તા સમજી પરિગ્રહ વિસર્જનમાં ભાવિકો જોડાયા હતા. ગાયક મનીષ શેઠે ભક્તિ કરાવી હતી. રાતના ૭.૩૦ કલાકે મહાવીર ભક્તિ મીનલ દોશી, દીપક ગાઠાણી વગેરે અને પ્રેરણાના તંત્રી અજયભાઈ શેઠનું વક્તવ્ય યોજાશે. જીવદયામાં બીનાબેન અજયભાઈ શેઠ અને સ્વપ્નના લાભાર્થીમાં અનેક દાતાઓ જોડાયા હતા. વર્ધમાન આયંબિલ તપનો ચડાવો માતબર રકમમાં કાંતિભાઈ રૂગનાથ દોશી અને પુષ્પાબેન કામદારે લીધેલ. કવેસ્ટ ફાઉન્ડશને પારણાનો લાભ લઈને મયૂરભાઈને અર્પણ કરેલ. ■

# અંધેરીના ગોખલે બ્રિજના બીજા ગર્ડરને પચીસ મીટર ખસેડાયો, હજી ૬૧ મીટર ખસેડવાનું બાકી છે

## પશ્ચિમ રેલવેનો બીજો બ્લોક મળ્યા બાદ ગર્ડર વધુ આગળ ખસેડાશે.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ બુધવારે મોડી રાતના અંધેરીમાં પૂર્વ-પશ્ચિમને જોડનારા ગોપાલ કૃષ્ણ ગોખલે પુલની દક્ષિણ બાજુના લોખંડના ગર્ડરને સફળતાપૂર્વક ખસેડ્યું હતું. આ ઑપરેશનમાં ગર્ડરને કુલ ૮૬ મીટર ખસેડવાનો સમાવેશ થાય છે, જેમાં પચીસ મીટર પહેલાથી જ ખસેડવાનું કામ પૂરું થઈ ગયું છે. પશ્ચિમ રેલવે તરફથી વધારાની મંજૂરીઓ અને નાઈટ બ્લોક મળ્યા બાદ બાકીનું કામ હાથ ધરવામાં આવશે. પુલનું કામ પૂરું કરવાની ડેડલાઈન ૩૧ માર્ચથી ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી આગળ વધારવામાં આવી છે.

પુલના બીજા ગર્ડરના ભાગો અંબાલાના ફેબ્રિકેશન પ્લાન્ટમાંથી મુંબઈ લાવવામાં આવ્યા હતા. ગર્ડરના હિસ્સાઓને જોડવાનું કામ ૨૪ ઑગસ્ટના પૂરું થયું હતું. દરેક ગર્ડર ૧૩.૫ મીટર પહોળા (ત્રણ લેન સાથે) અને ૯૦ મીટર લાંબા છે, જેનું વજન આશરે ૧,૩૦૦ મેટ્રિક ટન છે. કન્સ્ટ્રક્શન સાઈટ પર જગ્યા ઓછી ઉપલબ્ધ હોવાથી રેલવે સેકશન પર ગર્ડરને જોડવાથી લઈને એના પ્લેસમેન્ટ એમ બંને કામ માટે ૩૬૦ ડિગ્રી ફરતી ક્રેનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એસેમ્બલિંગ બાદ બુધવાર, ચાર સપ્ટેમ્બરના રાતના ૧૦ વાગ્યાથી સવારના પાંચ વાગ્યાની વચ્ચે બીજા ગર્ડરને રેલવે સેકશન પર ૨૫ મીટર ખસેડવામાં આવ્યો હતો.પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ચુસ્ત પ્લાન અને ટેક્નિકલ સુપરવિઝન હેઠળ પશ્ચિમ રેલવેએ મંજૂર કરેલા પ્લાન અને યોજના મુજબ ગર્ડરને બેસાડવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. શરૂઆતમાં ગર્ડરને ૨૫ મીટર સુધી ખસેડવાનું કામ પડકારજનક હતું, પરંતુ તે સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. પહેલા તબક્કાની માફક બીજા તબક્કામાં ગર્ડરના છૂટા ભાગોને જોડવાનું કામ જમીનના સ્તરથી ૧૪થી ૧૫ મીટર ઊંચાઈએ પૂર્ણ કરવામાં આવી હતી અને હવે આગળના તબક્કામાં ગર્ડરને ૭.૫ મીટર ઊંચાઈ સુધી નીચે લાવવાના કામનો સમાવેશ થાય છે. ■

### આવતા વર્ષે એપ્રિલમાં ખુલ્લો મુકાશે

આ દરમિયાન ગોખલે પુલના રેલવે ભાગ ઉપરનો બાંધકામનો બીજો તબક્કો ૧૪ નવેમ્બર સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે અને પાલિકાની હદમાંનો એપ્રોચ રોડ ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં પૂરો થવાનો છે. ગર્ડર લોન્ચિંગ અને કામ પૂરું કરવામાં વિલંબ થવાને કારણે કૉન્ટ્રેક્ટરને દંડ ફટકારવામાં આવ્યો હતો. ૨૬ ફેબ્રુઆરીથી બ્રિજનો ઉત્તરીય ભાગ હળવા વાહનો માટે ખોલવામાં આવ્યો હતો.■

# માતા-પુત્રીની હત્યા કરી શબ ગૂણી સાથે બાંધીને ઝરણામાં ફેંકનારા પકડાયા

મુંબઈ: મનોરમાં માતા-પુત્રીની હત્યા કર્યા બાદ મૃતદેહોને પથ્થર ભરેલી ગૂણીઓ સાથે બાંધી ઝરણામાં ફેંકી દેવા પ્રકરણે પોલીસે ત્રણ જણની ધરપકડ કરી હતી. મૃતક આરોપીના ભાઈની પાંચમી પત્ની હતી અને તેમની વચ્ચે વારંવાર ઝઘડા થતા હોવાથી આ ગુનો આચર્યો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

મનોર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સંદીપ રામજી ડાવરે (૩૫), સુમન ઉર્ફે સકુ સદુ કરબટ (૪૮) અને હરિ રામા ગોવારી તરીકે થઈ હતી. પોલીસ આરોપીઓની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ પાલઘર જિલ્લાના સાવરે ગામમાં સોમવારે ઝરણામાંથી સુસ્મિતા પ્રવીણ ડાવરે (૨૨)નો મૃતદેહ મળી આવ્યો હતો. તપાસમાં મહિલાની ઓળખ થયા પછી આરોપીઓ સાથે તેના વિવાદની જાણ થઈ હતી. સુસ્મિતા આરોપી સંદીપ અને સુમનના ભાઈની પાંચમી પત્ની હોવાથી આ મુદ્દે ઘરમાં વારંવાર ઝઘડા થતા હતા. સુસ્મિતા આરોપીઓને તેમના ઘરમાંથી બહાર નીકળી જવાની ચેતવણી આપતી હતી. આ વાતથી રોષે ભરાયેલા આરોપીઓએ સાથી ગોવારીની મદદથી હત્યાને અંજામ આપ્યો હતો. આરોપીઓએ સુસ્મિતા અને તેની દોઢ વર્ષની પુત્રી પ્રતિભાની ઓઢણીની મદદથી ગળું દબાવી હત્યા કરી હતી. હત્યા પછી સુસ્મિતાના મૃતદેહને પથ્થર ભરેલી બે ગૂણી સાથે બાંધીને, જ્યારે પ્રતિભાના મૃતદેહને એક ગૂણી સાથે બાંધીને ઝરણામાં ફેંક્યા હતા. આરોપીઓની કબૂલાત પછી પોલીસે બાળકીના મૃતદેહને પણ ઝરણાનાં પાણીમાંથી શોધી કાઢ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# રવીન્દ્ર જાડેજા પત્નીને પગલે-પગલે ભાજપમાં જોડાયો

## રિવાબાએ સમાચાર, તસવીરો તેમ જ બીજેપી સાથેનું મેમ્બરશિપ કાર્ડ મીડિયામાં પોસ્ટ કર્યા



પીએમ મોદી સાથે રવીન્દ્ર જાડેજા, પત્ની રિવાબા અને પુત્રી નિધ્યાના.







નવી દિલ્હી: ભારતના લોકપ્રિય ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાની નવી ઇનિંગ્સ શરૂ થઈ રહી છે. તેણે રાજકારણમાં ઝંપલાવ્યું છે. તે ભારતીય જનતા પક્ષ (ભાજપ)માં જોડાયો છે. તેની પત્ની રિવાબા ભાજપની વિધાનસભ્ય છે જેણે પતિ રવીન્દ્ર વિશેના આ સમાચાર સોશિયલ મીડિયા પરના પોતાના હૅન્ડલ પર શૅર કર્યા હતા તેમ જ થોડા સમય પહેલાં આ દંપતીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે જે તસવીર પડાવી હતી એ તસવીર પણ રિવાબાએ મીડિયામાં શૅર કરી છે.

રિવાબાએ એક પોસ્ટમાં પતિ રવીન્દ્ર જાડેજા સાથેની તસવીર પક્ષના નવા મેમ્બર તરીકે શૅર કરી છે. એ પોસ્ટમાં રિવાબાએ ભાજપ મેમ્બરશિપ કાર્ડ પણ શૅર કર્યું છે.

તાજેતરમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડ્ડાએ પક્ષના મેમ્બરશિપ અભિયાનનો આરંભ કર્યો હતો જેમાં તેમણે પીએમ મોદીની મેમ્બરશિપ બીજી સપ્ટેમ્બરે રિન્યૂ કરી હતી.

જાડેજાની પત્ની રિવાબા ૨૦૧૯માં ભાજપમાં જોડાઈ હતી. ૨૦૨૨ની ગુજરાત રાજ્યની ચૂંટણીમાં તે ભાજપ વતી જામનગરની બેઠક પરથી લડી હતી અને એ મતવિસ્તારમાં રિવાબાએ 'આપ'ના ઉમેદવાર કરસનભાઈ કર્મુરને હરાવ્યા હતા.

૩૫ વર્ષના રવીન્દ્ર જાડેજાએ જૂનમાં ટી-૨૦ વર્લ્ડ કપને અંતે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી રિટાયરમેન્ટ લીધું હતું. જોકે તે ટેસ્ટ અને વન-ડે ફૉર્મેટમાં તેમ જ આઇપીએલમાં રમતો રહેશે. તે ૧૯મી સપ્ટેમ્બરે ભારતમાં બાંગ્લાદેશ સામે શરૂ થનારી ટેસ્ટ-સિરીઝમાં રમતો જોવા મળી શકે.

તે પત્ની રિવાબા માટેના ચૂંટણી પ્રચારમાં તેમ જ કેટલાક રોડ-શોમાં જોવા મળ્યો હતો. હવે ખુદ જાડેજા ભાજપનો મેમ્બર બની ગયો છે. ■

# સૌથી વધુ ટેક્સ ભરનારા ક્રિકેટર્સમાં કોહલી મોખરે

## ૧૭ સેલિબ્રિટીઝમાં કોણે કેટલો કરવેરો ભર્યો?




નવી દિલ્હી: વિરાટ કોહલી ૨૦૨૪ના નાણાકીય વર્ષ માટેના ભારતના તમામ સ્પોર્ટ્સપર્સન્સમાં સૌથી વધુ કરવેરો ભરનાર ક્રિકેટર છે. તેણે આ વર્ષ માટે ૬૬ કરોડ રૂપિયાનો ટેક્સ ભર્યો છે.

કોહલી દેશમાં સૌથી વધુ વાર્ષિક ટેક્સ ભરનાર ક્રિકેટરોમાં નંબર વન છે. તે આ યાદીમાં મહેન્દ્રસિંહ ધોનીથી પણ આગળ છે. ધોનીએ ૩૮ કરોડ રૂપિયાનો ટેક્સ ભર્યો છે. સચિન તેન્ડુલકર ૨૮ કરોડ કરવેરાની ચૂકવણી સાથે ત્રીજા સ્થાને છે.

કોહલી દેશના ટેક્સ-પેયર્સમાં નંબર-વન છે, પરંતુ તમામ ભારતીય સેલિબ્રિટીઝની વાત કરીએ તો કોહલી પાંચમા નંબરે છે. શાહરુખ ખાને ૯૨ કરોડ રૂપિયાનો ટેક્સ ભર્યો અને તે સેલિબ્રિટીઝના લિસ્ટમાં અવ્વલ છે.

**ભારતના ટોચના પાંચ ટેક્સ ભરનાર ક્રિકેટર્સ:** (૧) વિરાટ કોહલી, ૬૬ કરોડ રૂપિયા (૨) મહેન્દ્રસિંહ ધોની, ૩૮ કરોડ રૂપિયા (૩) સચિન તેન્ડુલકર, ૨૮ કરોડ રૂપિયા (૪) સૌરવ ગાંગુલી, ૨૩ કરોડ રૂપિયા (૫) હાર્દિક પંડ્યા, ૧૩ કરોડ રૂપિયા

**ભારતના ટોચના પાંચ ટેક્સ ભરનાર સેલિબ્રિટીઝ:** (૧) શાહરુખ ખાન, ૯૨ કરોડ રૂપિયા (૨) થાલાપથી વિજય, ૮૦ કરોડ રૂપિયા (૩) સલમાન ખાન, ૭૫ કરોડ રૂપિયા (૪) અમિતાભ બચ્ચન, ૭૧ કરોડ રૂપિયા (૫) વિરાટ કોહલી, ૬૬ કરોડ રૂપિયા (૬) અજય દેવગન, ૪૨ કરોડ રૂપિયા (૭) એમએસ ધોની, ૩૮ કરોડ રૂપિયા (૮) રણબીર કપૂર, ૩૬ કરોડ રૂપિયા (૯) સચિન તેન્ડુલકર, ઋતિક રોશન, ૨૮ કરોડ રૂપિયા (૧૦) કપિલ શર્મા, ૨૬ કરોડ રૂપિયા (૧૧) સૌરવ ગાંગુલી, ૨૩ કરોડ રૂપિયા (૧૨) કરીના કપૂર, ૨૦ કરોડ રૂપિયા (૧૩) શાહિદ કપૂર, મોહનલાલ, અલ્લુ અર્જુન, ૧૪ કરોડ રૂપિયા (૧૪) હાર્દિક પંડ્યા, ૧૩ કરોડ રૂપિયા (૧૫) કિયારા અડવાણી, ૧૨ કરોડ રૂપિયા (૧૬) કૅટરિના કૈફ, પંકજ ત્રિપાઠી, ૧૧ કરોડ રૂપિયા (૧૭) આમિર ખાન, રિષભ પંત, ૧૦ કરોડ રૂપિયા. ■

# 'કોઈ બાપુને કહો કે ટી-૨૦ વર્લ્ડ કપ પૂરો થઈ ચૂક્યો છે'

## અક્ષર પટેલ વિશે દિલ્હી કૅપિટલ્સે એક્સ પર કરી રમૂજી કમેન્ટ

બેન્ગલૂરુ: ચાર-ચાર દિવસની મૅચોવાળી દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટના પ્રારંભિક દિવસે રિષભ પંત, શ્રેયસ ઐયર, અભિમન્યુ ઈશ્વરન અને દેવદત્ત પડિક્કલ જેવા ખેલાડીઓ સારું રમવામાં નિષ્ફળ ગયા ત્યારે ઑલરાઉન્ડર અક્ષર પટેલે (૮૬ રન, ૧૧૮ બૉલ, છ સિક્સર, છ ફોર) શાનદાર બૅટિંગ કરી હતી. તેણે શ્રેયસની કૅપ્ટન્સીવાળી ટીમ-ડીને મુસીબતમાંથી ઉગારી હતી. તેની ઇનિંગ્સથી પ્રભાવિત થઈને દિલ્હી કૅપિટલ્સે એક્સ (ટ્વિટર) પર અક્ષરની પ્રશંસા કરતી પ્રતિક્રિયા આપી છે.

રવીન્દ્ર જાડેજાની જેમ હવે અક્ષર પટેલને પણ 'બાપુ' તરીકે ઓળખાવવામાં આવે છે.

દિલ્હી કૅપિટલ્સે એક્સ પર અક્ષરની ઇનિંગ્સને અનોખી રીતે બિરદાવતા લખ્યું, 'કોઈ બાપુ કો બતાઓ...ટી-૨૦ વર્લ્ડ કપ ખતમ હો ગયા હૈ'.

ઉલ્લેખનીય છે કે જૂનમાં ટી-૨૦ વર્લ્ડ કપની સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં બહુ સારું રમ્યો હતો. તે વિરાટ કોહલીને સાથ આપવા ક્રીઝ પર આવ્યો ત્યારે ભારતનો સ્કોર ત્રણ વિકેટે ૩૪ રન હતો. અક્ષરે ચાર સિક્સર અને એક ફોરની મદદથી ૪૭ રન ખડકી દીધા હતા અને ભારતને ૧૭૬ રનના સ્કોર સુધી પહોંચાડવામાં તેણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. દિલ્હી કૅપિટલ્સે તેની એ ઇનિંગ્સને ધ્યાનમાં રાખીને જ 'બાપુ'ની રમૂજી ટિપ્પણી કરી છે. ■

# અક્ષર અને મુશીર, દુલીપ ટ્રોફીમાં પહેલા દિવસના બે તારણહાર

## બન્ને લેફ્ટ-આર્મ સ્પિનિંગ ઑલરાઉન્ડરે પોતપોતાની ટીમને મોટી મુસીબતમાંથી ઉગારી




અક્ષર પટેલ (ઉપર) અને મુશીર ખાન (પીટીઆઇ)

બેન્ગલૂરુ/અનંતપુર: ભારતની આગામી ત્રણ ટેસ્ટ-સિરીઝો માટેના સંભવિતો નક્કી કરવામાં સિલેક્ટર્સ ડોમેસ્ટિક ક્રિકેટ ટૂર્નામેન્ટોમાં રમતા ખેલાડીઓના પર્ફોર્મન્સ પર ખાસ નજર રાખતા હોય છે અને એ સમય આવી ગયો છે, કારણકે ગુરુવારે ચાર-ચાર દિવસની મૅચોવાળી દુલીપ ટ્રોફી શરૂ થઈ છે જેમાં દેશના ડોમેસ્ટિક સ્તરના લગભગ મોટા ભાગના પ્લેયર્સ ભાગ લઈ રહ્યા છે. ગુરુવારના પહેલા દિવસે બે લેફ્ટ-આર્મ સ્પિનિંગ ઑલરાઉન્ડર અક્ષર પટેલ અને મુશીર ખાન ચમકી ગયા હતા.

ભારતની આગામી ટેસ્ટ-શ્રેણી ૧૯મી સપ્ટેમ્બરથી બાંગ્લાદેશ સામે રમાશે. ત્યાર પછી ઘરઆંગણે જ ભારતની ન્યૂ ઝીલૅન્ડ સામે ટેસ્ટ-શ્રેણી રમાશે અને ત્યાર બાદ ભારતીય ટેસ્ટ ટીમ ઑસ્ટ્રેલિયા જશે.

આંધ્ર પ્રદેશના અનંતપુર જિલ્લામાં ઇન્ડિયા-સી સામે ઇન્ડિયા-ડી ટીમે બૅટિંગ મળ્યા પછી ફક્ત ૧૬૪ રન બનાવ્યા હતા અને પછીથી ઇન્ડિયા-સીએ ૯૧ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. અક્ષર પટેલ આ મૅચના પ્રથમ દિવસનો સુપર હીરો હતો. તેણે પહેલાં તો ૧૧૮ બૉલમાં છ સિક્સર અને છ ફોરની મદદથી ૮૬ રન બનાવીને ઇન્ડિયા-ડી ટીમને મોટી મુસીબતમાંથી બહાર લાવી દીધી હતી અને પછી બે મહત્ત્વની વિકેટ લઈને હરીફ ટીમને મુશ્કેલીમાં લાવી દીધી હતી. અક્ષરે ઇન્ડિયા-સીના આર્યન જુયેલ (૧૨) અને રજત પાટીદાર (૧૩)ને આઉટ કર્યા હતા. ટેસ્ટ ટીમ માટે સિલેક્ટર્સને અક્ષરના રૂપમાં ઑલરાઉન્ડર અત્યારથી મળી ગયો છે. એ પહેલાં, ફાસ્ટ બોલર હર્ષિત રાણાએ ઇન્ડિયા-સીના કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૫) અને સાઇ સુદર્શન (૭)ની વિકેટ લીધી હતી. અર્શદીપ સિંહને ૨૪ રનમાં વિકેટ નહોતી મળી શકી.

એ પહેલાં, ઇન્ડિયા-ડીએ જ્યારે ૭૬ રનમાં આઠ વિકેટ ગુમાવી દીધી હતી ત્યારે અક્ષર પટેલ તારણહાર બન્યો હતો. તેણે બે મહત્ત્વની ભાગીદારી કરીને ઇન્ડિયા-ડીને ૧૬૪ રનનો સન્માનજનક સ્કોર અપાવ્યો હતો. ઇન્ડિયા-સીના વિજયકુમાર વૈશાકે ત્રણ તેમ જ અંશુલ કંબોજ અને હિમાંશુ ચૌહાણે બે-બે વિકેટ લીધી હતી.

બેન્ગલૂરુની મૅચમાં ઇન્ડિયા-એ સામે ઇન્ડિયા-બીએ બૅટિંગ મળ્યા બાદ સાત વિકેટે ૨૦૨ રન બનાવ્યા હતા જેમાં મુશીર ખાન (૧૦૫ નૉટઆઉટ, ૨૨૭ બૉલ, બે સિક્સર, દસ ફોર) સર્વશ્રેષ્ઠ બૅટર બન્યો હતો. ૯૪ રનમાં ટીમ-બીએ સાત વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ મુશીરે પેસ બોલર નવદીપ સૈની (૨૯ નૉટઆઉટ, ૭૪ બૉલ, એક સિક્સર, ચાર ફોર) સાથે મળીને ૧૦૮ રનની અતૂટ ભાગીદારી કરીને ઇન્ડિયા-બી ટીમને મુશ્કેલીમાંથી ઉગારી હતી. મુશીરની આ ત્રીજી ફર્સ્ટ-ક્લાસ સેન્ચુરી છે. આ જ ટીમનો ઓપનર યશસ્વી જયસ્વાલ ૩૦ રન અને કૅપ્ટન અભિમન્યુ ઈશ્વરન ૧૩ રન બનાવીને આઉટ થઈ ગયા હતા. યશસ્વીની વિકેટ ખલીલ અહમદે અને ઈશ્વરનની વિકેટ આવેશ ખાને લીધી હતી. સરફરાઝ ખાન નવ રન, રિષભ પંત સાત રન બનાવી શક્યો હતો. નીતિશ કુમાર રેડ્ડી તથા વૉશિંગ્ટન સુંદર ઝીરોમાં આઉટ થઈ ગયા હતા. ટીમ-એના ખલીલ, આવેશ અને આકાશ દીપે બે-બે વિકેટ લીધી હતી. કુલદીપ યાદવ, શિવમ દુબે અને તનુષ કોટિયનને વિકેટ નહોતી મળી શકી. ■

# પેગુલાની છ ક્વૉર્ટરની હાર પછી પ્રથમ સેમિ ફાઇનલ, વર્લ્ડ નંબર-વન સ્વૉન્ટેકે પિત્તો ગુમાવ્યો!





ન્યૂ યૉર્ક: અમેરિકાની જેસિકા પેગુલાએ અહીં બુધવારે યુએસ ઓપનની ક્વૉર્ટર ફાઇનલમાં વર્લ્ડ નંબર-વન ઇગા સ્વૉન્ટેકને સળંગ સેટથી હરાવીને પહેલી જ વખત ગ્રૅન્ડ સ્લૅમની સેમિ ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો. સ્વૉન્ટેક આ મૅચ હારી રહી હતી એ દરમ્યાન એક તબક્કે તેનો પિત્તો ગયો અને તેણે રૅકેટ નેટ પર પછાડ્યું હતું.

પેગુલા સતત છ ગ્રૅન્ડ સ્લૅમ ટૂર્નામેન્ટમાં ક્વૉર્ટર ફાઇનલમાં હારી ગયા બાદ સાતમા પ્રયાસમાં સેમિમાં પહોંચવામાં સફળ થઈ છે. તેણે બુધવારે સ્વૉન્ટેકને ૬-૨, ૬-૪થી પરાજિત કરી હતી.

સેમિ ફાઇનલમાં પેગુલાનો મુકાબલો કૅરોલિના મુહોવા સામે થશે.

પેગુલાએ સ્વૉન્ટેકને હરાવ્યા પછી પત્રકારોને કહ્યું, 'છેવટે હું ગ્રૅન્ડ સ્લૅમની ક્વૉર્ટર ફાઇનલ જીતી શકી. હવે હું પોતાને ગ્રૅન્ડ સ્લૅમની સેમિ ફાઇનલિસ્ટ તરીકે ઓળખાવી શકું છું. આ જીત પણ જુઓ કેવી! વર્લ્ડ નંબર-વનને હરાવી દીધી.'

પેગુલા અમેરિકાની છે અને તે ઘરઆંગણે (યુએસ ઓપનમાં) પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ સેમિ ફાઇનલમાં પ્રવેશવામાં સફળ થઈ છે.

મહિલાઓમાં બીજી સેમિ ફાઇનલ અરીના સબાલેન્કા અને એમ્મા નૅવારો વચ્ચે રમાશે.

પુરુષોના વર્ગમાં વર્લ્ડ નંબર-વન યાનિક સિન્નરે ભૂતપૂર્વ યુએસ ઓપન ચૅમ્પિયન ડૅનિલ મેડવેડેવને ૬-૨, ૧-૬, ૬-૧, ૬-૪થી હરાવીને સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી જેમાં તે પોતાના જ ડબલ્સ પાર્ટનર જૅક ડ્રેપર સામે રમશે.

બ્રિટનના ડ્રેપરે ક્વૉર્ટરમાં ઍલેક્સ મિનૉરને ૬-૩, ૭-૫, ૬-૨થી હરાવ્યો હતો. ■

# ટ્રેવિસ હેડ બન્યો બેકાબૂ, પાવરપ્લેની ઓવર્સમાં રેકોર્ડ-બ્રેક રન ખડકી દીધા

## સતત ૧૪ બાઉન્ડરીઝનો રેકોર્ડ, ઑસ્ટ્રેલિયાએ વિક્રમોનો ખડકલો કરી દીધો




એડિનબર્ગ: ઑસ્ટ્રેલિયાએ અહીં બુધવારે સ્કોટલૅન્ડને અનેક નવા વિક્રમો રચીને સિરીઝની પ્રથમ ટી-૨૦માં સાત વિકેટના માર્જિનથી હરાવી દીધું હતું. ટ્રેવિસ હેડ (૮૦ રન, ૨૫ બોલ, બાર ફોર, પાંચ સિક્સર) આ મૅચનો સુપરસ્ટાર હતો. ટી-૨૦ની પાવરપ્લેની ઓવર્સમાં તે હવે નવો કિંગ બન્યો છે.

ટ્રેવિસ હેડે પાવરપ્લેની ઓવર્સમાં અણનમ ૭૩ રનનો નવો વિશ્વ વિક્રમ સ્થાપ્યો હતો.

આ પહેલાં એક ટી-૨૦માં કોઈ એક બૅટરે પાવરપ્લેની ઓવર્સમાં સૌથી વધુ રન ફટકાર્યા હોય એવા સ્કોર્સમાં આયર્લૅન્ડનો પૉલ સ્ટર્લિંગ મોખરે હતો. તેણે ૨૦૨૦ની સાલમાં વેસ્ટ ઇન્ડિઝ સામેની ટી-૨૦માં પાવરપ્લેની ઓવર્સમાં ૬૭ રન ફટકાર્યા હતા. તાજેતરમાં જ નિવૃત્ત થયેલો ન્યૂ ઝીલૅન્ડનો કૉલિન મન્રો (૨૦૧૮માં વેસ્ટ ઈન્ડિઝ સામે ૬૬ રન) બીજા નંબરે હતો. જોકે હવે ટ્રેવિસ હેડ નંબર વન થઈ ગયો છે. પાવરપ્લેમાં તેના ૭૩ રનમાં ૧૨ ફોર અને ૪ સિક્સરનો સમાવેશ હતો.

ટ્રેવિસ હેડે ૨૫ બોલમાં કુલ પાંચ છગ્ગા અને ૧૨ ચોક્કાની મદદથી ૮૦ રન બનાવ્યા હતા. તેની અને કેપ્ટન મિચલ માર્શ (૨૭ રન) વચ્ચે બીજી વિકેટ માટે ૩૩ બૉલમાં ૧૧૦ રનની ભાગીદારી થઈ હતી. ટ્રેવિસ હેડે ૯૭.૫ ટકા રન બાઉન્ડરીઝમાં બનાવ્યા હતા જે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં સેકન્ડ બેસ્ટ રેકોર્ડ છે.

ઑસ્ટ્રેલિયાએ ૧૫૫ રનનો લક્ષ્યાંક મળ્યા પછી ૯.૪ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે ૧૫૬ રન બનાવી વિજય મેળવીને સિરીઝમાં ૧-૦થી સરસાઈ લીધી હતી.

ઑસ્ટ્રેલિયાએ લાગલગાટ ૧૪ બાઉન્ડરીઝ (ફોર+સિક્સર) પાવરપ્લેની છેલ્લી ૨.૨ ઓવરમાં ફટકારવામાં આવી હતી અને એ પણ એક નવો વર્લ્ડ રેકોર્ડ છે.

ઑસ્ટ્રેલિયા જીત્યું ત્યારે ૬૨ બોલ બાકી હતા. ટી-૨૦માં ૧૫૦-પ્લસનો ટાર્ગેટ જેટલા બૉલ બાકી રાખીને સફળતાપૂર્વક ચેઝ કરવામાં આવ્યા હોય એમાં ઑસ્ટ્રેલિયાનો આ નવો વર્લ્ડ રેકોર્ડ છે. એણે ગ્રીસ સામેના રોમાનિયાના ૪૩ બોલના માર્જિનનો વિક્રમ તોડ્યો છે.

ટ્રેવિસ હેડે આ મૅચમાં ૧૬ બાઉન્ડરીઝ (ફોર+સિક્સર) ફટકારી હતી. એક ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં કોઈ એક બૅટરે સૌથી વધુ બાઉન્ડરીઝ ફટકારી હોય એમાં હવે આ નવો વિશ્વ વિક્રમ છે. તેણે કૉલિન મન્રો (૨૦૧૮માં વેસ્ટ ઈન્ડિઝ સામેની ટી-૨૦માં ૧૪ બાઉન્ડરીઝ)નો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો હતો.

સમગ્ર ટી-૨૦ ફૉર્મેટમાં ઑસ્ટ્રેલિયાનો ૬૨ બૉલના માર્જિનનો આ જોઈન્ટ રેકોર્ડ છે. આ વર્ષની આઈપીએલમાં હૈદરાબાદે લખનઊ સામે ૧૬૬ રનનો લક્ષ્યાંક ૬૨ બોલ બાકી રાખીને મેળવી લીધો હતો.

મેન્સ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ૧૦ ઓવરની અંદર ૧૫૦-પ્લસનો ટાર્ગેટ ચેઝ કરી લેવામાં આવ્યો હોય એવો આ પહેલો જ કિસ્સો છે. આવા સફળ ટીમ-સ્કોર્સમાં હવે ઑસ્ટ્રેલિયાના ૧૫૬ રન હાઈએસ્ટ છે. એણે ન્યૂ ઝીલૅન્ડનો વર્લ્ડ રેકોર્ડ (૨૦૧૬માં શ્રીલંકા સામે ૧૦ ઓવરમાં ૧૪૭/૧) તોડી નાખ્યો છે.

ઑસ્ટ્રેલિયાએ બુધવારની મૅચમાં પાવરપ્લેની ઓવર્સમાં કુલ ૨૬ ફોર ફટકારી હતી જે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં નવો વિક્રમ છે.

ટ્રેવિસ હેડે ફક્ત ૧૭ બોલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી જે ઑસ્ટ્રેલિયનોના તમામ હાફ સેન્ચુરિયનોમાં જોઈન્ટ ફાસ્ટેસ્ટ ફિફ્ટીનો રેકોર્ડ છે. તે હવે માર્કસ સ્ટોઈનિસની બરાબરીમાં થઈ ગયો છે.

એ પહેલાં, સ્કોટલૅન્ડે બેટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં ૯ વિકેટના ભોગે ૧૫૪ રન બનાવ્યા હતા જેમાં ઓપનર જ્યોર્જ મુન્સીના ૨૮ રન સામેલ હતા. ઑસ્ટ્રેલિયા વતી શૉન અબૉટે સૌથી વધુ ત્રણ વિકેટ તેમ જ ઝૅમ્પા અને બાર્લેટે બે-બે વિકેટ લીધી હતી.

ટ્રેવિસ હેડને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ■

# પૅરાલિમ્પિક્સની જુડોમાં કપિલ પરમારનો ઐતિહાસિક મેડલ

## ભારતે આ પહેલાં જુડોમાં ઑલિમ્પિક ગેમ્સનો પણ મેડલ નહોતો મેળવ્યો

**પૅરિસ પૅરાલિમ્પિક્સમાં કોના કેટલા મેડલ?**

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રૉન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ચીન | ૬૪ | ૫૧ | ૩૧ | ૧૪૬ |
| ૨ | બ્રિટન | ૩૩ | ૨૫ | ૧૯ | ૭૭ |
| ૩ | અમેરિકા | ૨૬ | ૨૯ | ૧૪ | ૬૯ |
| ૪ | નેધરલૅન્ડ્સ | ૧૭ | ૯ | ૫ | ૩૧ |
| ૫ | ફ્રાન્સ | ૧૬ | ૧૮ | ૧૯ | ૫૩ |
| ૧૪ | ભારત | ૫ | ૯ | ૧૧ | ૨૫ |



પૅરિસ: મધ્ય પ્રદેશના કપિલ પરમારે દિવ્યાંગો માટેની પૅરિસ પૅરાલિમ્પિક્સમાં ભારત માટે નવો ઇતિહાસ રચ્યો છે. તે જુડોમાં બ્રૉન્ઝ મેડલ જીત્યો છે.

આ પહેલાં ક્યારેય કોઈ ઑલિમ્પિક્સમાં કે પૅરાલિમ્પિક્સમાં ભારતને જુડોમાં ચંદ્રક નહોતો મળ્યો. જોકે આંખની નબળી દૃષ્ટિની સમસ્યા ધરાવતા કપિલ પરમારે એ અભૂતપૂર્વ સિદ્ધિ મેળવી છે.

કપિલ પરમારે ૬૦ કિલો (જે-૧) વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીતી લીધો હતો. તેણે બ્રૉન્ઝ માટેના મુકાબલામાં બ્રાઝિલના એલિલ્ટન ડિ'ઑલિવિરાને આસાનીથી હરાવી દીધો હતો.

પરમારે શરૂઆતથી છેક સુધી હરીફ પર પ્રભુત્વ જમાવ્યું હતું અને તેને ૧૦-૦થી હરાવ્યો હતો.

એ પહેલાં, સેમિ ફાઇનલમાં પરમારનો ઇરાનના એસ. બૅનિટાબા ખૉરામ અબાદી સામે ૦-૧૦થી પરાજય થયો હતો.

પરમાર ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં આ જ કૅટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો. તેણે પૅરિસની વર્તમાન સ્પર્ધાની ક્વૉર્ટર ફાઇનલમાં વેનેઝુએલાના માર્કો બ્લાન્કોને ૧૦-૦થી પરાજિત કરી હતી. ■

# ગોલકીપર-લેજન્ડ શ્રીજેશનો સન્માન કાર્યક્રમમાં મહિલા ખેલાડીઓ સાથે પોઝ




પટના: ગુરુવારે બિહાર રાજ્યના ખેલકૂદ સંગઠનના ઉપક્રમે હૉકીના લેજન્ડરી ગોલકીપર પી.આર. શ્રીજેશનું બહુમાન કરવામાં આવ્યું ત્યારે તેણે ખેલાડીઓ સાથે પોઝ આપ્યો હતો. શ્રીજેશ તાજેતરમાં પૅરિસ ઑલિમ્પિક્સમાં ભારતને બ્રૉન્ઝ મેડલ અપાવ્યા પછી નિવૃત્ત થયો હતો.

ભારતીય ખેલાડી સુખજીત સિંહના મતે ક્રિષન પાઠક અને સુરજ કરકેરા, આ બન્ને ગોલકીપર શ્રીજેશના અનુગામી બનવાની ક્ષમતા ધરાવે છે.

૩૬ વર્ષનો શ્રીજેશ ખેલાડી તરીકે રિટાયર થઈ ગયો છે, પરંતુ હવે તે કોચ તરીકેની ઇનિંગ્સ થોડા જ સમયમાં શરૂ કરશે. ખાસ કરીને તે જુનિયર ખેલાડીઓને કોચિંગ આપશે.

શ્રીજેશના રિટાયરમેન્ટ પછીની ભારતની પ્રથમ ટૂર્નામેન્ટ એશિયન ચૅમ્પિયન્સ ટ્રોફી છે. ■

# સતત બીજી સત્રમાં પીછેહઠઃ સેન્સેક્સ ૧૫૦ પોઇન્ટ ગબડ્યો, નિફ્ટી ૨૫,૧૫૦ની નીચે સરક્યો, બોનસ શૅરની મંજૂરી છતાં રિલાયન્સ તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના નબળા સંકેત સાથે સ્થાનિક સ્તરે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવા હેવીવેઇટ શેરમાં વેચવાલીનું દબાણ વધવાથી સતત બીજા દિવસે શેરબજાર ગબડ્યું હતું. સેન્સેક્સમાં ૧૫૦ પોઇન્ટનું ગાબડું નોંધાયું હતું જ્યારે નિફ્ટી ૨૫,૧૫૦ની નીચે સરકી ગયો હતો. સેક્ટરદીઠ આઇટી શેરોમાં વધારા અને રિયલ્ટી શેરોમાં ઘટાડો નોંધાયો હતો.

સત્રને અંતે સેન્સેક્સ ૧૫૧.૪૮ પોઈન્ટ અથવા ૦.૧૮ ટકા ઘટીને ૮૨,૨૦૧.૧૬ પર અને નિફ્ટી ૫૩.૬૦ પોઈન્ટ અથવા ૦.૨૧ ટકા ઘટીને ૨૫,૧૪૫.૧૦ પર હતો. કુલ ટ્રેડેડ શેરોમાં લગભગ ૨૧૮૫ શેર વધ્યા હતા અને ૧૫૮૫ શેર ગબડ્યા હતા, જ્યારે ૯૯ શેર મૂળ સપાટીએ પાછાં ફર્યા હતા.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો શેર એક ટકા જેવો તૂટીને ટોપ લુઝર બન્યો હતો, જ્યારે અન્ય સૌથી વધુ ઘટનારા ટોચના શેરોમાં ટાટા મોટર્સ, નેસ્લે, ભારતી એરટેલ, બજાજ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, જેએસડબલ્યુ સ્ટીલ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો સમાવેશ હતો. ટોપ ગેઇનર્સની યાદીમાં ટાઇટન, આઇટીસી, ઇન્ફોસિસ, એચસીએલ ટેક્નોલોજી, ટાટા સ્ટીલ અને સ્ટેટ બેન્કનો સમાવેશ હતો.

રિલાયન્સના ડિરેકટસ૪ બોર્ડે ૧:૧ના પ્રમાણમાં બોનસ શેર માટે મંજૂરી આપી દીધી છે. પીએન ગાડગીલ જ્વેલર્સ રૂ. ૧,૧૦૦.૦૦ કરોડનો બુક બિલ્ટ ઈશ્યુ સાથે ૧૦મી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. આ ઈશ્યુ રૂ. ૮૫૦ કરોડના ૧.૭૭ કરોડની ફ્રેશ ઇક્વિટી અને રૂ. ૨૫૦ કરોડના ઓએફએસનું સંયોજન છે. સબસ્ક્રિપ્શન ૧૨મીએ બંધ થશે. ફાળવણી ૧૩મીએ અને લિસ્ટિંગ એનએસઇ, બીએસઇ પર ૧૭મીએ થવાની અપેક્ષા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૫૬થી રૂ. ૪૮૦ છે. લઘુત્તમ લોટ સાઈઝ ૩૧ શેર છે. રેમન્ડ લાઇફ સ્ટાઇલનો શેર એનએસઇ પર રૂ. ૩૦૨૦ના ભાવે લિસ્ટેડ થયો હતો. ટોલિન્સ ટાયર્સ લિમિટેડ નવમી સપ્ટેમ્બરે કુલ રૂ. ૨૩૦ કરોડના જાહેર ભરણાં સાથે મૂડીબજારમાં પ્રવેશ કરી રહી છે, કંપની રૂ.૨૦૦ કરોડના નવા શેર જારી કરી રહી છે. જ્યારે, ઓએફએસ હેઠળ રૂ. ૩૦ કરોડના મૂલ્યના શેર વેચી રહ્યા છે. રિટેલ રોકાણકારો મહત્તમ ૮૫૮ શેર માટે બિડ કરી શકે છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૧૫થી રૂ. ૨૨૬ નક્કી થઇ છે.

ટોચના નિફ્ટી ગેઇનર્સમાં ટાઇટન કંપની, એલટીમાઇન્ડટ્રી, વિપ્રો, બીપીસીએલ અને આઇટીસીનો સમાવેશ હતો, જ્યારે સૌથી વધુ ઘટનારા ટોચના શેરોમાં કોલ ઇન્ડિયા, બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ, સિપ્લા, ડો. રેડ્ડીઝ લેબ્સ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો સમાવેશ હતો.

સેક્ટોરલ મોરચે, કેપિટલ ગુડ્સ, પાવર, ઓઇલ એન્ડ ગેસ, રિયલ્ટીમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે મેટલ, આઇટી, ટેલિકોમ અને મીડિયામાં ખરીદી જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ ૦.૩ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫ ટકા વધ્યા હતા.

સેક્ટોરલ ગેઇનર્સમાં, નિફ્ટી મીડિયા ૦.૮ ટકાના ઉછાળા સાથે આગળ રહ્યો હતો. નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને નિફ્ટી આઇટી અનુક્રમે ૦.૬૬ ટકા અને ૦.૫ ટકાના વધારા સાથે ત્યાર પછીના ક્રમમાં હતા. નિફ્ટી મેટલ અને નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ પણ ૦.૩ ટકા વધ્યા હતા. પીછેહઠમાં જોઇએ તો, નિફ્ટી રિયલ્ટીમાં ૧ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે નિફ્ટી ઓટો અને ઓઇલ એન્ડ ગેસ દરેક ૦.૪ ટકા ઘટ્યા હતા.

યુએસ ફ્યુચર્સ ઉંચા ગયા, પરંતુ જાપાનમાં થયેલા નુકસાનને પગલે મોટાભાગના એશિયન શેરબજારોનો સુધારો ધોવાઇ ગયો હતો. રોકાણકારો હવે આગામી ડેટા પર ધ્યાન કેન્દ્રિત



કરી રહ્યાં છે, જેમાં વીકલી અનએમ્પ્લોયમેન્ટ કલેઇમ્સ અને શુક્રવારના નોનફાર્મ પેરોલ્સ ડેટાનો સમાવેશ થાય છે. અમેરિકા સોફ્ટ લેન્ડિંગ તરફ આગળ વધી રહ્યું છે કે નહીં તેના સંકેત મેળવવા આ ડેટાની લોકો રાહ જોઇ રહ્યાં છે, કારણ કે ફેડરલ રિઝર્વે તેની નીતિને હળવી બનાવવાનું વિચારી રહી છે.

બીએસઇ ઇન્ડેક્સમાં રિયલ્ટી ૦.૯૫ ટકા, કેપિટલ ગુડ્સ (૦.૬૧ ટકા), ઇન્ડસ્ટ્રીયલ (૦.૩૮ ટકા), પાવર (૦.૩૭ ટકા) અને ઓઇલ એન્ડ ગેસ (૦.૩૦ ટકા) ઘટ્યા હતા. જ્યારે હેલ્થકેર, કોમોડિટીઝ, કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી, ટેલિકોમ્યુનિકેશન, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, આઈટી અને ટેકમાં વધારો થયો હતો. એશિયન બજારોમાં, સિઓલ, ટોકિયો અને હોંગકોંગ નીચામાં સ્થિર થયા, જ્યારે શાંઘાઈ ઊંચા સ્તરે બંધ થયા. મધ્યસત્રના સોદામાં યુરોપિયન બજારો મોટે ભાગે નીચા મથાળે ટ્રેડ થઈ રહ્યા હતા. બુધવારે અમેરિકી બજારો મિશ્રિત નોંધ સાથે બંધ રહ્યાં હતાં.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૯૭૫.૪૬ કરોડની ઇક્વિટી ખરીદી હતી. દરમિયાન, ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૧૪ ટકા વધીને ૭૩.૫૩ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. બુધવારે બીએસઇ બેન્ચમાર્ક ૨૦૨.૮૦ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા ઘટીને ૮૨,૩૫૨.૬૪ પર સેટલ થયો હતો. નિફ્ટી ૮૧.૧૫ પોઈન્ટ અથવા ૦.૩૨ ટકા ઘટીને ૨૫,૧૯૮.૭૦ પર આવી ગયો હતો. નિફ્ટીએ સતત ૧૪ દિવસમાં લગભગ ૧,૧૪૧ પોઈન્ટ અથવા ૪.૫૯ ટકાનો ઉછાળો નોંધાવ્યો હતો.

મેટલ, આઈટી, ટેલિકોમ શેરોમાં સૌથી વધુ વેચવાલી અને હેલ્થકેર ઈન્ડેક્સ સૌથી લેવાલી જોવા મળી હતી. બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૨,૫૫૫.૪૪ના બંધથી ૨૦૨.૮૦ પોઈન્ટ્સ (૦.૨૫ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૦.૪૧ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૫.૧૩ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૧,૮૪૫.૫૦ ખૂલીને ઊંચામાં ૮૨,૪૦૮.૫૪ સુધી અને નીચામાં ૮૧,૮૩૩.૬૯ સુધી જઈને અંતે ૮૨,૩૫૨.૬૪ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૧૧ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૯ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૪૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૯૧૦ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૦૪૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૯૪ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૫૪ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

જ્યારે ૩૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૫ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૨૬ ટકા વધ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૬ ટકા ઘટ્યો હતો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૫૫ ટકા વધ્યો હતો. સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ હેલ્થકેર ૦.૯૪ ટકા, રિયલ્ટી ૦.૬ ટકા, એફએમસીજી ૦.૪ ટકા, કોમોડિટીઝ ૦.૨૫ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૦૭ વધ્યા હતા, જ્યારે મેટલ ૧.૧૧ ટકા, આઈટી ૦.૯૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૮૨ ટકા, ટેક ૦.૭૧ ટકા, બેન્કેક્સ ૦.૭ ટકા, એનર્જી ૦.૬૮ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૫૫ ટકા, પાવર ૦.૫૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૪૭ ટકા, સર્વિસીસ ૦.૪૬ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૪ ટકા, ઓટો ૦.૩૭ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૨૮ ટકા, યુટિલિટીઝ ૦.૨૭ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૨૧ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે એશિયન પેઈન્ટ્સ ૨.૪૮ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૭૪ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ્સ ૧.૩૧ ટકા, સન ફાર્મા ૧.૧૮ ટકા, રિલાયન્સ ૦.૪૩ અને એચડીએફસી બેન્ક ૦.૨૬ ટકા વધ્યા હતા. જ્યારે આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૧૧ ટકા, સ્ટેટ બેન્ક ૧.૦૬ ટકા, એક્સિસ બેન્ક ૧.૦૫ મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૦૦ ટકા, ઈન્ફોસિસ ૦.૯૫ ટકા, લાર્સન ૦.૮૬ ટકા, તાતા સ્ટીલ ૦.૭૨ ટકા, ટીસીએસ ૦.૬૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૬૦ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૫૨ ટકા, પાવર ગ્રીડ ૦.૫૧ ટકા અને ટાઈટન ૦.૪૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૬૫.૩૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૪૬૪ સોદામાં ૭૯૪ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૪,૯૨,૮૬૦ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૩,૯૦,૯૮૨.૫૯ કરોડનું રહ્યું હતું. એફઆઈઆઈની રૂ. ૯૭૫.૪૬ કરોડની અને સ્થાનિક સંસ્થાઓની રૂ. ૯૭.૩૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી.

## ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવવાની સાથે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી રેન્જમાં અથડાઈને અંતે ચાર પૈસાના સુધારા સાથે ૮૩.૯૭ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૦૧ના બંધ સામે સાધારણ સુધારાના અન્ડરટોને ૮૩.૯૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૯૮ અને ઉપરમાં ૮૩.૯૭ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ચાર પૈસાના સુધારા સાથે સત્રની ઉપરની ૮૩.૯૭ની સપાટીએ બંધ રહ્યો હતો.

તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં જોવા મળેલા નરમાઈના અન્ડરટોનને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૩.૮૫થી ૮૩.૯૦ની સાંકડી રેન્જમાં અથડાતો રહે તેવી શક્યતા આનંદ રાઠી શૅર્સ ઍન્ડ સ્ટોક બ્રોકર્સનાં કૉમૉડિટી અને કરન્સી વિભાગના હેડ મનીષ શર્માએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૫ ટકા ઘટીને ૧૦૧.૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી ૦.૭૪ ટકા વધીને બેરલદીઠ ૭૩.૨૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૯૭૫.૪૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૫૧.૪૮ પૉઈન્ટનો અને ૫૩.૬૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ આયાતકારોની ડૉલરમાં લેવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો સિમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ફેડરલ દ્વારા વ્યાજદરમાં મોટી માત્રામાં કાપનો આશાવાદ

## વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૫૮૦નો અને ચાંદીમાં ₹ ૧૬૩૪નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકામાં ગઈકાલે જાહેર થયેલા રોજગારીના ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથીઆગામી નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવો આશાવાદ વધતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૭૭થી ૫૮૦નો સુધારો આવ્યો હતો.

જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરમાં ઘટાડો થતા વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આજે ચાંદીના ભાવ પણ ઘટ્યા મથાળેથી રૂ. ૧૬૩૪ ઉછળી આવ્યાહતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૭૭ વધીને રૂ.



૭૧,૫૮૭ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૮૦ વધીને રૂ. ૭૧,૮૭૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૬૩૪ વધીને રૂ. ૮૨,૯૭૧ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે જાહેર થયેલા અમેરિકાના યુએસ જોબ ઓપનિંગ ડેટા સાડા ત્રણ વર્ષની નીચી સપાટીએ રહ્યા હોવાથી ફેડરલ દ્વારા આગામી ૧૭-૧૮ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવો આશાવાદ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૨૫૧૫.૪૬ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૯ ટકા વધીને ૨૫૪૯.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૪૩ ટકા વધીને ઔંસદીઠ ૨૮.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકાના રોજગારીના ગઈકાલે જાહેર થયેલા ડેટા નબળા આવ્યા હોવાથી સીએમઈ ફેડ વૉચ ટૂલ પર હવે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા જે ગઈકાલે ૩૮ ટકા હતી તે વધીને ૪૫ ટકા થઈ છે. જોકે, હજુ રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા ઑગસ્ટ મહિનાના નોન ફાર્મ પૅ રૉલ ડેટા પર સ્થિર થઈ છે.

વધુમાં ગઈકાલે સાન ફ્રાન્સિસ્કો ફેડનાં પ્રમુખ મેરી ડેલીએ જણાવ્યું હતું કે રોજગાર ક્ષેત્રની સ્વસ્થતા માટે રેટ કટ આવશ્યક છે. જોકે, હાલમાં રોકાણકારોએ નોન ફાર્મ પે રૉલ ડેટાની જાહેરાત પૂર્વે સાવચેતીનું વલણ અપનાવવું જોઈએ, એમ જણાવતા કેસીએમ ટ્રેડના વિશ્લેષક ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે જો ડેટા અપેક્ષા કરતા નબળા આવશે તો વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટના કાપની શક્યતા પ્રબળ બનશે. તેમ જ સતત વ્યાજદરમાં કપાતની શક્યતાને ધ્યાનમાં લેતા વર્ષના અંત સુધીમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૬૦૦ ડૉલરની સપાટીએ પહોંચવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

## ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીએ પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીન, નિકલ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૮, રૂ. ૨૫ અને રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિરસ માગે ઝિન્ક સ્લેબ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આમ એકંદરે આજે બજારમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, નિકલ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૮ ઘટીને રૂ. ૨૬૩૮, રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૩૮૩ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૫૧૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૨૬૧, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૯૩ અને બ્રાસ શીટ કટિંગ્સ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૫૫૧ અને રૂ. ૨૨૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર વાયરબારમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૮૦૯ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૭૧૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૭૬ અને રૂ. ૧૯૧ના મથાળે રહ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

## કાર્બન ટેક્સના મુદ્દે સ્ટીલ ઉદ્યોગ સાથે ચર્ચા કરવા ગોયલનું આહ્‌વાન

નવી દિલ્હીઃ વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે આજે ટોચના સ્ટીલ ઉદ્યોગના ઉદ્યોગપતિઓ સાથે આ ક્ષેત્રમાં ઉત્પાદનમાં સાતત્યતાને પ્રોત્સાહન આપવા કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ ટેક્સના મુદ્દે ચર્ચા કરવાનું આહ્‌વાન કર્યું છે.

વધુમાં તેમણે ઉદ્યોગને હાલમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશમાં સ્ટીલના ઉત્પાદનનો લક્ષ્યાંક જે ૩૦ કરોડ ટનનો મૂકવામાં આવ્યો છે તેની સાથે વર્ષ ૨૦૪૭ સુધીમાં ૫૦ કરોડ ટનના ઉત્પાદનનો લક્ષ્યાંક રાખવા જણાવ્યું છે. આ સિવાય તેમણે ઉદ્યોગને કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સ્ટીલનાં ઉત્પાદન માટે વધુ સારા માર્ગો ખોળવા માટે પણ સૂચન કર્યું હતું. અત્રે વર્ચ્યુઅલ ધોરણે સ્ટીલ કોન્ક્લેવને સંબોધિત કરતા તેમણે કહ્યું હતું કે ઉત્પાદન ક્ષમતાનો વધુ ઉપયોગ કરવા, કચરો ઘટાડવા અને સમગ્ર વૅલ્યુચેઈનની અસરકારકતામાં સુધારો લાવવા માટે કોશિષ કરીએ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીએ. કાર્બન ટેક્સ અંગે તેમણે ભલામણ કરી હતી કે આ મહત્ત્વના વિષય પર ચર્ચા કરવા માટે સ્ટીલ ઉદ્યોગના ચારથી પાંચ અગ્રણીઓ મારી મુલાકાત લઈ શકે છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે પૂરતા ભંડોળના અભાવે સરકાર રેમિસન ઑફ ડ્યૂટીઝ ઍન્ડ ટેક્સિસ ઓન એક્સપોર્ટેડ પ્રોડક્ટ્સ (આરઓડીટીઈપી) સ્કીમ લંબાવી શકે તેમ નથી.

જોકે, આપણે બોર્ડર એડજસ્ટમેન્ટ ટેક્સ પર વધુ એક પ્રયાસ કરીએ, ખાસ કરીને આયાતી સ્ટીલ જે ભારતમાં આવે છે તેના પર આ બધા ટેક્સ (કોલ સેસ અને ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી) ચુકવવા નથી પડતા. બોર્ડર એડજસ્ટમેન્ટ ટેક્સ એ વિશ્વ વેપાર સંગઠનની ફરિયાદ પદ્ધતિ છે. ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી કે રાજ્ય દ્વારા વસૂલાતી ડ્યૂટી અથવા તો કર જેનું તમને રેમિટન્સ નથી થતું, જે અન્ય દેશોમાં ચાર્જ થતા નથી તેને બોર્ડ એડજસ્ટમેન્ટ ટેક્સથી મારફતે એડજસ્ટ કરવામાં આવે છે. આથી આપણે ચાર-પાંચ અગ્રણીઓ સાથે બેસીને ચર્ચા કરીએ.

વધુમાં તેમણે અન્ય કોઈપણ દેશમાં વેપારમાં ગેરરીતિ થઈ રહી હોય તો સરકારને જાણ કરવા ઉદ્યોગને અનુરોધ કર્યો હતો જેથી સરકાર વળતા પગલાં લઈ શકે. આ સિવાય તેમણે ઉદ્યોગને કોરિયા અને જાપાનની જેમ મેડ ઈન ઈન્ડિયા અથવા તો સ્વદેશી બનાવટની ચીજોનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

## વૈશ્વિક પેપર માર્કેટમાં ભારત ઝડપથી વૃદ્ધિ પામતો દેશ

મુંબઈઃ સ્થાનિકમાં પેકેજિંગ પેપર અને પેપરબોર્ડના વપરાશમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૮.૨ ટકાના વૃદ્ધિદર સાથે ભારતે વૈશ્વિક પેપર માર્કેટમાં ઝડપથી વૃદ્ધિ પામી રહેલા દેશ તરીકેનુ સ્થાન જાળવી રાખ્યુ હોવાનું એક અહેવાલમાં જણાવ્યું છે.

ઈન્ડિયન પેપર મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (આઈઆઈપીએમએ)નાં અહેવાલમાં જણાવ્યાનુસાર ગત નાણાકીય વર્ષમાં પેકેજિંગ પેપર અને પેપરબોર્ડ માર્કેટ ૮.૨ ટકાના દરે વૃદ્ધિ પામી છે. સ્થાનિકમાં પેકેજિંગ પેપર અને પેપરબોર્ડની બજારનું કદ કુલ બજારના ૬૫ ટકાના હિસ્સા સાથે ૧.૫ કરોડ ટનનું રહ્યું હતું જ્યારે પેપરબોર્ડ અને ન્યૂઝપ્રિન્ટની માર્કેટનું કદ ૨.૩ કરોડ ટનનું રહ્યું હતું.

વધુમાં એફએમસીજી ઉત્પાદનો, ટેક્સ્ટાઈલ્સ, ફાર્માસ્યુટિકલ સહિતનાં અન્ય સારી ગુણવત્તાયુક્ત પેકેજિંગની માગ પ્રબળ રહે છે. તેમ જ ઈ-કૉમર્સનો વ્યાપ વધવાની સાથે હૅલ્થકૅર પાછળના ખર્ચમાં વધારો પેકેજિંગ પેપર અને પેપરબોર્ડની માગમાં વધારાના મુખ્ય પરિબળો છે. એકંદરે માગમાં જોવા મળેલો છથી સાત ટકાનો વૃદ્ધિદર વિશ્વમાં ભારતીય બજાર ઝડપભેર વિકસી રહી હોવાનો નિર્દેશ આપે છે, એમ અહેવાલમાં જણાવ્યું હતું.

રાઈટીંગ અને પ્રિન્ટિંગ પેપર માર્કેટ પરંપરાગત રીતે પેપરનાં વપરાશ સાથે સંકળાયેલા છે તેની બજાર પણ ત્રણ ટકાના દરે વૃદ્ધિ પામી છે, જ્યારે કોપિયર પેપરની માગ ૪.૫ ટકાનાં ઊંચા દરે વધી હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું. વધુમાં અહેવાલમાં જણાવ્યાનુસાર હાલ ભારતમાં પેપરનો માથાદીઠ વપરાશ વૈશ્વિક સરેરાશ ૫૭ કિલોગ્રામ સામે ૧૬ કિલોગ્રામ છે. જોકે, વિકસિત દેશોમાં પેપરનો માથાદીઠ વપરાશ ૨૦૦ કિલોગ્રામ કરતાં વધુ હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું.

## નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં ગઈકાલે વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૮૦થી ૩૬૩૦ આસપાસના મથાળે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, મથકો પાછળ આજે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે માગ જળવાઈ રહેતા આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ગુણવત્તાલક્ષી સુધારા સાથે રૂ. ૩૭૩૨થી ૩૮૦૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૬થી ૩૯૬૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરનાં નિરુત્સાહી અહેવાલે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૫૦થી ૩૬૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૭૯૦માં થયા હતા.

# ભ્રષ્ટ તંત્રએ સ્મશાન માટેના લાકડાનો પણ વેપલો કર્યો ?





રાજકોટ શહેરમાં ગાર્ડન શાખાનું લાકડાં કૌંભાડ બહાર આવ્યું છે. વરસાદમાં પડી ગયેલાં વૃક્ષોનાં લાકડાં સ્મશાનમાં પહોંચાડવાને બદલે બારોબાર સગેવગે થયાનો આક્ષેપ થયો છે. અધિકારીએ સ્મશાનનાં લાકડાં પણ છોડતા નથી. ગાર્ડન શાખા શહેરના સ્મશાન ગૃહોમાં ૩૨ ટ્રેક્ટર પહોંચાડ્યા હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે. (તસવીરોઃ પ્રવીણ સેદાણી)

# રાજકોટ સિંચાઈ વર્તુળના તમામ ૨૭ જળાશય સરેરાશ ૯૭.૬૨ ટકા ભરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ મહેર કરતા જળાશયોમાં પાણીની આવક વધતા ડેમ છલકાઈ ગયા છે. રાજકોટ સિંચાઈ વર્તુળ હેઠળના ૨૭ જળાશયોમાંથી ૨૧ જળાશયો ૧૦૦ ટકા ભરાઈ ગયા છે. જેમાં આજની સ્થિતિએ ૧૪ ડેમના દરવાજા ખોલાયેલા છે, જ્યારે આઠ ડેમ ઓવરફ્લો થઈ રહ્યા છે. તમામ ૨૭ જળાશયો સરેરાશ ૯૭.૬૨ ટકા ભરાઈ ગયા છે.

રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમની યાદીમાં જણાવાયા પ્રમાણે, ગુરુવાર સવાર સુધીમાં ૨૧ જળાશયો ૧૦૦ ટકા ભરાઈને છલકાઈ રહ્યા છે. જેમાં ભાદર ડેમના બે દરવાજા ૦.૫૩ મીટર ખોલવામાં આવ્યા હતા. જ્યારે મોજ ડેમના ત્રણ દરવાજા ૦.૬ મીટર ખોલવામાં આવ્યા હતા.

વેણુ-૨ ડેમના ત્રણ દરવાજા ૦.૫૩ મીટર, આજી-૩ ડેમના બે દરવાજા ૦.૬ મીટર, સુરવો ડેમના એક દરવાજા ૦.૧૫ મીટર, ન્યારી-૨ ડેમના બે દરવાજા ૦.૩ મીટર, ખોડાપીપર ડેમના એક દરવાજા ૦.૦૩ મીટર, છાપરવાડી-૨ ડેમના એક દરવાજા ૦.૧૫ મીટર, કરમાળ ડેમના એક દરવાજા ૦.૩ મીટર, કર્ણુકી ડેમનો એક દરવાજો ૦.૦૧૫ મીટર ખોલવામાં આવ્યો હતો. જ્યારે ફોફળ ડેમ ૦.૩ મીટર, આજી-૧ ડેમ ૦.૧૨ મીટર, સોડવદર ડેમ ૦.૧ મીટર, વાછપરી ડેમ ૦.૨૫ મીટર, વેરી ડેમ ૦.૦૫ મીટર, ફાડદંગ બેટી ૦.૦૨ મીટર, છાપરવાડી-૧ ડેમ ૦.૦૫ મીટર, ઈશ્વરીયા ડેમ ૦.૦૨ મીટર ઓવરફ્લો થઈ રહ્યા છે. ઉપરાંત આજી-૨ ડેમ ૭૩.૨૯ ટકા ભરાયેલો છે અને તેના બે દરવાજા ૦.૩ મીટર ખોલાયા હતા. ડોંડી-૧ ડેમ ૬૫.૭૯ ટકા ભરાતા એક દરવાજો ૦.૦૭૫ મીટર ખોલાયો હતો. ન્યારી-૧ ડેમ ૯૩.૯૯ મીટર ભરાયો હોવાથી બે દરવાજા ૦.૧૫ મીટર ખુલ્લા કરાયા હતા. ઉપરાંત ભાદર-૨ ડેમ ૯૮.૧૦ ટકા ભરાયો હોવાથી ત્રણ દરવાજા ૦.૪૫ મીટર ખોલાયા હતા. ઘેલો સોમનાથ ડેમ ૪૦.૪૧ ટકા ભરાયો હતો. જ્યારે માલગઢ ડેમ ૭૨.૭૪ ટકા ભરાયો હતો. ■

# રાજકોટની સ્કૂલોમાં ૪૨૩ શિક્ષકોની ઘટઃ કેટલીક શાળાઓ બંધ કરવી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સરકારી શાળાઓની સ્થિતિ ખૂબ દયનીય છે. ઘણી જગ્યાએ શિક્ષકો વગરની સ્કૂલો છે અને ક્યાંક શાળાઓ બંધ કરવી પડે તેવી સ્થિતિ છે. રાજકોટ શહેર અને જિલ્લામાં કુલ ૯૮૪ સરકારી શાળાઓ છે, જેમાં ૧,૬૭,૯૬૧ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે અને ૬,૨૨૬ જેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી છે, પરંતુ હજુ પણ ૪૨૩ જેટલા શિક્ષકોની ઘટ વર્તાઈ રહી છે. આથી ૪ જેટલી શાળાઓ બંધ કરવાની ફરજ શિક્ષણ વિભાગને પડી છે.

રાજકોટ જિલ્લા પંચાયત હસ્તગત ૧૧ તાલુકાઓમાં ૮૪૫ શાળાઓ આવેલી છે, જેમાં એક લાખ ૨૭ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. સરકાર દ્વારા ૫૨૦૦ શિક્ષકો મહેકમ મંજૂર થયું છે, છતાં પણ શિક્ષકોની ઘટ રાજકોટ જિલ્લાની ૧૧ તાલુકાઓની શાળાઓમાં આજે પણ વર્તાઈ રહી છે. એક લાખ ૨૭ હજાર વિદ્યાર્થીઓની સામે ૩૦૦ શિક્ષકોની ઘટ છે. રાજકોટ કોર્પોરેશન અને જિલ્લા શિક્ષણ કચેરી હેઠળની માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ૯૩ શાળાઓ કોર્પોરેશન હસ્તગત છે, જેમાં ૩૫,૬૩૫ વિદ્યાર્થિઓ અભ્યાસ કરે છે અને ૧૧૫૦ શિક્ષકો ફરજ પર છે અને ૧૦૩ શિક્ષકોની ઘટ વર્તાઈ રહી છે. જિલ્લા શિક્ષણ કચેરી હેઠળ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક રાજકોટ શહેરમાં ૪૬ જેટલી શાળાઓ છે, જેમાં ૫,૩૨૫ વિદ્યાર્થિઓ અભ્યાસ કરે છે અને ૧૭૬ શિક્ષકો બાળકોને ભણાવી રહ્યા છે અને તેમાં પણ ૨૦ શિક્ષકોની ઘટ છે.

રાજકોટ શહેર અને જિલ્લામાં ૪૨૩ શિક્ષકોની ઘટ છે તેમની સામે અનેક શાળાઓ એવી પણ છે કે જેમાં સ્થિતી ખૂબ જ ખરાબ છે. ગામડાઓની શાળાઓમાં ઘણી શાળાઓ એવી છે કે જેમાં માત્ર એક જ શિક્ષક છે, અને ઘણી શાળાને ઈન્ટરનેટની સુવિધા મળી નથી અને ખેલકૂદ માટેના મેદાન શાળાઓ પાસે નથી. ■

# એ... હાલો ...માનવીયું મેળે .... પ્રસિદ્ધ તરણેતરના મેળાનો આજથી પ્રારંભ





(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અનેક લોકમેળાઓમાં સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં તરણેતર ખાતે આવેલા ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં યોજાતો વિશ્વ વિખ્યાત તરણેતરનો મેળો ઐતિહાસિક, પૌરાણિક અને ધાર્મિક મહત્ત્વ ધરાવે છે. રાજ્યના આ સુપ્રસિદ્ધ મેળામાં લોકજીવનનો ઉમંગ ઉત્સાહ, લોકસંસ્કૃતિની રંગીન કલાત્મકતાનો સ્વાભાવિક આનંદ છતો થાય છે. આ પ્રખ્યાત લોકમેળાની તરણેતરના તથા દેશ અને વિદેશના લોકો આખું વર્ષ આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે.

તરણેતરનો મેળો એટલે આનંદ, યુવાની અને કળાનો અનેરો સંગમ. ભાદરવા સુદ ત્રીજના દિવસે સવારે મહાદેવના પૂજનથી મેળાની શરૂઆત થાય. ત્યારબાદ ચોથના દિવસે રંગત જામે, યૌવન ખીલે અને રાસ, ગરબા, દુહા અને છંદની રમઝટ બોલે. ટીટોડો અને હૂડારાસ એ તરણેતરના મેળાનું આગવું અંગ છે.

ભાદરવા સુદ ત્રીજના દિવસે સવારે મહાદેવના પૂજનથી મેળાની શરૂઆત થાય છે. ઋષિપાંચમની વહેલી સવારે ગંગા અવતરણ આરતી બાદ પાળીયાદના મહંત દ્વારા ત્રિનેત્રેશ્વર મહાદેવને ૫૨ ગજની ધજા ચડાવવામાં આવે છે.

આ દિવસે મંદિરની ત્રણ દિશાઓમાં આવેલા કુંડમાં નાહવાનું અનેરું મહાત્મ્ય છે. સાંજે ગંગા વિદાય આરતી થાય છે. આ વર્ષે તરણેતર મેળો કાલ તા.૬ સપ્ટેમ્બરથી ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન યોજાશે.

મેળાઓ ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનું અભિન્ન અંગ છે, જે આપણી પરંપરાઓ, ખાણીપીણી, રહેણીકરણી અને વારસાનું પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના તરણેતર ગામમાં યોજાતો તરણેતરનો મેળો ગુજરાતની જીવંત સંસ્કૃતિ અને પરંપરાઓનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

લોકવાયકા મુજબ, દ્રૌપદી સ્વયંવર સમયે તરણેતર સ્થિત ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં અર્જુને જલકુંડમાં માત્ર માછલીનું પ્રતિબિંબ જોઈને મત્સ્યવેધ કર્યો હતો અને દ્રૌપદી સાથે વિવાહ કર્યા હતા. તેથી આ ભૂમિને પાંચાળ ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. આ જલકુંડમાં સ્નાન કરવાનું ધાર્મિક મહત્ત્વ પણ છે. એક માન્યતા અનુસાર, ભાદ્રપદ શુક્લ પક્ષની પંચમીએ અહીં ગંગામૈયાનું અવતરણ થાય છે. પૌરાણિક કથા અનુસાર અહીં પ્રાચીનકાળથી તરણેતર મેળાનું આયોજન કરવામાં આવે છે. ■

# ભણવા મુદ્દે બહેને ઠપકો આપતા ભાઈએ ઝેરી પાઉડર ફાક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પડધરી પંથકમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થી સ્કૂલે જવાના બદલે રખડવા નીકળી જતાં મોટી બહેને ઠપકો આપ્યા બાદ લાગી આવતા તેણે ઝેરી પાઉડર પી લીધો હતો. વિદ્યાર્થીને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ પડધરી પંથકમાં રહેતો અને દસમાં ધોરણમાં અભ્યાસ કરતો ૧૪ વર્ષીય તરુણે પોતાના ઘરે ઝેરી પાવડર પી લીધો હતો. ઝેરની અસર થતાં સગીરને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં આપઘાતનો પ્રયાસ કરનાર સગીર બે બહેનો વચ્ચે એકનો એક ભાઈ છે અને હાલ ૧૦માં ધોરણમાં અભ્યાસ કરે છે. સગીર દરરોજ સવારે સ્કૂલે જવાના બહાને ઘરેથી નીકળીને રખડવા જતો રહેતો હતો અને બપોરના સમયે ઘરે પરત ફરતો હતો. આ બાબતની જાણ પરિવારજનોને થતાં મોટી બહેને પોતાના નાના ભાઈને ભણવા બાબતે ઠપકો આપ્યો હતો. મોટી બહેનના ઠપકાંથી માઠું લાગતા સગીરે ઝેરી પાવડર ફાકી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. હાલ તો પડધરી પોલીસે નોંધ કરીને આગળની તપાસ હાથ ધરી છે. ■

# ભુજના રણજીત વિલાસ પેલેસની જમીનમાં કોમર્શિયલ બાંધકામઃ રુક જાવનો આદેશ



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરના માંડવી રોડ પર આવેલા ૧૮મી સદીમાં નિર્માણ પામેલા રણજીત વિલાસ પેલેસને અડકીને આવેલી કરોડોના મૂલ્યની જમીન પર ચાલી રહેલા બાંધકામને નાયબ કલેક્ટર દ્વારા હાલ તુરંત બંધ કરાવી તપાસના આદેશ કરવામાં આવતાં બિલ્ડર લોબીમાં ચકચાર પ્રસરી છે.

કોલેજ રોડ પર સર્વે નંબર ૧૨૩ અને ૧૨૪ રાજાશાહી જમાનાના નિયમ મુજબ હદ માપણી નક્કી કરી શેઢા બાઉન્ડ્રી નકકી કરવામાં આવે તે સહિતની તપાસ કરવા સિટી સર્વે સુપ્રિન્ટેડેન્ટને લેખિતમાં હુકમ કર્યો છે. એટલું જ નહીં, આ જગ્યાએ બાંધકામ અટકાવી દેવા પણ સિટી સર્વે કચેરીને હુકમ કરાયો છે.

દોઢ દાયકા પૂર્વે વેચાણ થયા બાદ થોડા મહિના પૂર્વે બિલ્ડરો દ્વારા બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે જેમાં રાજ પરિવાર હસ્તકતના રણજીત વિલાસ પેલેસની જમીનમાં પણ પેશકદમી કરી, બિલ્ડરો દ્વારા કોમર્શીયલ બાંધકામ કરી રજવાડાની જમીન પચાવી પાડવામાં આવી રહી હોવાની અરજીના પગલે આ નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

ભુજ શહેરના રે.સ.નં.૧૨૩ની કુલ જમીન એકર ૧૯.૦૫ ગુંઠામાંથી અલગ અલગ વેચાણ દસ્તાવેજોથી કુલ અંદાજીત એ.૮-૦૦ ગુંઠા જમીન હાલ સુધી વેચાઈ છે. બાકી રહેતી જમીન કે જે રાષ્ટ્રીય વારસાના સ્મારક સમાન રણજીત વિલાસ પેલેસ(મહેલ) તરીકે સુપ્રસિદ્ધ છે તેની છે. આ જમીનની આજુબાજુ પણ ગેરકાયદે ખોદકામ તથા બાંધકામ ચાલુમાં હોવાથી અરજદાર કુંવર ઈન્દ્રજીતસિંહ જુવાનસિંહ જાડેજાએ મહારાણી પ્રિતીદેવી ઓફ કચ્છ વતી કલેકટર સમક્ષ અરજી કરી હતી જેના પગલે નાયબ કલેક્ટર ભુજ એ.બી.જાદવ દ્વારા આ પ્રકરણમાં કેટલીક બાબતો તપાસવા આદેશ કર્યા છે.

આ અંગે કુંવર ઈન્દ્રજીતસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ભુજની આ જગ્યાએ હાલ પ્રતિ ચોરસ મીટર જમીનમાં ભાવ એકથી દોઢ લાખ છે, પરંતુ દોઢ વર્ષ પૂર્વે થયેલા જમીન વેચાણ બાદ બિલ્ડરે રણજીત વિલાસ પેલેસની ૫ હજાર ચો.મી. જમીન પચાવી પાડી તેના પર બાંધકામ કરવાનું શરૂ કરી દીધું છે.

૭૨ હજાર ચો.મી. જમીનનું વેચાણ થયું છે, પરંતુ કબ્જો ૭૭ હજાર ચો.મી. ઉપર મેળવી લીધો છે. એટલું જ નહિં, નાયબ કલેક્ટરને સતા જ નથી, હુકમ જ ખોટો છે. બિલ્ડર દ્વારા દસ્તાવેજ છુપાવવાના કેમ પ્રયાસો થયા છે. બિલ્ડરને પંચનામા માટે સિટી સર્વે કચેરી દ્વારા બોલાવાયો હતો જે ગેરહાજર રહ્યો હતો.

જામનગરના રાજવી જામ રણજીત પરથી નામ પડ્યું છે એ રણજીત વિલાસ પેલેસ પાસેની જમીનને ભુજ- મુંબઈના વચેટીયા જમીન દલાલો મારફતે કોમર્શીયલ હેતુ માટે પધરાવી દેવામાં આવી હોવાનું અને બિન ખેતીના નિયમોને કોરાણે મુકી ૧૦૦ કરોડથી વધુની રકમનું સરકારી પ્રિમિયમ ચાઉં કરી દેવામાં આવ્યું છે. દસ્તાવેજ આઠથી દસ લાખના બનાવી અને ૨૦ કરોડ જેટલી રકમ સ્ટેમ્પ ડયૂટીની ચાઉં કરવામાં આવી છે તેવા ગંભીર આક્ષેપો અરજદાર દ્વારા કરવામાં આવ્યા છે.

મુંબઈના અમુક બિલ્ડર્સ દ્વારા મોટાપાયે કોમર્શિયલ બાંધકામ નિયમ વિરુદ્ધ કરવામાં આવી રહ્યું છે. ઐતિહાસિક સ્મારકની આસપાસ થઇ રહેલાં બાંધકામ સામે ગંભીર સવાલો ઉઠાવાયા હોવાનું જાડેજાએ ઉમેર્યું હતું. ■

# પોરબંદરમાં ભાજપના ભ્રષ્ટાચારે માઝા મૂકી છેઃ આઈટી સેલના કન્વિનર કૉંગ્રેસમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદરની નગરપાલિકામાં ભાજપના ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. ભાજપના ભ્રષ્ટાચાર, પેપર ફુટવા, પુલ તુટવા, મોંઘવારી અને કથળતીકાયદો વ્યવસ્થાનો ભોગ ગુજરાતનો નાગરિક બની રહ્યો છે. મોંઘું શિક્ષણ, મોંઘી આરોગ્ય વ્યવસ્થાને લીધે સામાન્ય-મધ્યમવર્ગ હાલાકી ભોગવી રહ્યો છે એવા આક્ષેપો સાથે પોરબંદરના ભાજપની આઇટી સેલના કન્વિનર ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાયાં છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ દ્વારા ચાલી રહેલા કોંગ્રેસ જોડો અભિયાનને પગલે રાજીવ ગાંધી ભવન ખાતે ભાજપ આઇટી સેલના પોરબંદર જિલ્લા કન્વિનર રાજવીર બાપોદરા, આમ આદમી પાર્ટી પ્રદેશ સમિતિના મંત્રી અને સાઉથ ઝોનનાં પ્રભારીશ્રી જયેશભાઈ સંગાડા, આમ આદમી પાર્ટીના કિસાન સેલનાં ઉપાધ્યક્ષ રમશુંભાઈ હઠીલા, પ્રદેશ મંત્રીશ્રી શૈલેષભાઈ હઠીલા વિધિવત રીતે ખેસ પહેરીને પક્ષમાં જોડાયા હતા.

ભાજપ આઇટી સેલના પોરબંદર જિલ્લા કન્વીનરશ્રી રાજવીર બાપોદરાએ કોંગ્રેસ પક્ષમાં જોડાયા બાદ જણાવ્યું હતું કે, પોરબંદર વિસ્તારમાં પ્રજા લાંબા સમયથી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. પોરબંદર નગરપાલિકામાં ભ્રષ્ટાચારએ માજા મૂકી છે. બીજીબાજુ ભાજપ જુદા જુદા નામે સભ્ય નોંધણીનું નાટક કરી રહી છે ત્યારે પ્રજાની છેતરપીંડીનાં નાટક ભાજપ બંધ કરે. કોંગ્રેસ પક્ષમાં જોડાતા આનંદ અનુભવું છું. ■

# અંજારના મેઘપર (બોરીચી) પાસે વીજ ટ્રાંસફોર્મરનો કરંટ લાગતાં યુવાનનું મોત

ભુજઃ તાલુકાના ધાણેટી ગામના ૨૦ વર્ષના યુવાનનો અંજારના મેઘપર બોરીચી નજીક મૃતદેહ મળી આવતાં આ વિસ્તારમાં ચકચાર પ્રસરી ગઈ છે. અંજાર પોલીસના પી.એસ. આઇ.બી. એસ. ચૌહાણના જણાવ્યા અનુસાર, સવારના સમયે મેઘપર-બોરીચી ખાતે આવેલી જીનસ કંપની પાછળ લાકડાના બેન્સો નજીક કાચાં રસ્તા પર એક મૃતદેહ પડ્યો હોવાની માહિતી તેમને મળી હતી. બનાવસ્થળે જઈને તપાસ કરતાં હતભાગીની ઓળખ નવીન સાજણ રબારી તરીકે થવા પામી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, નવીન અપરિણીત હતો અને ટ્રક ડ્રાઈવિંગનું કામ કરતો હતો. પિતરાઈ ભાઈને જામનગર જવું હોઈ વાહન પકડવા માટે ગત રાત્રે ૧૧ વાગ્યે તે મોટર સાઇકલ લઈને પિતરાઈને નજીકના બસ સ્ટેન્ડ કે ચોકડી પાસે ઉતારવા ગયો હતો. ત્યારબાદ આજે સવારે અચાનક તેનો મૃતદેહ મેઘપર બોરીચી પાસે વીજ થાંભલા પાસેથી મળી આવ્યો હતો.પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં યુવકનું મૃત્યુ વીજ કરંટથી થયું હોવાનું ખૂલ્યું છે. આ ઘટના હત્યાની નહીં પણ આકસ્મિક મૃત્યુની હોવાનું પોલીસે જણાવ્યું છે.

નવીન અહીં અવારનવાર એક મિત્રને મળવા આવતો હતો. પોતાની મોટર સાયકલને તે નજીક આવેલા પેટ્રોલ પંપ પર મૂકતો હતો. ■

# જામનગરમાં બે શખસોએ પેટ્રોલ છાંટી મહિલાનું ઘર સળગાવ્યુ

## ૧.૪૫ લાખ રોકડા બળીને ખાખ

અમદાવાદઃ જામનગરના મચ્છર નગર વિસ્તારમાં મહિલાના પુત્રની પૈસાની જૂની લેતીનું મનદુઃખ રાખીને બે શખ્સોએ પેટ્રોલ છાંટી ઘરને સળગાવી દીધું હતું. તેમાં પલંગના ઓશિકા નીચે રાખેલી ૧,૪૫,૦૦૦ની રોકડ રકમ પણ બળીને ખાખ થઈ ગઈ છે. જે મામલે બંને શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.બનાવની વિગત એવી છે કે, મચ્છરનગર હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતી જોશનાબેને પાનસુરીયા નામની ૫૦ વર્ષની મહિલાએ પોતાના ઘરમાં ઘૂસી જઈ પેટ્રોલ છાંટી ઘરવખરી સળગાવી નાખવા અંગે તેમ જ તેની સાથે ૧,૪૫,૦૦૦ની રોકડ રકમ સળગાવી નાખવા અંગે ગાંધીનગર વિસ્તારમાં રહેતા મિતરાજસિંહ વિક્રમસિંહ વાળા અને યશપાલસિંહ વાળા નામના બે શખસો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર ફરીયાદ જોસનાબેનના પુત્ર કિશન કે જેને આરોપી સાથે પૈસાની લેતી દેતી ના મામલે મનદુઃખ ચાલતું હતું. જે મનદુઃખ ના કારણે ગઈકાલે બને પ્લાસ્ટિકની બોટલમાં પેટ્રોલ અને તારા પુત્ર પાસે પૈસા લેવાના છે તેમ કહી મહિલા સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ મહિલા દ્વારા ઘરમાં પડેલા પલંગના ઓશિકા નીચે ૧,૪૫,૦૦૦ હજારની રોકડ રકમ હતી, ઉપરાંત ઘરમાં પડેલી વરવખરી જે તમામ ઉપર બંને આરોપીઓએ પ્રવાહી છાંટી દીધું હતું, અને દિવાસળી ચાંપી દઈ ભાગી છૂટયા હતા. જેથી ઘરમાં આગ લાગી ગઈ હતી અને તમામ રોકડ રકમ અને ઘરવખરી બળીને ખાખ થયા હતા. ■

# ભાવનગરમાં પારકી માથાકૂટમાં વચ્ચે પડનાર યુવાન ઉપર છરીના ઘા ઝીંકાયા

ભાવનગરઃ શહેરના સિંધુનગર ચોકમાં ત્રણ શખ્સ અન્ય શખ્સ સાથે ઝઘડો કરતા હોવાથી વચ્ચે પડેલા યુવાને ઝઘડો કરવાની ના કહેતા ઉશ્કેરાઈ ગયેલા શખ્સે યુવાનને છરીના ઘા ઝીંકી દેતા ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.આ બનાવ અંગે ભરતનગર પોલીસે ગુનો નોંધી તાપસ હાથ ધરી છે.

ભાવનગરના સિંધુનગર ચોક, બાલારામ પાન-મસાલાની દુકાનની પાછળ લગધીરસિંહ ઉર્ફે નાનુ ગંભીરસિંહ ગોહિલ સાથે અમિત ઉર્ફે રાયકા અર્જુનભાઈ રબારી, શિવદીપસિંહ ભરતસિંહ ગોહિલ અને રાજદીપસિંહ ઉર્ફે રાજભા મહિપતસિંહ વાળા માથાકૂટ અને ઝઘડો કરતા હોવાથી પાન મસાલાની દુકાને બેઠેલા ભરતભાઈ ઉર્ફે બંટી ઉર્ફે ફૌજી અને મયુરભાઈ સખિયાણી ત્યાં ગયા હતા અને ભરતભાઈએ માથાકૂટ કરવાની ના કહેતા ઉશ્કેરાઈ ગયેલા અમિત રબારીએ તું મને ઓળખે છો? હું અમિત રબારી ઉપરકોટ, તું કેમ અમારી વચ્ચે બોલે છો તેમ કહી છરી કાઢી છરીના ચાર ઘા ભરતભાઈને ઝીંકી દીધા હતા અને તેની સાથેના બે શખ્સોએ પણ ધોકા વડે માર મારી ઇજા પહોંચાડતા તેમને ગંભીર હાલતે સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ■

# ભાવનગરનો રેલવે કર્મચારી લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

ભાવનગરઃ રેલવે કર્મચારીના ઓ.એસ. રૂ. ૧૫ હજારની લાંચ લેતા અમદાવાદ એસીબીના છટકામાં ઝડપાઈ ગયા હતા.

પ્રાપ્ત થતી માહિતી મુજબ કાળુભાઇ ઘીરૂભાઇ દુબલ,ઓ.એસ (વર્ગ -૩ ), નિર્માણ શાખા,ડી.આર.એમ કચેરી, પશ્ચિમ રેલવે, ભાવનગરને રેલવે કોમ્યુનિટી હોલની સામે, ડી.આર.એમ ઓફીસની બાજુમાં, રેલવે કોલોની, ભાવનગર પરા ખાતેથી એસીબીના સ્ટાફે મળેલી ફરીયાદના આધારે રૂ.૧૫૦૦૦ ની લાંચ લેતા આ ઝડપી લીધો હતો. ફરીયાદી રેલવેનાં ઇલેકટ્રિક કોન્ટ્રાકટર અને રેલવે તરફથી આપવામાં આવતી એન.ઓ.સી મેળવી આપવાની કનસલ્ટનસીનું કામ કરે છે. તેઓએ ગામ- લીમડી જી. સુરેન્દ્રનગરની રેલવેની હદ નજીકની જમીનમાં બાંધકામ કરવા માટે એન.ઓ.સી મેળવવા તા.૨૦/૫/૨૨ નાં રોજ અરજી કરી હતી, અને આશરે ચાર મહીના અગાઉ તે એન.ઓ.સી ભાવનગર ડી.આર.એમ ઓફીસે આવી ગઇ હોવાનું જાણવા મળતા ફરીયાદી એન.ઓ.સી લેવા માટે ગયા હતા, પરંતુ ત્યાં એન.ઓ.સી ઇશ્યુ કરવાનું કામ કરતા આરોપી તેમની પાસે લાંચની માંગણી કરતા હતા, અને ધક્કા ખવડાવતા હતા પરંતુ ફરીયાદી પાસે પૈસા ની વ્યવસ્થા ના હોઇ આગામી ૧૫ દિવસમાં પૈસા આપી દેવાનુ જણાવી એન.ઓ.સી આપી હતી. બાદમાં આરોપી ફરીયાદી પાસે અવાર-નવાર લાંચનાં નાણાંની માંગણી કરતા હોઇ ફરીયાદી લાંચનાં નાણા ના આપે તો ફરીયાદીનાં અન્ય એન.ઓ.સીનાં કામો અટકાવી દેવાની ધમકી આપતા હોઇ ફરીયાદી લાંચનાં નાણાં આપવા ના છુટકે સંમત થયા હતા. ■